અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૬ નવેમ્બર ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ ૧
વર્ષ : ૧૬
અંક : ૧૩૫
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## પોરબંદર નજીક દરિયામાંથી ૭૦૦ કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપી લેવાયો

### ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ અને દિલ્હી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા સંયુક્ત ઓપરેશન : ગુજરાતનો દરિયાકાંઠો ડ્રગ્સ માફિયાઓ માટે સ્વર્ગ બન્યો

। (એજન્સી) પોરબંદર, તા.૧૫ ।

ગુજરાતનો દરિયાકાંઠો જાણે નશીલા પદાર્થોની હેરાફેરી માટે હબ બની ગયો છે. ત્યારે ફરી એક વખત પોરબંદરના દરિયામાંથી મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. ગુજરાત ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) દ્વારા સંયુક્ત ઓપરેશન દરમિયાન ૭૦૦ કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. મળતી માહિતી અનુસાર, પોરબંદરના દરિયામાં બોટમાં ડ્રગ્સ આવતું હોવાની બાતમી દિલ્હી NCBની ટીમને મળી હતી. ગુજરાત ATSની ટીમ અને NCBની ટીમે મોડી રાત્રે દરિયામાં ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન એક બોટમાંથી ૭૦૦ કિલો ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે. આ સાથે આઠ જેટલા ઈરાની શખસોની ધરપકડ કરવામાં આવી છે.

ગુજરાતનો દરિયાકાંઠો ડ્રગ્સ માફિયાઓ માટે સ્વર્ગ સમાન બની રહ્યો છે. સાથે સાથે યુવાધન ડ્રગ્સના દૂષણમાં બરબાદ થઈ રહ્યુ છે ત્યારે ગૃહવિભાગે દાવો કર્યો છે કે, પાડોશી દેશો ગુજરાતમાં માદક પદાર્થો ઘૂસાડવાના ઈરાદા ધરાવે છે, પણ ગુજરાત પોલીસની સતર્કતાને લીધે બધુ નાકામ થયુ છે. છેલ્લાં એક જ વર્ષમાં ગુજરાતમાં રૂ.૫૬૪૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયુ છે અને ૪૩૧ ડ્રગ્સ માફિયાઓને જેલના સળિયા પાછળ ધકેલાયાં છે. આખા દેશમાં ગુજરાતનો દરિયા કિનારો જ એવો છે કે જ્યાંથી સાત વર્ષમાં ૪૦ હજાર કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું છે. એટલે કે પ્રતિદિન સરેરાશ ૧૫ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ગુજરાતમાંથી પકડાય છે. નશાખોરીના ગુજરાત મોડલને છતાં શાંત અને સુરક્ષિત માનવામાં આવે છે.

### આઠ ઈરાની શખસોની ધરપકડ કરવામાં આવી



લોકોના મનમાં સૌથી મોટો સવાલ એ છે કે દરરોજ ૧૫ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાય છે તેની પોલીસને ખબર છે પણ ડ્રગ્સ ક્યાંથી આવે છે, કોના માટે આવે છે, કોણ મોકલે છે અને ક્યાં જાય છે તેની ખબર નથી. ડ્રગ્સની બદીને નાથવા માટે પૂરતો પોલીસ ફોર્સ પણ નથી. કેન્દ્ર સરકારના અહેવાલ અનુસાર દેશના પ્રતિ લાખ જનસંખ્યા પ્રમાણે ૧૯૬ પોલીસ જવાન હોવા જોઈએ. અત્યારે ગુજરાતમાં પ્રતિ લાખ માત્ર ૧૧૭ પોલીસ જવાન છે જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ ઓછી સંખ્યા છે. ગુજરાતમાં ડ્રગ્સની બદીને નાથવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે. મોંઘવારી, બેરોજગારી ઉપરાંત અન્ય કારણોસર સગીર વયના બાળકો, મહિલાઓને ડ્રગ્સની તસ્કરી માટે ડ્રગ્સ માફિયાઓ ઉપયોગ કરી રહ્યા છે. રાષ્ટ્રીય સર્વે અનુસાર ગુજરાતમાં વર્ષ ૨૦૧૮ના આંકડા પ્રમાણે રાજ્યના ૧૭ લાખ ૩૫૦૦૦ પુરુષો ડ્રગ્સના બંધાણી જયારે ૧ લાખ ૮૫ મહિલાઓ ડ્રગ્સની બંધાણી છે. આ જ દર્શાવે છે કે, ગુજરાતમાં ડ્રગ્સનો કારોબાર ફૂલ્યોફાલ્યો છે.

## મહારાષ્ટ્રના હિંગોલી ખાતે અમિત શાહની બેગની તપાસ

### ચૂંટણી પંચના અધિકારીઓએ શાહની બેગ તપાસી હતી

। (એજન્સી) હિંગોલી, તા. ૧૫ ।

મહારાષ્ટ્રના હિંગોલીમાં ગૃહમંત્રી અમિત શાહની બેગની તપાસ કરવામાં આવી હતી. ચૂંટણી પંચના અધિકારીઓએ શાહની બેગ તપાસી હતી. ઉદ્ધવ ઠાકરેની બેગની તપાસને લઈને ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે આ ઘટના બની છે. સોમવારે યવતમાલ જિલ્લામાં અને મંગળવારે લાતુરમાં ઉદ્ધવ ઠાકરેની બેગની બે વાર તપાસ કરવામાં આવી હતી.

અમિત શાહે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર બેગ ચેકિંગને લઈને આ માહિતી આપી છે શાહે લખ્યું છે કે, આજે મહારાષ્ટ્રની હિંગોલી વિધાનસભામાં ચૂંટણી પ્રચાર દરમિયાન ચૂંટણી પંચના અધિકારીઓ દ્વારા મારા હેલિકોપ્ટરની તપાસ કરવામાં આવી હતી. ભાજપ નિષ્પક્ષ ચૂંટણી અને તંદુરસ્ત ચૂંટણી વ્યવસ્થામાં વિશ્વાસ રાખે છે અને માનનીય ચૂંટણી પંચ દ્વારા બનાવેલા તમામ નિયમોનું પાલન કરે છે. આપણે બધાએ તંદુરસ્ત ચૂંટણી પ્રણાલીમાં યોગદાન આપવું જોઈએ અને ભારતને વિશ્વની સૌથી મજબૂત લોકશાહી બનાવી રાખવા માટે આપણી ફરજો નિભાવવી જોઈએ.

આના એક દિવસ પહેલા BJPના મહારાષ્ટ્ર યુનિટે બુધવારે X પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં સુરક્ષા કર્મચારીઓ ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસની 'બેગ' તપાસતા જોવા મળે છે. ભાજપે કહ્યું કે માત્ર દેખાડો કરવા માટે બંધારણનો આશરો લેવો પૂરતો નથી અને દરેકે



બંધારણીય પ્રણાલીનું પણ પાલન કરવું જોઈએ. ભાજપે પોસ્ટમાં કહ્યું હતું કે કેટલાક નેતાઓને 'ડ્રામા' કરવાની આદત છે. આ પોસ્ટને ભૂતપૂર્વ સીએમ ઉદ્ધવ ઠાકરેની આગેવાનીવાળી પાર્ટી શિવસેના (UBT) દ્વારા છેલ્લા બે દિવસમાં ઓનલાઈન વીડિયો શેર કર્યા બાદ શેર કરવામાં આવી હતી.

ઉદ્ધવ ઠાકરેએ દાવો કર્યો હતો કે ૨૦ નવેમ્બરે યોજાનારી રાજ્ય વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે લાતુર અને યવતમાલ જિલ્લામાં પહોંચ્યા બાદ ચૂંટણી અધિકારીઓએ તેમની બેગ તપાસી હતી.

ઠાકરેએ એમ પણ પૂછ્યું હતું કે શું આ જ નિયમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સત્તાધારી ગઠબંધનના અન્ય વરિષ્ઠ નેતાઓને તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન લાગુ કરવામાં આવશે.

### ન્યૂઝ બ્રિફ

### ઝારખંડના ગોડ્ડામાં ફસાયા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી



। (એજન્સી) રાંચી, તા.૧૫ ।

ઝારખંડમાં ૨૦મી નવેમ્બરે યોજાનાર મતદાન માટે ચૂંટણી પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ભાજપ-કોંગ્રેસ સહિત તમામ પક્ષોના મોટા નેતાઓ પોતપોતાના પક્ષના ઉમેદવારોની તરફેણમાં મત માંગી રહ્યા છે. આ શ્રેણીમાં, કોંગ્રેસના સાંસદો અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી આજે શુક્રવારે INDI ગઠબંધનના ઉમેદવારોના પ્રચાર માટે ગોડ્ડા પહોંચ્યા હતા. પરંતુ હવે રાહુલ ગાંધી લગભગ અડધા કલાકથી ગોડ્ડામાં અટવાયેલા છે. હેલિકોપ્ટરને છ્ઝ તરફથી મંજૂરી મળી નથી. જેના કારણે હેલિકોપ્ટરને ઉડવાની મંજૂરી નથી. મળતી માહિતી મુજબ, ATCની મંજૂરી ન મળવાને કારણે વિપક્ષના નેતા રાહુલ ગાંધીના હેલિકોપ્ટરને મહાગામાથી ટેકઓફ કરતા અટકાવવામાં આવ્યું હતું.

## આ અમારો દેશ છે, તમે પાછા જતા રહો: ખાલિસ્તાનીઓ

### એક ન્યૂઝ ચેનલને ટાંકીને ભારતીય સૂત્રોએ કહ્યું છે કે ખાલિસ્તાનીઓ સ્થાનિક કેનેડિયનોને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે

। (એજન્સી) સરે, તા.૧૫ ।

ભારત અને કેનેડાના સંબંધોમાં ઝેર ઓક્યા બાદ હવે ખાલિસ્તાનીઓએ કેનેડાના લોકોને નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. કેનેડાના રસ્તાઓ પર 'નગર કીર્તન'નો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

વીડિયોમાં, ખાલિસ્તાન સમર્થકો તમામ હદ વટાવતાં જોવા મળે છે. તેઓ કેનેડાના લોકોને આક્રમણકારો કહી રહ્યા છે અને તેમને ઈંગ્લેન્ડ અને યુરોપ પાછા જવા માટે કહે છે. તેમણે કાઢેલી કૂચ દરમિયાન એક વ્યક્તિને કહેતા સાંભળી શકાય છે કે આ કેનેડા છે. આ અમારો દેશ છે. તમે પાછા જતા રહો. ભારતીય સૂત્રોએ આ ઘટનાને કેનેડામાં અત્યારના દિવસોમાં બની રહેલી સામાન્ય ઘટના ગણાવી છે. તેમણે જણાવ્યું છે




કે ખાલિસ્તાનીઓ ધીમે ધીમે દેશની તમામ ચીજો પર કબજો જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.એક સ્થાનિક નાગરિકે આ અંગે પોતાની પ્રતિક્રિયા આપતાં લખ્યું છે કે ખાલિસ્તાનીઓ સરેમાં કૂચ કરી રહ્યા છે અને દાવો કરે છે કે અમે જ કેનેડાના માલિક છીએ અને ગોરા લોકોએ યુરોપ અને ઈઝરાયેલ પાછા જતા રહેવું જોઈએ. કેનેડિયન લોકો તેના પર નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. અન્ય યુઝરે કહ્યું છે કે હવે તેમને રોકવું અશક્ય છે, સરે વેસ્ટ ખાલિસ્તાન બનશે અને ટૂંક સમયમાં ગુરપતવંત પન્નુ પશ્ચિમ ખાલિસ્તાનનો પીએમ બનશે.એક ન્યૂઝ ચેનલને ટાંકીને ભારતીય સૂત્રોએ કહ્યું છે કે ખાલિસ્તાનીઓ સ્થાનિક કેનેડિયનોને પણ નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. સુરક્ષા માટે હિંદુઓ પાસેથી પૈસાની માંગ કરવામાં આવી રહી છે અને હવે સ્થાનિક લોકો માટે ખતરો બની ગયા છે. કેનેડાના મંદિરોમાં હિંદુઓ પર હિંસક હુમલાની ઘટનાઓમાં તાજેતરના વધારા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક નિવેદન જારી કરીને ઈરાદાપૂર્વકના હુમલાની નિંદા કરી છે.ભારતે કેનેડામાં રહીને આતંકી પ્રવૃત્તિ આચરતો અર્શ ડલ્લાના પ્રત્યાર્પણની માગણી કરી છે. તે હત્યા, હત્યાનો પ્રયાસ, ખંડણી અને ત્રાસવાદી ફાઈનાન્સિંગ સહિતના આતંકવાદી કૃત્યોના ૫૦થી વધુ કેસોમાં ઘોષિત ગુનેગાર છે.

### જીવ ગુમાવનાર કોલેજના છ વિદ્યાર્થીઓ નશામાં હતા

। દહેરાદૂન, તા.૧૫ ।

ઉત્તરાખંડના દહેરાદૂનમાં ૧૨ નવેમ્બર મંગળવારે સર્જાયેલા ભીષણ અકસ્માતમાં મોટો ખુલાસો થયો છે. જેમાં જીવ ગુમાવનાર કોલેજના છ વિદ્યાર્થીઓ નશામાં હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત પહેલાં તેઓએ દારૂ પાર્ટી કરી હોવાનો વીડિયો વાયરલ થયો છે. પોલીસે પણ સીસીટીવી ફુટેજ પરથી નોંધ્યું છે કે, આ મૃતકોની ઈનોવા કાર અત્યંત સ્પીડમાં હતી. દહેરાદૂનમાં ૧૨ નવેમ્બરે વહેલી સવારે ઓએનસીજી ચોક ખાતે કોલેજના સાત વિદ્યાર્થીઓની કાર ઈનોવા ટ્રકમાં ઘૂસી ગઈ હતી.

### દેવઘર એરપોર્ટ પર રોકાવું પડ્યું

## ચૂંટણી પ્રચાર કરવા ગયેલા મોદીના વિમાનમાં આવી ટેક્નિકલ ખામી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

વિધાનસભા ચૂંટણીને લઈને દેશના મોટા નેતાઓના જોરદાર પ્રવાસ જોવા મળી રહ્યા છે. આ કડીમાં પીએમ મોદીના વિમાનમાં દેવઘર એરપોર્ટ પર ટેક્નિકલ ખામી જોવા મળી. જેના કારણે વિમાનને અસ્થાયી રીતે રોકવું પડ્યું. એવું કહેવાયું કે આ ટેક્નિકલ ખામીના કારણે પીએમ મોદીની દિલ્હી વાપસીમાં વિલંબ થયો છે. મળતી માહિતી મુજબ વિમાનની નિયમિત ઉડાણ દરમિયાન એક ટેક્નિકલ ખામીની જાણકારી મળી. જેના કારણે વિમાનને તરત દેવઘર એરપોર્ટ પર ઉતારવામાં આવ્યું. વિશેષજ્ઞ ટીમ દ્વારા વિમાનની તપાસ થઈ રહી છે. જેથી કરીને સમસ્યાને જલદી ઉકેલી શકાય. પીએમ મોદીનો આ પ્રવાસ પહેલેથી જ વ્યસ્ત કાર્યક્રમનો ભાગ હતો અને તેના અનપેક્ષિત વિલંબથી તેમની આગળની યોજનાઓમાં પણ ફેરફાર થાય તેવી શક્યતા છે. આ અગાઉ પીએમ મોદી જમુઈમાં હતા. એવું કહેવાય છે કે બિહારના જમુઈથી જ તેઓ દેવઘર પહોંચ્યા હતા. પીએમ મોદી જનજાતીય ગૌરવ દિવસ મનાવવા માટે જમુઈ પહોંચ્યા હતા. ત્યાં પણ તેમની રેલી હતી અને ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી અવસરે આયોજિત જનજાતીય ગૌરવ દિવસ સમારોહમાં ભાગ લીધો.

## ચૂંટણી બાદ જ ખબર પડશે કે કોણ કોની સાથે છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

મહારાષ્ટ્રમાં પહેલા ચાર રાજકીય પક્ષ હતા, પરંતુ શિવસેના અને NCP વચ્ચેના ભાગલાને કારણે હવે છ પક્ષો ચૂંટણી મેદાનમાં છે. આ દરમિયાન એવો સવાલ પણ ઊઠી રહ્યો છે કે શું ચૂંટણી પછી પણ આ જ ચિત્ર રહેશે કે પછી અમુક પક્ષો પણ પક્ષ બદલી શકે છે? ત્યારે NCP (અજિત પવાર જૂથ)એ પણ કહ્યું છે કે વાસ્તવિક ચિત્ર ચૂંટણી પછી જ સામે આવશે. દરમિયાન ડેપ્યુટી સીએમ અને ભાજપ નેતા દેવેન્દ્ર ફડણવીસે પણ સ્વીકાર્યું છે કે ચૂંટણી પછી કંઈ પણ થઈ શકે છે. તેમણે ગુરુવારે કહ્યું હતું કે, વિધાનસભા ચૂંટણી વિચિત્ર છે અને ૨૩મી નવેમ્બરે પરિણામ જાહેર થયા બાદ જ સ્પષ્ટ થશે કે કયું જૂથ કોને સમર્થન આપી રહ્યું છે.' ડેપ્યુટી સીએમ અને ભાજપ નેતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, 'મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેના, અજિત પવારની આગેવાનીવાળી NCP અને BJPની 'મહાયુતિ' ગઠબંધન કોંગ્રેસ, ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (ઉદ્ધવ જૂથ) અને શરદ પવારની આગેવાની હેઠળની NCP પર ભારે પડી રહી છે. પરિણામ પછી જ ખબર પડશે કે કોણ કોની સાથે છે.'

## કેનેડામાં પંજાબી ગાયકોના વિસ્તારમાં ૧૦૦ રાઉન્ડ ફાયરિંગ

। (એજન્સી) ટોરેન્ટો, તા.૧૫ ।

કેનેડાની રાજધાની ટોરોન્ટોમાં તાબડતોડ ફાયરિંગ થયું. ઘટના ટોરોન્ટોના પશ્ચિમી વિસ્તારની છે. એક રેકોર્ડિંગ સ્ટુડિયોની બહાર લગભગ ૧૦૦ રાઉન્ડ ફાયરિંગ થયું છે. ઘટના બાદ પોલીસે ૨૩ લોકોની ધરપકડ કરી લીધી. રાહતની વાત એ રહી કે હિંસક ફાયરિંગમાં કોઈ પણ વ્યક્તિ ઈજાગ્રસ્ત થઈ નથી. ખાસ વાત છે કે જે વિસ્તારમાં ફાયરિંગ થયું છે. ત્યાં ઘણા પંજાબી સિંગરોના ઘર છે. ત્યાં ઘણા સ્ટુડિયો પણ બનેલા છે. ઉપ પ્રમુખ લૉરેન પોગે જણાવ્યું કે ત્રણ લોકો ઘટના સ્થળે એક ચોરીની ગાડીમાં આવ્યા હતા. ચોરીની ગાડી સીધી રેકોર્ડિંગ સ્ટુડિયોની બહાર રોકાઈ, ત્રણેય લોકો કારથી બહાર નીકળ્યા અને સ્ટુડિયોની બહાર તાબડતોડ ફાયરિંગ કરવા લાગ્યા. ફાયરિંગ દરમિયાન એક પોલીસ વાહન પર પણ ગોળીઓ વાગી છે. ફાયરિંગ દરમિયાન તે ભાગવા લાગ્યા. પોલીસે પણ તેમનો પીછો કર્યો અને તેમની ગાડીને ઘેરી લીધી. તે બાદ તે ત્રણેય ભાગવા લાગ્યા, જેથી પોલીસે તેમને પકડી લીધા. ધરપકડ બાદ પોલીસે વિસ્તારની તપાસ કરી અને ઘણા હથિયાર જપ્ત કરવામાં આવ્યા. હુમલાખોરોએ છત અને કચરાપેટીમાં હથિયાર સંતાડ્યા હતા. જેમને પોલીસે જપ્ત કરી લીધા.



**ન્યૂઝ બ્રિફ**

## ટ્રાન્સપોર્ટ પેઢીમાંથી કર્મચારી દ્વારા જ રૂા.૮.૪૦ લાખ રોકડની ચોરી

। (એજન્સી) રાજકોટ, તા.૧૫ ।

સીસીટીવીના આધારે આરોપીનો ભાંડો ફૂટયો, પગાર ઓછો પડતો હોવાથી અને પૈસાની જરૂર હોવાથી ચોરી કરી હતી માધાપર ચોકડી પાસે વોરા સોસાયટી સામે આવેલા પેટ્રોલ પમ્પ નજીક ટ્રાન્સપોર્ટરની ઓફિસમાંથી રૂા.૮.૩૯ લાખની ચોરી થઈ હતી. જોકે ગાંધીગ્રામ પોલીસે ગણતરીના સમયમાં ભેદ ઉકેલી ઓફિસમાં જ કામ કરતાં કમલેશ ઓમપ્રકાશ પ્રજાપતિ (રહે. નવી કોર્ટ બિલ્ડીંગ સામે)ને ઝડપી લીધો હતો. માધાપર ચોકડી પાસે શેઠનગરની બાજુમાં વર્ધમાન કોમ્પ લેક્ષમાં રહેતાં પ્રકાશ ચંદુભાઈ જોગીયા (ઉ.વ.૩૮)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તે જય મુરલીધર નામની ટ્રાન્સપોર્ટ પેઢીમાં છેલ્લા છ વર્ષથી મેનેજર તરીકે નોકરી કરે છે. તેની પેઢીમાં એમેઝોનના તમામ પાર્સલ આવે છે. જેની ડિલીવરીનું કામ કરવામાં આવે છે. ગઈકાલે રાત્રે ૮ વાગ્યે તે ઓફિસેથી ઘરે જવા રવાના થયો હતો. રાત્રે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ ઓફિસમાં કામ કરતાં સુપરવાઈઝર દિપભાઈએ મેઈન શટરને એક બાજુ લોક કરી તેનો ફોટો વોટસએપ ગ્રુપમાં શેર કર્યો હતો.

## ડ્રાઈવરને ઝોકું આવતા સુરત હાઇવે ઉપર અકસ્માત

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

અંકલેશ્વર સ્ટેટ હાઈવે પર હાંસોટ નજીક આજે શુક્રવારે વહેલી સવારે ભાવનગરના પરિવારને એક ગમખ્વાર નડ્યો હતો. જેમાં ૩ લોકોના મોત નિપજ્યા હતા. પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે કે કારચાલકને ઝોકું આવી જતાં અકસ્માત સર્જાયો હતો. જોકે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વર-સુરત સ્ટેટ હાઈવે પર હાંસોટ નજીક ભાવનગરનો પરિવાર સુરત જઈ રહ્યો હતો. તે દરમિયાન કાર ચાલકને ઝોંકુ આવી જતાં કાર ધડકાભેર ઝાડ સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. જ્યારે અન્ય એક વ્યક્તિને ઈજા પહોંચાતાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આમ આ અકસ્માતમાં કુલ ત્રણ લોકોના મોત નિપજ્યા હતા. અકસ્માતની જાણ થતાં પોલીસનો કાફલો દોડી આવ્યો હતો અને અકસ્માતમાં ભોગ બનેલા લોકોને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં મૃતકોની ડેડબોડીનું પોસ્ટમોર્ટમ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં ઘણા પોલીસ કર્મચારીઓ મોંઘીદાટ ગાડીઓની માલિકો બન્યા

### સામાન્ય રીતે પોલીસ કોન્સ્ટેબલના સત્તાવાર પગાર એટલો નથી કે તે આ બધી સુવિધાઓને માણી શકે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

પ્રિયાંશુ જૈનની હત્યા કરનાર વિરેન્દ્રસિંહ પઢેરિયા સામાન્ય પોલીસ કોન્સ્ટેબલ હોવા છતાંય, તેની પાસે ટાટા હેરિયર જેવી લક્ઝરી એસયુવી કાર હતી. સાથેસાથે બોપલ જેવા પોશ વિસ્તારમાં ફ્લેટ પણ હતો. પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલનો હોદો મધ્યમ વર્ગની કેટેગરીમાં આવે છે. તેમ છતાંય, પોલીસ વિભાગમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલથી માંડીને આસીસટન્ટ સબ ઈન્સ્પેક્ટર સુધીના અનેક કર્મચારીઓની જીવન શૈલી મોટા અધિકારીઓની બરાબર હોય છે. જે પોલીસ વિભાગમાં ચાલતા ભ્રષ્ટ્રાચારને કારણે શક્ય બને છે. સામાન્ય વર્ગને આ મોંઘવારીમાં ટુ વ્હીલરના પેટેલના ખર્ચને પહોંચી વળવા માટે પણ આયોજન કરવા પડે છે. ત્યારે પોલીસ વિભાગમાં ફરજ કેટલાંક કોન્ટેબેલથી માંડીને પોલીસ ઈન્સ્પેક્ટર સુધીની ફરજ બજાવતા સ્ટાફની જીવનશૈલી ઉચ્ચ મધ્યમ વર્ગને પણ ટક્કર મારે તેવી હોય છે. અમદાવાદ જ નહી પણ ગુજરાતના મોટાભાગના પોલીસ સ્ટેશનોમાં નોકરી કરતા પોલીસ કર્મચારીઓ પાસે મોંઘી એસયુવી કાર, આઈ ફોન કે અન્ય મોંઘાફોન અને ૧૦ થી ૧૫ હજારની કિંમતના સ્પોર્ટસ શુઝ હોવા સામાન્ય બાબત બની છે.સામાન્ય રીતે પોલીસ કોન્સ્ટેબલના સત્તાવાર પગાર એટલો નથી કે તે આ બધી સુવિધાઓને માણી શકે. પરંતુ, પોલીસ વિભાગમાં ચાલતા ભ્રષ્ટ્રાચારમાં આઈપીએસ અધિકારીઓ કમાતા હોય છે. તેમ પોલીસ સ્ટાફ ફરિયાદી, આરોપીઓ પાસેથી, બુટલેગરો કે અન્ય રીતે તેમના પગાર કરતા અનેક ગણા નાણાં કમાતા હોય છે. જો કે આઈપીએસ અધિકારીઓને તેમના સ્થાન મુજબનું મળતુ હોવાથી તે પોલીસ કર્મચારીઓ પાસે મોંઘી ગાડીઓ કે અન્ય સુવિધાઓને લઈને આંખ આડા કાન કરે છે.

### ૪૮ કરોડની કરચોરી ઝડપાઇ

## રાજ્યભરમાં કોપરની ૧૪ પેઢી ઉપર SGSTના દરોડા

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

રાજ્યભરમાં લાંબા સમય પછી SGST વિભાગની ટીમના દરોડાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં સુરત, રાજકોટ, ભરૂચ, વાપી, જુનાગઢ અને ભાવનગરમાં ચાલતી કોપરની ૧૪ પેઢી ઉપર ત્રાટકેલી ટીમને તપાસ દરમિયાન રૂ.૪૮ કરોડની કરચોરી મળી આવતા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ પ્રકરણમાં સુરતથી એક શખસને ઉઠાવી લેવામાં આવ્યો છે અને તેની પુછપરછ કરવા માટે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, નવા વર્ષની શરૂઆતમાં જ સ્ટેટ જીએસટી વિભાગ ફરી સક્રિય બન્યું છે અને કરચોરો ઉપર વ્યાપક દરોડાનો દૌર શરૂ કર્યો છે. ત્યારે સ્ટેટ જીએસટી વિભાગની અન્વેષણ શાખાને મળેલ માહિતી તથા આનુસાંગીક સંશોધનને આધારે કોપરના ધંધા સાથે સંકળાયેલી સુરત, રાજકોટ, ભરૂચ, વાપી, જુનાગઢ અને ભાવનગર ખાતે આવેલ ૧૪ કોપરની પેઢીઓને ત્યાં ગત તા.૧૧થી સ્થળ તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. તપાસ દરમિયાન ધ્યાને આવેલ કે આવી પેઢીઓ દ્વારા કોપરની બોગસ ખરીદીઓ દર્શાવી મોટે પાયે ખોટી વેરા શાખ ભોગવી કરચોરી કરવામાં આવેલ છે. ખોટી વેરાશાખ ભોગવવી એ જીએસટી કાયદાની કલમ-૧૩૨(૧) (સી) હેઠળ ગુનો બનતો હોઈ વિભાગ દ્વારા ફોર્ચ્યુન કોપર ઈન્ડસ્ટ્રીઝમાં પેઢીના ભાગીદાર સંદીપ અનવર વિરાણીની સ્પષ્ટ સંડોવણી જણાતા સુરત ખાતેથી વધુ ઉંડાણપૂર્વકની તપાસ કરવા સારૂ ધરપકડ કરવામાં આવેલ છે. આ પેઢી દ્વારા પ્રાથમિક દ્રષ્ટિએ કુલ ૧૯.૪૬ કરોડની ખોટી વેરા શાખ ભોગવવામાં આવેલ છે.

### પોલીસ ભરતીને લઈ મોટા સમાચાર

## પોલીસ ભરતીની શારીરિક કસોટીની તારીખમાં ફેરફાર

### પહેલા આ શારિરિક પરીક્ષા ૨૫ નવેમ્બરના રોજ યોજાવાની હતી ત્યારે હવે ડિસેમ્બર માસમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૫ ।

પોલીસ ભરતીની તૈયારી કરનાર ઉમેદવારો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા પોલીસ ભરતીની શારીરિક પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, પહેલાં ૨૫ નવેમ્બરના દિવસે પોલીસ ભરતી માટેની શારીરિક પરીક્ષા યોજાવાની હતી. જોકે, હવે આ પરીક્ષા નવેમ્બરના બદલે ડિસેમ્બરમાં યોજવામાં આવશે. સરકાર દ્વારા પોલીસ ભરતીની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

પહેલા આ શારિરિક પરીક્ષા ૨૫ નવેમ્બરના રોજ યોજાવાની હતી ત્યારે હવે ડિસેમ્બર માસમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. હસમુખ પટેલે ચેરમેન પદેથી રાજીનામું આપતા ભરતી પ્રક્રિયાને અસર થઈ હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. પોલીસ ભરતીની શારીરિક પરીક્ષા ડિસેમ્બરમાં લેવામાં આવતા ઉમેદવારને વધારાનો સમય મળી શકે છે. હાલ આ પરિક્ષાને લઈ ઉમેદવારો છેલ્લા ૬-૪ મહિનાથી પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યા છે. ત્યારે શારિરીક પરીક્ષામાં વાપરવામાં આવતી ચિપ પણ હજુ આવી ન હોવાથી પરીક્ષાનો સમય લંબાયો છે. ૧૦ થી ૧૫ ડિસેમ્બરની વચ્ચે કોન્સ્ટેબલ, PSI અને PI ભરતી માટેની શારીરિક પરીક્ષા લેવામાં આવે તેવી શક્યતા છે. નોંધનીય છે કે, પોલીસ ભરતી માટેની શારીરિક પરીક્ષાના આયોજનને લઈને હજુ સુધી સત્તાવાર રીતે કોઈ નક્કી તારીખ જાહેર કરવામાં આવશે.

**મ્યુનિ.ની અંતિમ નોટિસ**

## ખૂટતા પાર્કિંગની ફી ભરી ગેરકાયદે બાંધકામ નિયમિત કરાવી લો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

શહેરનાં વિવિધ વિસ્તારોમાં મ્યુનિ. એસ્ટેટ ખાતાની અને સ્થાનિક રાજકારણીઓની મીલીભગતથી થયેલાં રહેણાક અને કોમર્શિયલ પ્રકારનાં ગેરકાયદે બાંધકામોને નિયમિત કરાવવા તથા તેમાં ખૂટતા પાર્કિંગ અંગે રાજ્ય સરકારે પ્રસિધ્ધ કરેલાં સુધારાનો લાભ લઈ લેવા મ્યુનિ. એ અંતિમ નોટિસ જારી કરી છે.મ્યુનિ.એસ્ટેટ-ટીડીઓ ખાતાનાં સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, સાત ઝોનનાં જુદા જુદા વોર્ડમાં રહેણાક અને કોમર્શિયલ પ્રકારનાં ગેરકાયદે બાંધકામો થઇ ગયાં છે, તેને નિયમિત કરવા માટે રાજ્ય સરકારે અનધિકૃત વિકાસને નિયમિતતા એક્ટ નં ૦૧-૨૦૨૩થી જાહેર કર્યો છે. જેનો લાભ લેવાની છેલ્લી તારીખ ૧૬મી ડિસેમ્બર નિર્ધારિત કરવામાં આવેલી છે.સૂત્રોએ કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલાં એક્ટ અન્વયે ઈમ્પેક્ટ ફી ભરી ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા માટે સાત ઝોનમાંથી કુલ ૬૬૧૩૫ અરજી આવી હતી. જેમાંથી ૧૭૩૧૯ અરજી મંજૂર થતાં મ્યુનિ.ને ૧૮૨ કરોડ જેટલી જંગી આવક થવા પામી છે. જોકે, તમામ ગેરકાયદે બાંધકામ જુદા જુદા કારણોસર મંજૂર થઈ શકે તેવા હોતા નથી.તેમાંય રાજ્ય સરકારે જારી કરેલાં ઈમ્પેક્ટ ફીનાં કાયદામાં આ વખતે પાર્કિંગની સમસ્યાને ધ્યાને લઇ આકરી જોગવાઇઓ કરી હોવાથી અનેક ગેરકાયદે બાંધકામ મંજૂર થઇ શકે તેમ નહોતા. બીજી બાજુ ઈમ્પેક્ટ ફીનાં કાયદાની મુદત હવે પૂરી થવા આવતી હોઈ આ મામલે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત થતાં રાજ્ય સરકારે ખૂટતા પાર્કિંગ અંગેની જોગવાઇમાં સુધારો કરીને ફી વસૂલ કરવાનું ઠરાવ્યું છે. તે જોતાં મ્યુનિ.માંથી ૩૩૫૨૦ અરજીઓ જે જુદા જુદા કારણોસર નામંજૂર થઇ છે, તેમાંથી પાર્કિંગની જોગવાઇનાં કારણે નામંજૂર થઇ છે તેવા બાંધકામને નિયમિત કરવાની અરજીઓ રિઓપન થઇ શકશે અને મ્યુનિ.ની આવકમાં વધારો થશે.સૂત્રોએ કહ્યું કે, રાજ્ય સરકારે જારી કરેલાં કાયદાની મુદત ૧૬મી ડિસેમ્બરે પૂરી થવા જઇ રહી છે, તેને ધ્યાને લઇ મ્યુનિ.કમિશનરની સૂચનાથી શહેરમાં ગેરકાયદે બાંધકામો થયાં છે તેને નિયમિત કરાવી લેવાની છેલ્લી તક આપવા માટે અંતિમ નોટિસ જારી કરવામાં આવી છે. તેમજ રાજ્ય સરકારે જાહેર કરેલાં નિયમો, ફી અંગેનાં નોટિફિકેશન (પાર્કિંગ સુધારા જોગવાઇ સહિત) તેમજ મ્યુનિ.માં રજિસ્ટર્ડ મંજૂર થયેલાં આર્કિટેક્ટ-એન્જિનિયરની યાદી પણ જાહેર કરવામાં આવી છે.

### મહિલા સહિત 3 સામે ફરિયાદ

## કેનેડા દેશના વર્ક વિઝા અપાવવાના નામે છેતરપિંડી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

શહેરના મકરબા વિસ્તારમાં ઈમિગ્રેશનની ઓફિસ શરૂ કરીને કેનેડામાં સલૂનને લગતી નોકરી માટે વર્ક પરમીટ વિઝા અપાવવાનું કહીને ત્રણ લોકોએ મહિલા સાથે છેતરપિંડી આચરી છે. આરોપીઓએ મહિલાના ચાર લાખ મેળવી લીધા હતા અને સાથે સાથે સિક્યોરિટી પેટે ચાર લાખનો ચેક મેળવી બારોબાર વટાવી લીધો હતો.

બીજી તરફ આરોપીઓએ ૧૦ લાખનો ચેક બાઉન્સ કરાવી ૨૦ લાખનો ચેક સિક્યોરિટી પેટે લઈને છેતરપિંડી આચરી હતી. આ મામલે સરખેજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સાથે જ પોલીસને શંકા છે કે આરોપીઓએ અન્ય શહેરો કે રાજ્યોમાં પણ લોકો સાથે આ પ્રકારે છેતરપિંડી આચરી હોઇ શકે છે. સાઉથ બોપલમાં રહેતા પારૂલબેન રાણા બોપલમાં સલૂન ધરાવે છે. ગત માર્ચ ૨૦૨૩માં સલૂન પર નીતિન પાટીલ અને વિજયાબેન સાવલે આવ્યા હતા. તેમણે કેનેડા વર્ક પરમીટનું મોટું કામ કરતા હોવાની ઓળખ આપી હતી. બાદમાં પારૂલબેન આ આરોપીઓની મકરબા ખાતે આવેલી પેસેફિક રિલોકેશન સર્વિસની ઓફિસ પર મળવા માટે ગયા હતા. જ્યાં નીતિન પાટીલે તેમને ૩૨ લાખ, ૪૫ લાખ અને ૫૩ લાખના કેનેડાના પેકેજની માહિતી આપી હતી. સાથે સાથે ખાતરી આપી હતી કે, પેમેન્ટ સિસ્ટમમાં સગવડ કરી આપશે. પારૂલબેને ૩૨ લાખનું પેકેજ નક્કી કર્યું હતું. જે મુજબ ૨૦ લાખની બેંક ગેંરટી અને બીજા ૧૨ લાખ કેનેડા પહોંચીને આપવાનું નક્કી થયુ હતું. જોકે, પ્રોસેસના નામે તેમની પાસેથી પાંચ લાખનો ખર્ચ કરાવવાની સાથે બે સહી કરેલા ચેક માગ્યા હતા. પારૂલબેને તેમના કેટલાક ડોક્યુમેન્ટ પણ આરોપીઓને આપ્યા હતા. સાથે જ આરોપીઓએ પારૂલબેન પાસેથી ચાર લાખ રોકડા મેળવી લીધા હતા અને તેમની જાણ બહાર ચાર લાખનો ચેક બારોબાર જમા કરાવી દીધો હતો. બીજી બાજુ આરોપીઓએ ૧૦ લાખનો ચેક બાઉન્સ કરાવી ૨૦ લાખનો ચેક સિક્યોરીટી પેટે મેળવી લીધો હતો, પંરતુ, વિઝાની કામગીરી લંબાતા પારૂલબેને બેંક ગેંરટી રદ કરી ત્યારે નીતિને પ્રોસેસ ચાલુ હોવાનું કહેતા પારૂલબેને કેનેડા નહીં જવાનું નક્કી કરીને નાણાં પરત માગ્યા હતા. આરોપીઓએ લાખો રૂપિયા મેળવીને ધમકી આપીને વિઝા ન આપી છેતરપિંડી આચરતા આ મામલે પોલીસને જાણ કરાઈ હતી.

### બોનાફાઇડ પરચેઝરના કિસ્સામાં નિર્ણય

## જમીનની વેલ્યુએશન આધારે પ્રીમિયમ વસુલાતની મંજૂરી કલેક્ટર આપી શકશે

### મિનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સ ચરિતાર્થ કરતો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૫ ।

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જિલ્લા અને રાજ્યકક્ષાએ જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેરની કામગીરીની દરખાસ્તોની મંજૂરીમાં ત્વરિતતા લાવવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

રાજ્યમાં પ્રવર્તમાન નિયમાનુસાર જે જમીનોનું વેલ્યુએશન ૫૦ લાખ રૂપિયાથી વધુ હોય તેવા કિસ્સામાં બોનાફાઈડ પરચેઝરે રાજ્ય કક્ષાએથી ફરજિયાત મંજૂરી લેવી પડે છે. આવા પરચેઝર્સની અરજીની વધુ સંખ્યા તેમજ તેના પરિણામે મંજૂરી પ્રક્રિયામાં વિવિધ તબક્કે અરજીઓની વિચારણામાં વ્યતીત થતો સમય નિવારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સત્તા વિકેન્દ્રીકરણના હેતુસર મહત્વનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સને ચરિતાર્થ કરવા જમીનની વેલ્યુએશનના આધારે પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તા સોંપણીમાં ફેરફાર કરવાનો આ નિર્ણય કર્યો છે. તદઅનુસાર, મહેસુલ વિભાગના તા.૧૭/૦૩/૨૦૧૭ના ઠરાવ મુજબ બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જમીનની વેલ્યુએશનના આધારે પ્રીમિયમ વસુલાતની હાલની સત્તા સોંપણીમાં ફેરફાર કરીને હવે પાંચ કરોડ રૂપિયા સુધીના જમીનના વેલ્યુએશન ઉપર પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તાઓ જિલ્લા કલેકટરને સોંપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ લોકાભિમુખ નિર્ણયને પરિણામે બોનાફાઈડ પરચેઝર્સની અરજીઓનો ઝડપથી નિકાલ થતાં સમગ્ર કાર્યવાહી વધુ વેગવંતી બનશે અને પરિણામે વિકાસ પ્રક્રિયાને પણ વેગ મળશે.

# પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરાની ઉપસ્થિતિમાં શિયાળ ગામ ખાતે જનજાતીય ગૌરવ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરાઇ

। (માહિતી) અમદાવાદ ।

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે દેશભરમાં વિવિધ સ્થળોએ 'જનજાતીય ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં હતી. જે અન્વયે બાવળા તાલુકાના શિયાળ ગામ ખાતે અમદાવાદ જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી બિહારના જમુઈ ખાતે ઉપસ્થિત રહ્યા હતા અને દેશભરના આદિજાતિ સમુદાયના લોકો સાથે સંવાદ કર્યો હતો, જ્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ડાંગ ખાતે રાજ્યકક્ષાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ જિલ્લાકક્ષાની ઉજવણીમાં ઉપસ્થિત રાજ્યના પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન બિરસા મુંડાની જન્મતિથિને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાની પરંપરા શરૂ કરાવી છે.

મંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ઉમરગામથી અંબાજી સુધીના વિસ્તારોમાં આદિવાસીઓના ઉત્કર્ષ માટે અનેક વિકાસકાર્યો અને યોજનાઓનો પ્રારંભ કરાવ્યો હતો. આદિવાસી પરિવારોના કલ્યાણ માટે વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલી 'વનબંધુ કલ્યાણ યોજના' જેવી અનેક પહેલ અને યોજનાઓ થકી જ આદિવાસી સમાજને વિકાસના મુખ્યપ્રવાહમાં જોડવામાં સફળતા મળી છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે સ્વાતંત્ર્ય સંગ્રામ અને આઝાદીની ચળવળમાં અનેક આદિવાસીઓએ







બલિદાન આપ્યાં છે, ત્યારે વિકસિત ભારતના નિર્માણમાં પણ આદિવાસી સમાજ અગ્રેસર રહે તેવી વડાપ્રધાનશ્રીની નેમ છે.

રાજ્યમાં આદિવાસી વિસ્તારોમાં થઈ રહેલા વિકાસના આંકડાઓની વિગતવાર માહિતી આપ તાં મંત્રીશ્રીએ ગૌરવભેર જણાવ્યું કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર આદિજાતિઓના કલ્યાણ માટે સતત કાર્યરત છે.

આ તકે વડાપ્રધાનશ્રી તથા મુખ્યમંત્રીશ્રીના સંબોધનનું લાઈવ પ્રસારણ ઉપસ્થિત મહાનુભાવો તથા ગ્રામજનોએ નિહાળ્યું હતું. ત્યાર બાદ મંત્રીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શિયાળ ગામે આજના પ્રસંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો હતો જેનો લાભ ૫૦૦થી વધુ લોકોએ લીધો હતો. વધુમાં ૧૧૦થી વધુ લોકોને આયુષ્માન કાર્ડનું વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલા, ધોળકાના ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી, ધંધૂકાના ધારાસભ્ય શ્રી કાળુભાઈ ડાભી, વિરમગામના ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલ, જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે., જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે સહિત જિલ્લા-તાલુકા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ-પદાધિકારીઓ સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ઝૂંપડાના સ્થાને માથે પાક્કી છત મળતાં સમાજમાં માન વધ્યું : રાજેશભાઈ પઢાર, લાભાર્થી(પીએમ-જનમન)

પીએમ-જનમન યોજનાનના લાભાર્થી શ્રી રાજેશભાઈએ જણાવ્યું કે 'મારી પાસે રહેવા માટે કાચું મકાન હતું. જેના લીધે ચોમાસામાં ઘણી તકલીફ વેઠવી પડતી હતી. તેવામાં ગત વર્ષે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મકાન બનાવવા માટે સહાય મળતી થઈ. જિલ્લાતંત્ર દ્વારા તમામ દસ્તાવેજી પ્રક્રિયા કરવામાં અને ગણતરીના દિવસોમાં જ સહાય મારા ખાતમાં જમા પણ થઈ ગઈ. જેના કારણે ફકત છ જ મહિનામાં મારા સપનાનું પાકું ઘર બની ગયું. આજે ઝૂંપડાના સ્થાને માથે પાક્કી છત મળતાં સમાજમાં માન પણ વધ્યું છે.' રાજેશભાઈએ પાકું ઘર અપાવવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

### આયુષ્માન કાર્ડના કારણે હૃદયની નિઃશુલ્ક સારવાર શક્ય બની: શ્રી દીપાભાઈ પઢાર, લાભાર્થી (PMJAY)

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત સહાય મેળવનાર આયુષ્માન કાર્ડધારક શ્રી દીપાભાઈએ જણાવ્યું કે, 'મારે હૃદયની નસો બ્લોક થઈ હતી. જેની સારવાર માટે ખાનગી દવાખાનામાં સારવાર માટે મોટો ખર્ચ જણાવ્યો હતો. જે મારી ક્ષમતા બહાર હતું. ત્યાર બાદ આરોગ્ય વિભાગની મદદથી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત મને આયુષ્માન કાર્ડનો લાભ મળ્યો. જેના થકી યુ.એન.મહેતા હોસ્પિટલમાં મફત સારવાર મળી અને આજે હું સંપૂર્ણ સ્વસ્થ છું.' પોતાને મળેલી નિઃશુલ્ક સારવાર બદલ લાભાર્થી શ્રી દિપાભાઈએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ન્યૂઝ બ્રિફ

## સપ્તાહમાં ૭૦ કલાક કામ કરો, અંતિમ શ્વાસ સુધી મારો વિચાર નહીં બદલાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ઈન્ફોસિસના કો-ફાઉન્ડર અને પૂર્વ ચેરમેન નારાયણ મૂર્તિએ ફરી એક વખત યુવાનોની દુખતી રગ દબાવી છે. નારાયણ મૂર્તિએ ફાઈવ ડે વર્કિંગ પર (પાંચ દિવસ કામકાજ) અંગે નિઃસાસો નાખતાં કહ્યું છે કે, 'યુવાનોએ પોતાના અને દેશના વિકાસ માટે વધુને વધુ કલાકો કામ કરવું જ જોઈએ. હું વર્ક-લાઈફ બેલેન્સ જેવી ચીજ પર વિશ્વાસ કરતો નથી.' નારાયણ મૂર્તિએ ગ્લોબલ લીડરશીપ સમિટમાં વર્ક-લાઈફ અંગેના સવાલ પર જવાબ આપતાં ફરી કહ્યું છે કે, 'વર્ક-લાઈફ બેલેન્સ જેવી કોઈ વસ્તુ હોતી જ નથી. મને તેમાં વિશ્વાસ જ નથી. ૧૯૮૬માં જ્યારે આપણે (ભારત) છ દિવસ પરથી પાંચ દિવસ વર્કિંગ ડે પર શિફ્ટ થયા ત્યારે હું ખૂબ નિરાશ થયો હતો. હું દિલગીર છું, પરંતુ હું મારા અંતિમ શ્વાસ સુધી મારો દ્રષ્ટિકોણ નહીં બદલું.' નારાયણ મૂર્તિએ વડાપ્રધાન મોદીનું ઉદાહરણ આપતાં કહ્યું કે, 'આપણા વડાપ્રધાન સપ્તાહમાં ૧૦૦ કલાક કામ કરી રહ્યા છે. તેઓ સતત દેશના વિકાસ માટે સમર્પણ એક મોડલ બની ગયા છે. વડાપ્રધાન મોદી અથાક પરિશ્રમ કરી રહ્યા છે, વિકસતા દેશમાં વૈશ્વિક હરીફો સાથે સ્પર્ધા કરવા મજબૂત અને અથાક રીતે કામ કરવું જરૂરી પણ ખૂબ છે અને તેનો કોઈ વિકલ્પ નથી. આ વાત યુવાનોએ સમજી લેવી જોઈએ.' મૂર્તિ પોતે પોતાની કારકિર્દી અંગે મહત્ત્વની બાબત શેર કરતાં કહ્યું કે, 'હું દિવસમાં ૧૪ કલાક કામ કરું છું. આમ, સપ્તાહમાં સાડા છ દિવસ પ્રોફેશનલ ડ્યુટી કરું છું અને રોજ સવારે ૬.૩૦ વાગ્યે ઓફિસ પહોંચી જઉં છું અને રાત્રે ૮.૪૦ વાગ્યે ઘરે જઉ છું.' અગાઉ પણ નારાયણ મૂર્તિએ યુવાનોને સાપ્તાહિક ૭૦ કલાક કામ કરવા સલાહ આપી હતી. ત્યાર પછી સોશિયલ મીડિયા પર વિવાદ થયો હતો. જો કે, દેશમાં અનેક લોકોએ તેમની વાતનું સમર્થન પણ કર્યું હતું.

## દિલ્હીમાં ચૂંટણી પહેલા જ AAP-કોંગ્રેસમાં ગજબ ખેલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણીને ફક્ત એક મહિનાની વાર છે, ત્યારે ચૂંટણી પહેલાં જ બે સહયોગી વચ્ચે વિચિત્ર લડાઈ શરૂ થઈ ગઈ છે. INDIA ગઠબંધનની બે પાર્ટી - આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે એકબીજાના નેતાઓને પોતાની પાર્ટીમાં સામેલ કરવા માટે એક અનોખી સ્પર્ધા ચાલી રહી છે. બંને પક્ષો ભાજપ સામે લડવા માટે એકબીજાને નબળા પાડવાનો પૂરો પ્રયાસ કરી રહ્યા છે. બંને પાર્ટી મજબૂત નેતાઓને પોતાની પાર્ટીમાં સામેલ કરવા રાજકીય વ્યૂહરચના બનાવી રહી છે. જોકે, દિલ્હીમાં આ રાજકીય ઘમાસાણ પરથી સવાલ થાય કે, શું ખરેખર બંને પાર્ટી ભાજપ સાથે લડવા એકબીજાને કમજોર કરવા માગે છે? શુક્રવારે (૧૫ નવેમ્બર) આમ આદમી પાર્ટીના કાર્યાલયમાં અરવિંદ કેજરીવાલે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય વીર સિંહ ધીંગાનને પોતાની પાર્ટીમાં સામેલ કરાવી દીધા. હકીકતમાં વીર સિંહ ધીંગાન સીમાપુરી વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય રહી ચુક્યા છે. સીમાપુરી સુરક્ષિત બેઠક છે અને તેથી છછઁએ દાવો કર્યો કે, એક મોટા નેતા કોંગ્રેસમાંથી આમ આદમી પાર્ટીમાં જોડાય તો ફાયદો થશે. નોંધનીય છે કે, આ એ જ સીમાપુરી છે જ્યાંથી અરવિંદ કેજરીવાલે પોતાના NGOના દિવસોમાં ઝૂંપડપટ્ટીમાં પોતાનો સંઘર્ષ શરૂ કર્યો હતો. તે સમયે શીલા દીક્ષિત મુખ્યમંત્રી હતા અને કેજરીવાલે ત્યાંથી રાશનમાં ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવ્યો હતો. એકબાજુ જ્યાં આમ આદમી પાર્ટી કોંગ્રેસ તોડી રહી હતી ત્યારે થોડા જ કલાકોમાં કોંગ્રેસે પણ આમ આદમી પાર્ટીના એક પૂર્વ ધારાસભ્યને પોતાની પાર્ટીમાં સામેલ કરી હિસાબ બરાબર કરી દીધો. હાજી ઈશરાકે આમ આદમી પાર્ટીની ટિકિટ પર ૨૦૧૫ માં ઉત્તર-પૂર્વી દિલ્હીના સીલમપુરથી આમ આદમી પાર્ટીની ટિકિટ પર ચૂંટણી જીતી હતી. એવામાં કોંગ્રેસે દલિત નેતાની સામે એજ દિવસે અલ્પસંખ્યક નેતાને પોતાની પાર્ટીમાં સામેલ કરી હિસાબ બરાબર કરી દીધો હતો.



બિહારમાં જમુઈ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું.

### જેલ પ્રશાસન એલર્ટ

## લોરેન્સ ગેંગના નિશાના પર શ્રદ્ધા હત્યાકાંડનો આરોપી

### આફતાબ પર મે ૨૦૨૨માં શ્રદ્ધા વોકરની કથિત રીતે હત્યા અને પછી તેના શરીરના ટુકડા કરવાનો આરોપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

દિલ્હીના પ્રખ્યાત શ્રદ્ધા વોકર મર્ડર કેસના આરોપી આફતાબ પૂનાવાલા વિશે મોટા માહિતી બહાર આવી છે. અહેવાલો મુજબ, આફતાબ પૂનાવાલા પણ લોરેન્સ બિશ્નોઈ ગેંગના નિશાના પર છે. મહત્ત્વ પૂર્ણ છે કે, પૂનાવાલા પર મે ૨૦૨૨માં શ્રદ્ધા વોકરની કથિત રીતે હત્યા અને પછી તેના શરીરના ટુકડા કરવાનો આરોપ છે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, તિહાર જેલ પ્રશાસન પણ સતર્ક થઈ ગયું છે. જેલમાં આફતાબ પૂનાવાલાની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. તિહાર સૂત્રોએ માહિતી આપી છે કે, જેલ પ્રશાસન મીડિયામાં ચાલી રહેલા અહેવાલોને ધ્યાનમાં લઈને શ્રદ્ધા વોકર હત્યાના આરોપી આફતાબ પૂનાવાલાની સુરક્ષાને લઈને સતર્ક છે. આફતાબ પૂનાવાલા તિહાર જેલ નંબર ૪મા બંધ છે. તિહારના સૂત્રોના જણાવ્યા અનુસાર, મુંબઈ પોલીસ તરફથી કોઈ સત્તાવાર માહિતી મળી નથી પરંતુ તેઓએ મીડિયામાં આવેલા અહેવાલોને ધ્યાનમાં લીધા છે. હકીકતમાં, બાબા સિદ્દીકી હત્યા કેસમાં પકડાયેલા આરોપી શિવ કુમાર ગૌતમે પોલીસને કહ્યું છે કે,તે આફતાબને મારવા માંગે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આફતાબ પૂનાવાલા લોરેન્સ બિશ્નોઈ ગેંગના શૂટરોના નિશાના પર છે. તિહાર જેલમાં જ આફતાબની હત્યાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. મે ૨૦૨૨માં દિલ્હીના છતરપુર વિસ્તારમાં શ્રદ્ધા વોકરની હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ શ્રદ્ધાના શરીરના ૩૦થી વધુ ટુકડા કરી દેવામાં આવ્યા હતા.

### ન્યૂઝીલેન્ડની સંસદમાં જોરદાર ગરમાગરમી જોવા મળી

## સૌથી નાની ઉંમરની સાંસદે સંસદમાં હાહાકાર મચાવી દીધો

### ૨૨ વર્ષીય માઓરી સાંસદ હાના રાવહિતીએ બિલની કોપી ફાડી નાખી હતી અને પરંપરાગત હાકા નૃત્ય કર્યું

। (એજન્સી) ન્યૂઝીલેન્ડ, તા.૧૫ ।

ન્યૂઝીલેન્ડની સંસદમાં જોરદાર ગરમાગરમી જોવા મળી હતી. હકીકતમાં જોઈએ તો, માઓરી સાંસદ હાના રાવહિતી કરિયારીકી મૈપી ક્લાર્કે સંસદમાં જ હાકા નૃત્ય કરતા સ્વદેશી સંધિ બિલની એક કોપી ફાડી નાખી. આ ઘટના બાદ અન્ય લોકો પણ તેમાં જોડાઈ ગયા હતા. આપને જણાવી દઈએ કે, હાના રાવહિતી ન્યૂઝીલેન્ડની સંસદમાં સૌથી નાની ઉંમરની સાંસદ છે. ન્યૂઝીલેન્ડના સંસદ સત્રનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. હકીકતમાં જોઈએ તો, ન્યૂઝીલેન્ડની સાંસદ સિદ્ધાંત બિલ પર મતદાન કરવા માટે સંસદમાં એકઠા થયા હતા. આ દરમ્યાન ૨૨ વર્ષીય માઓરી સાંસદ હાના રાવહિતીએ સત્રને બાધિત કરી દીધું. આ દરમ્યાન તેણે બિલની કોપી પણ ફાડી નાખી હતી અને સદનમાં પરંપરાગત હાકા નૃત્ય કર્યું હતું. હાના રાવહિતીએ આવું કર્યા બાદ તરત સદનના અન્ય સભ્યો અને ગેલેરીમાં બેઠેલા દર્શકો પણ હાના સાથે હાકા ડાન્સમાં જોડાઈ ગયા હતા. આ કારણે સ્પીકર ગેરી બ્રાઉનલીએ સદન સત્રને થોડા સમય માટે સ્થગિત કરી દીધું હતું. આપને જણાવી દઈએ કે, ૧૮૪૦માં વેટાંગી સંધિમાં નિર્ધારિત સિદ્ધાંતો અંતર્ગત, જે સરકાર અને માઓરીની વચ્ચે સંબંધોને નિર્દેશિત કરે છે, જનજાતિઓને બ્રિટિશોના શાસન સોંપવાના બદલામાં પોતાની જમીન બનાવી રાખવા અને પોતાના હિતોની રક્ષા કરવાના વ્યાપક અધિકારોનું વચન આપ્યું હતું.

### અજિત પવારના ખુલાસા પર શરદ પવારે કરી સ્પષ્ટતા

## ૫ વર્ષ પહેલા અદાણી હાઉસમાં શું થયું હતું?

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

રાજકારણમાં કોઈ સ્થાયી મિત્રતા કે દુશ્મની હોતી નથી. કાશ્મીરથી કેરળ અને મહારાષ્ટ્રથી લઈને બંગાળ સુધી મેળ વગરની વિચારધારાઓના મિલનથી સરકારો બનેલી છે. સરકારના બનવા અને તૂટવાથી અલગ જ્યારે કોઈ પાર્ટી તૂટે છે ત્યારે તેનો અવાજ દૂર સુધી જાય છે. કોંગ્રેસમાં અનેકવાર તૂટ પડી પરંતુ એટલો હંગામો ન મચ્યો પરંતુ સરકાર બનાવવા માટે જ્યારે પાવરફૂલ પવાર પરિવારની એનસીપીમાં પેહલા ફૂટ પડી અને પછી તૂટ પડી તો આ ઘટનાક્રમ સૌથી મોટો રાજકીય ઘટનાક્રમ બની ગયો. મહારાષ્ટ્ર ચૂંટણીમાં દરેક નેતા બીજા પર દબાણ બનાવવા માટે પ્રેશર પોલિટિક્સ કરી રહ્યા છે. એનસીપી નેતા અજિત પવારે કહ્યું કે જ્યારે તેઓ પહેલીવાર ભાજપની સાથે ગયા હતા ત્યારે સાહેબ (શરદ પવાર)ને બધુ ખબર હતી. ચૂંટણી પહેલા અજિત પવારનું આ નિવેદન આવ્યું તો શરદ પવારે પોતે હવે આ અંગે સફાઈ આપી છે.

અજિત પવારે પાંચ વર્ષ પહેલા BJP-NCP ગઠબંધનને લઈને થયેલી એક બેઠકમાં ગૌતમ અદાણીની હાજરી અંગે ખુલાસો કર્યો હતો. મહારાષ્ટ્ર ચૂંટણી ટાણે આવી વાતોએ ચારેબાજુ ખળભળાટ મચાવી દીધો છે. ભાજપ પાસે હાલ કોઈ જવાબ જોવા મળી રહ્યો નથી. જ્યારે રાહુલ ગાંધી અને ઉદ્ધવ ઠાકરે આ મુદ્દાને ઉછાળે તે પહેલા શરદ પવારે આ મુલાકાત અંગે જવાબ આપ્યો છે. અજિત પવારે એક વેબસાઈટને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે દરેક જાણે છે કે ૨૦૧૯માં મહારાષ્ટ્રની સરકાર બનાવવા માટે એક બેઠક ક્યાં થઈ હતી? બધા ત્યાં હતા. અમિત શાહ ત્યાં હતા, દેવેન્દ્ર ફડણવીસ ત્યાં હતા, ગૌતમ અદાણી ત્યાં હતા, પવાર સાહેબ (શરદ પવાર) ત્યાં હતા, પ્રફૂલ્લ પટેલ ત્યાં હતા. અજિત પવાર પણ હતા. ત્યારે ભાજપ સાથે જવાનો નિર્ણય શરદ પવારની જાણકારીમાં કરાયો હતો. પાર્ટી કાર્યકર તરીકે મે અમારા નેતાના આદેશનું પાલન કર્યું હતું. તેનો દોષ મારા પર આવ્યો મે સ્વીકારી લીધો. દોષ મારા પર લીધો કોઈના પર વાત ન આવવા દીધી. ભત્રીજાના નિવેદન બાદ સફાઈ આપતા શરદ પવારે કહ્યું કે બેઠક જ્યાં આયોજિત કરાઈ હતી મેઈન વાત તે લોકેશનની હતી. અદાણીના દિલ્હી સ્થિત ઘર પર મુલાકાત થઈ હતી. આવામાં તેમનું નામ આવ્યું. અદાણીએ ડિનરની મેજબાની કરી હતી. પરંતુ તેઓ અમારી સમગ્ર રાજકીય ચર્ચામાં ભાગ લઈ રહ્યા નહતા.



આગ્રામાં ભારે ધુમ્મસ વચ્ચે પ્રવાસીઓ તાજમહેલની મુલાકાતે આવી પહોંચ્યા હતાં.

## એક મીડિયા કંપનીએ બાદશાહ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી

। (એજન્સી) કરનાલ, તા.૧૫ ।

રેપર-સિંગર બાદશાહ હંમેશા પોતાના નવા ગીતોને કારણે ચર્ચામાં રહે છે. હવે તેના ગીતોની સાથે બાદશાહ તેની અંગત જિંદગીને કારણે પણ ચર્ચામાં રહેવા લાગ્યો છે. દરમિયાન રેપરનું નામ કાયદાકીય મુશ્કેલીમાં અટવાયું હોય તેવું લાગી રહ્યું છે. એક મીડિયા કંપનીએ બાદશાહ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. આ કંપનીનો દાવો છે કે બાદશાહના ગીત 'બવાલ'ને બનાવવાથી લઈને તેના પ્રમોશન સુધીની તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. પરંતુ આ ગીત માટે બાદશાહની બાકી રકમ હજુ સુધી ચૂકવવામાં આવી નથી. આવી સ્થિતિમાં મીડિયા કંપનીએ ગાયક-રેપર વિરુદ્ધ કરનાલ જિલ્લા કોર્ટમાં કેસ દાખલ કર્યો છે. ફરિયાદીનું કહેવું છે કે તેણે બાદશાહને ઘણી વખત આ વિશે યાદ પણ અપાવ્યું હતું. અંતે તેણે આ પગલું ભર્યું છે. આ સિવાય ફરિયાદીનું એમ પણ કહેવું છે કે બાદશાહે તેને ખોટા વાયદા કર્યા અને પેમેન્ટ મોકૂફ રાખ્યું હતું. કંપનીના કહેવા પ્રમાણે તેણે કોન્ટ્રાક્ટ પૂરો કર્યો છે. આ કરારમાં ગીતનું ઉત્પાદન, માર્કેટિંગ અને પ્રમોશન સામેલ હતું. કંપનીએ આ તમામ બાબતો સમયસર પૂર્ણ કરી છે. તમામ સેવાઓ પૂરી થયા બાદ પણ બાદશાહ અને તેની ટીમે તેને તેની બાકી રકમ આપી નથી.

## દોહામાં આરબ દેશોના વડાઓ વચ્ચે બેઠક યોજાઈ

। (એજન્સી) દોહા, તા.૫ ।

લેબેનોનમાં તબાહી અને ઈરાન સાથે ઘર્ષણ કર્યા બાદ ઈઝરાયેલ પર મોટી મુસીબત આવવાની સંભાવના જોવા મળી રહી છે. મીડિયા રિપોર્ટ મુજબ યુદ્ધની આશંકાના પગલે દોહામાં આરબ દેશોના વડાઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠક ઈરાનને આશ્વાસન આપવા માટે યોજાઈ હતી, જેમાં આરબ દેશોએ તેહરાન અને ઈઝરાયેલ વચ્ચેના સંઘર્ષમાં તટસ્થ રહેવાનો નિર્ણય લીધો છે. આરબ દેશોએ આશંકા હતી કે, આ ક્ષેત્રમાં સંઘર્ષ વધવાથી તેમની ઓઈલ સુવિધાઓ જોખમમાં આવી શકે છે. આરબ દેશોનો આ નિર્ણય ઈઝરાયલ માટે એક ઝટકા તરીકે જોવામાં આવી રહ્યો છે, કારણ કે આ પહેલા એપ્રિલમાં ઈરાને હુમલો કર્યા બાદ આરબ દેશોએ ઈઝરાયેલનું સમર્થન કર્યું હતું. મીડિયા અહેવાલોમાં બે સૂત્રોને ટાંકીને એવું પણ કહેવાયું છે કે, કતાર દ્વારા આયોજિત એશિયાઈ દેશોની બેઠકમાં ભાગ લેનારા ગલ્ફ આરબ દેશો અને ઈરાનના મંત્રીઓએ તણાવ ઘટાડવા પર તેમની પરસ્પર વાતચીત પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પહેલી ઓક્ટોબરે ઈરાને ઈઝરાયેલ પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો. ઈરાનની રાજધાની તહેરાને આ હુમલાને ઈઝરાયેલના હમાસ અને હિજબુલ્લાહના વરિષ્ઠ નેતાઓની હત્યા તેમજ ગાઝા અને લેબનોનમાં ઈઝરાયલની કાર્યવાહીનો બદલો ગણાવ્યો હતો.તહેરાને કહ્યું છે કે, અમારા તરફથી વળતો જવાબ આપી દેવાયો છે. જોકે ઈઝરાયેલ કોઈ ઉશ્કેરણીજનક કાર્યવાહી કરશે તો તેને ફરીથી નિશાન બનાવવામાં આવશે.

### ભારત માટે ખતરાની ઘંટી

## પાકિસ્તાનમાં પોતાની સેના તૈનાત કરવા માંગે છે ચીન

### ચીનપાકિસ્તાનમાંકામકરીરહેલાએન્જિનિયરોનીસુરક્ષામાટેસિક્યોરિટીફોર્સતહેનાતકરવાનીતૈયારીકરીરહ્યુંછે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૫ ।

પાકિસ્તાનમાં કામ કરી રહેલા ચીનના લોકો પર સતત હુમલા થઈ રહ્યાં છે. આ દરમિયાન ચર્ચા છે કે ચીન હવે પાકિસ્તાનમાં પોતાની સિક્યોરિટી ફોર્સને તહેનાત કરવા ઈચ્છે છે અને તેની મંજૂરી આપવા માટે પાકિસ્તાન પર દબાણ બનાવી રહ્યાં છે. ગયા મહિને કરાચી એરપોર્ટ પર એક બોમ્બ બ્લાસ્ટમાં બે ચીની એન્જિનિયરોના મૃત્યુ થયા હતા. બંને એન્જિનિયર થાઈલેન્ડથી રજા ગાળ્યા બાદ કામ પર પરત ફર્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર ચીન હવે પાકિસ્તાનમાં કામ કરી રહેલા એન્જિનિયરોની સુરક્ષા માટે સિક્યોરિટી ફોર્સ તહેનાત કરવાની તૈયારી કરી રહ્યું છે.

પાકિસ્તાનમાં ઘણા પ્રોજેક્ટ્સ પર ચીનના એન્જિનિયર કામ કરી રહ્યાં છે. જેમાં સૌથી મહત્વનો ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC) છે. સીપીઈસી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના ડ્રીમ પ્રોજેક્ટ 'બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ' નો ભાગ છે. આ વર્ષે સીપીઈસી પર કામ કરી રહેલા ઘણા ચીનના એન્જિનિયરો પર હુમલા થયા છે. એક પાકિસ્તાની અધિકારીએ જણાવ્યું કે ચીન પોતાની સિક્યોરિટી ફોર્સને અહીં તહેનાત કરવા ઈચ્છે છે. આ માટે ચીને પાકિસ્તાનને લેખિતમાં પ્રસ્તાવ મોકલ્યો છે. પાકિસ્તાન અત્યાર સુધી આની પર સહમત થયું નથી. પાકિસ્તાનની સુરક્ષા એજન્સીઓ પણ ચીનના આ પ્રસ્તાવ વિરુદ્ધ છે.

પાકિસ્તાનમાં લગભગ ૩૦ હજાર ચીની નાગરિક કામ કરે છે. તેમાંથી સૌથી વધુ લોકો CPEC પર કામ કરી રહ્યાં છે. ત્રણ હજાર કિલોમીટર લાંબો આ કોરિડોર ચીનના કાશગરથી શરૂ થાય છે અને પાકિસ્તાનના ગ્વાદર પર ખતમ થાય છે. ગ્વાદર બલૂચિસ્તાનમાં છે. બલૂચોનો આરોપ છે કે ચીન અને પાકિસ્તાન તેમના સંસાધનો પર કબ્જો કરી રહ્યું છે. આ કારણ છે કે બલૂચ લિબરેશન આર્મી (BLA) આ પ્રોજેક્ટ પર કામ કરી રહેલા લોકો અને એન્જિનિયરોને ટાર્ગેટ કરી રહી છે.

ચીની વર્કર્સ પર હુમલો કરવાનો BLA નો એક લાંબો ઈતિહાસ રહ્યો છે. ૨૦૧૮માં કરાચીમાં ચીની કોન્સ્યુલેટની બહાર બોમ્બ બ્લાસ્ટ, ૨૦૧૯માં ગ્વાદર પર્લ કોન્ટિનેન્ટલ હોટલ, ૨૦૨૦માં પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જ અને ૨૦૨૨માં કરાચી યુનિવર્સિટીમાં હુમલા થઈ ચૂક્યા છે. ઓગસ્ટ ૨૦૨૧માં ગ્વાદરમાં ચીની વર્કર્સના એક કાફલા પર હુમલો થઈ ગયો હતો, જેમાં ઘણા લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. આ પહેલા જુલાઈમાં ખૈબર પખ્તૂનખ્વાહમાં ચીની વર્કર્સને લઈ જઈ રહેલી બસ પર હુમલો થયો હતો, જેમાં ૯ લોકોના મોત થઈ ગયા હતા. બલૂચોનો આરોપ છે કે સંસાધનોથી સમૃદ્ધ થયા છતાં બલૂચિસ્તાન આર્થિકરીતે પછાત છે અને તે આ માટે માત્ર પાકિસ્તાનની સરકાર જ નહીં, પરંતુ ચીનને પણ જવાબદાર માને છે. BLA સિવાય અન્ય બીજા આતંકી સંગઠન પણ ચીનના નાગરિકોને નિશાન બનાવતાં રહે છે. ૨૦૧૭માં ક્વેટામાં એક ચીની કપલનું અપહરણ કરીને હત્યા કરી દેવાઈ હતી. તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) એ પણ ઘણા ચીની નાગરિકોને નિશાન બનાવ્યા છે. આ હુમલાથી ચીન નારાજ થઈ ગયું છે. તે લાંબા સમયથી પોતાના નાગરિકોની સુરક્ષા માટે પોતાની સિક્યોરિટી ફોર્સને તહેનાત કરવા માટે પાકિસ્તાન પર દબાણ બનાવી રહ્યું છે.



## તંત્રી લેખ...

# ઝેરી ધુમ્મસની ચાદરમાં તાજમહેલ ઢંકાયો

પ્રદૂષણના કારણે ફેલાયેલા ઝેરી ધુમ્મસમાં ગુરુવારે આગ્રા ખાતેનો પ્રખ્યાત તાજમહેલ અને અમૃતસરનું સુવર્ણ મંદિર ઢંકાઈ ગયું હતું તથા દિલ્હીમાં અનેક ફ્લાઈટ્સ વિલંબિત થઈ હતી. કેટલાંક જગ્યાએ પર ગાઢ ધુમ્મસની કારણે નજીકનું જોવામાં પણ મુશ્કેલી પડી હતી. દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ સતત બીજા દિવસે ૪૩૦ના આંકે પહોંચ્યો હતો. પંજાબ અને હરિયાણામાં ખેતરોમાં પરાળી બાળવા માટે લગાવવામાં આવતી આગ, વાહનોના પ્રદૂષણ અને ઉડતી ધૂળને કારણે પ્રદૂષણે આ શિયાળામાં પણ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. ગાઢ ધુમ્મસને કારણે આગ્રા શહેરમાં તાજમહેલ તેની સામેના બગીચાઓમાંથી ભાગ્યે જ દેખાતો હતો. પંજાબમાં સુવર્ણ મંદિરના પણ ગાઢ ધુમ્મસમાં ઢંકાઈ ગયું હતું. દિલ્હીની અનેક ફ્લાઈટમાં વિલંબ થયો હતા. એરપોર્ટથી પ્રસ્થાન કરતી ૮૮% અને એરપોર્ટ પર આવતી ૫૪% ફ્લાઈટ્સમાં વિલંબ થયો હતો. દિલ્હીના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિઝિબિલિટી ઘટીને ૩૦૦ મીટર (૯૮૦ ફૂટ) થઈ ગઈ હતી. બુધવારે ઝીરો વિઝિબિલિટીને કારણ ઘણી ફ્લાઈટ્સને ડાઈવર્ટ કરાઈ હતી.અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રદૂષણ, ભેજ, ધીમા પવન અને તાપમાનમાં ઘટાડાને કારણે ધુમ્મસમાં વધારો થયો છે. પંજાબના ફાઝિલ્કા પ્રદેશના બાળરોગ નિષ્ણાત સાહબ રામે જણાવ્યું હતું કે એલર્જી, ઉધરસ અને શરદી જેવી બિમારીઓ સાથેના બાળકોમાં અચાનક વધારો થયો છે. અને અસ્થમાના તીવ્ર હુમલામાં વધારો થયો છે.હવામાન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર ગુરુવારે દિલ્હીનું લઘુત્તમ તાપમાન ૧૬.૧ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું, જે આગલા દિવસે ૧૭ ડિગ્રી સેલ્સિયસ હતું. દિલ્હીમાં પ્રદૂષણનું પ્રમાણ સતત બીજા દિવસે ‘ગંભીર’ કેટેગરીમાં રહ્યું હતું.

## ‘વસુધૈવ કુટુંબકમ્’ની ભાવના સાથે આપણે સમગ્ર સૃષ્ટિને આપણો પરિવાર માનીએ છીએ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આપણો દેશ વિભિન્ન સંસ્કૃતિઓનો દેશ છે. અલગ અલગ વેશભૂષા, ભાષા, ખાન-પાન, સંસ્કૃતિ હોવા છતાં વિવિધતામાં એકતા છે. આપણા દેશને ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ ના રૂપમાં મહાશક્તિ બનાવવા અને દેશના નાગરિકો અન્ય રાજ્યની સંસ્કૃતિથી અવગત થાય તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની પહેલથી તમામ રાજ્યોના રાજભવનમાં વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાજભવન ખાતે આજે દક્ષિણ ભારતના ૭ રાજ્યો; આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહ, લક્ષ્યદ્વીપ તથા પુડુચેરીના સ્થાપના દિવસની ઉજવણીના પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આપણે તમામ લોકો મૂળરૂપથી એક જ છીએ, માટે એકબીજાના સુખ દુઃખના સાથી બનીએ, એકબીજાની સંસ્કૃતિને સમજીએ. દેશના તમામ લોકો વિભિન્ન રાજ્યોની સંસ્કૃતિથી પરિચિત થાય તે માટે શંકરાચાર્યજીએ દેશની ચારેય દિશામાં મઠની સ્થાપના કરી હતી. વેદ આપણી સંસ્કૃતિના આધારસ્તંભ છે તેમ જણાવી રાજ્યપાલશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વિદેશી આક્રમણકારો જ્યારે ભારત પર આક્રમણ કરીને આપણા વેદ-પુરાણો સહિતના મહાન પુસ્તકોનો નાશ કરી રહ્યા હતા ત્યારે, આ વેદ-પુરાણોને બચાવવાનું કામ દક્ષિણના લોકોએ કર્યું છે. દક્ષિણના લોકોએ વેદ-પુરાણોને કંઠસ્થ કરીને આપણી વૈદિક સંસ્કૃતિને બચાવવાનું કાર્ય કર્યું છે.

રાજયપાલશ્રીએ કાર્યક્રમમાં રજૂ કરવામાં આવેલા વિવિધ શાસ્ત્રીય નૃત્યો અને લોક નૃત્યો અંગે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, આપણા દેશના વિવિધ નૃત્યોમાં કળા અને સંસ્કૃતિના પરિચય ઉપરાંત યોગ અને વ્યાયામના સમાવેશ થકી શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને સામાજિક પાસાઓને આવરી લેવામાં છે, જે મનને સુખ આપે છે. રાજયપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, આપણે સૌ મૂળ રૂપથી એક જ છીએ. આપણે હંમેશા વિશ્વ કલ્યાણની જ વાત કરીએ છીએ. આપણે ત્યાં માતા ભોજન બનાવે તો ગાય, કીડી, પક્ષી માટે પણ બનાવે છે. જે સૂચવે છે કે, આપણે પ્રાણી માત્રની દરકાર કરીએ છીએ. ‘વસુધૈવ કુટુંબકમ્’ની ભાવના સાથે આપણે સમગ્ર સૃષ્ટિને આપણો પરિવાર માનીએ છીએ.

આ અવસરે રાજયપાલશ્રીએ સૌને રાજ્યોના સ્થાપના દિવસની શુભકામનાઓ પાઠવીને ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ અને ‘આત્મનિર્ભર ભારત’ના સૂત્ર થકી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘વિકસિત ભારત’ ના સ્વપ્નને સાકાર કરવામાં સહભાગી થવા અપીલ કરી હતી. રાજયપાલશ્રીએ આવનારી પેઢીના કલ્યાણ માટે વડાપ્રધાનશ્રીના ‘આત્મનિર્ભર ભારત’ અને ‘વિકસિત ભારત’ના મિશનમાં સહયોગ આપવા જણાવીને ઉમેર્યું હતું કે, આવનારી પેઢીને આપણા પણ ગર્વ થશે કે તેમના પૂર્વજોએ તેમને ‘વિકસિત ભારત’ આપ્યું. આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે આપણે સૌએ ઈમાનદારી, સમર્પણ અને કર્તવ્યનિષ્ઠાથી આપણું કાર્ય કરીને દેશના વિકાસને વધુ વેગવાન બનાવવામાં સહભાગી બનવું પડશે.

રાજયપાલશ્રીએ ઉમેર્યું હતું કે, એકતા હોય તે હંમેશા આગળ વધે છે. આપણે દેશને એકતાના તાંતણે બાંધીને વિકાસ તરફ લઈ જઈ રહ્યા છીએ, જેના થકી ભારત આજે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ચુક્યો છે. છેલ્લા દસ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબ રેખાથી બહાર આવ્યા છે. આપણે વૈશ્વિક કક્ષાની આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરી રહ્યા છીએ. શિક્ષણ, આરોગ્ય સહિતના ક્ષેત્રે આપણે સતત આગળ વધી રહ્યા છીએ.

વિવિધ રાજ્યોના સ્થાપના દિવસના આ કાર્યક્રમમાં ગુજરાતમાં વસતા વિવિધ રાજ્યના અગ્રણીઓનું સન્માન, ‘ગુજરાત પ્રીઝન્સ : ધ એક્સ ફેક્ટર’ બુકનું વિમોચન તેમજ વિવિધ રાજ્યોના ગીતો અને સાંસ્કૃતિક નૃત્યોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ અવસરે સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરનાર કલાકારોનું રાજયપાલશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

---

**ગુરુનાનક એક ઉચ્ચતમ સાધુ ચરિત્ર ધરાવતા હતાં, ગુરુનાનક શીખ ધર્મના પ્રથમ પ્રણેતા એટલે કે ૧૦ ગુરુ પરંપરાના પહેલા ગુરુ હતા**

# ગુરુનાનકજી સ્વયં એકેશ્વરવાદી છે પણ તેમનો ધર્મ દ્રષ્ટિકોણ સમન્વયવાદી હતો



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**બાપુ કહે છે તેમ સમાજ હંમેશા જીવંત સાધુ ચરિત્રને સ્વીકારી શકતું નથી, પરંતુ તેમના ચાલ્યાં ગયાં બાદ લોકો તેને પૂજે છે. કારણકે એની સત્યનિષ્ઠાથી સામેનો સમાજ પોતાના અસ્તિત્વને જોખમમાં મુકાયેલો જોતો નથી. પણ આવા ચરિત્રો જ આપણામાં સાધુતાની ઈફેક્ટ ઉભી કરી શકે, અને થોડીઘણી સાધુતાની અસર આપણામાં થાય તો જીવન સુધરી જાય.**

હિન્દુ પંચાગ મુજબ તા ૧૫ થી ૧૬ સુધી દેવ દિવાળી છે, એટલે ફટાકડાના અવાજો ચારે બાજુથી આવે છે, અને વાતાવરણમાં પણ દારૂખાનાની સુગંધ પ્રસરી ગઇ છે. દેવ દિવાળી એટલે કે આજે પણ કાર્તિકેય પૂર્ણિમા, અને ગુરુ નાનક જયંતિ છે. ગુરુનાનક એક ઉચ્ચતમ સાધુ ચરિત્ર ધરાવતા હતાં,ગુરુનાનક શીખ ધર્મના પ્રથમ પ્રણેતા એટલે કે ૧૦ ગુરુ પરંપરાના પહેલા ગુરુ હતા. તેઓ સંન્યાસના વિરોધી હતાં, અને સંસારીઓને સંસારમાં રહીને જ ઈશ્વરને અનુભવવાનો હોય એવો સતત અનુરોધ કરતા હતાં. તેઓ બહુ નાની ઉંમરથી જ અધ્યાત્મવાદી હતાં, અને તેમણે સમાજના કુરિવાજો સામે બંડ પોકાર્યો હતો. શીખ ધર્મમાં ગુરુ નાનક જયંતિનું ખૂબ જ મહત્વ છે, અને હોવું પણ જોઈએ. કારણ કે માનવીને જે સાધુતાના પથ પર દોરી જાય એ જ તો મહાન છે. બાપુ કહે છે તેમ સમાજ હંમેશા જીવંત સાધુ ચરિત્રને સ્વીકારી શકતું નથી, પરંતુ તેમના ચાલ્યાં ગયાં બાદ લોકો તેને પૂજે છે. કારણકે એની સત્યનિષ્ઠાથી સામેનો સમાજ પોતાના અસ્તિત્વને જોખમમાં મુકાયેલો જોતો નથી. પણ આવા ચરિત્રો જ આપણામાં સાધુતાની ઈફેક્ટ ઉભી કરી શકે, અને થોડીઘણી સાધુતાની અસર આપણામાં થાય તો જીવન સુધરી જાય. હાલના સમાજની સમસ્યા એ છે કોઈના દુઃખ જોઈ સહાનુભૂતિ થાય, પરંતુ કોઈની, પ્રગતિ, સફળતા, કે તેનું સુખ જોઈને આપણે સુખી થઈ શકતા નથી, એ ભારતીય સમાજની સૌથી મોટી કમજોરી છે. જેને કારણે સમાજ અસંતોષી બનતો જાય છે, અને એમાં સતત ઈર્ષા, નિંદા, ચોરી, લૂંટ, હિંસા જેવા દૂષણો વધે છે, આ બધું સાધુ થવામાં બાધારૂપ છે. તો શીખ ધર્મના પ્રણેતા એવા ગુરુ નાનકજીને યાદ કરી એમનાં જીવન ચરિત્ર વિશે થોડી વાત કરીશું. એક ૐકાર એક સતનામનો જયઘોષ કરનારા ગુરુ નાનકનો જન્મ ઓક્ટોબર ૧૪૬૯ના રોજ ૧૫ નવેમ્બર કાર્તક સુદ પૂનમની તિથિએ લગભગ એક વાગ્યાને ચાલીસ મિનીટે પાકિસ્તાનના શેખુપુરા જીલ્લાના રાઈભીડીંના તલવંડી ખાતે થયો હતો, આજે ગુરુ નાનકની ૫૫૩ મી જન્મ જયંતી છે.

ગુરુનાનક એ શીખ ધર્મના સંસ્થાપક હતા. શીખ લોકો આ દિવસને ખૂબ જ ધામધૂમથી ઉજવે છે, શીખ ધર્મમાં ગુરુ નાનક જયંતિથી મોટો કોઈ જ તહેવાર માનવામાં આવતો નથી. ગુરુનાનક એ ખૂબ જ ઉમદા વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ હતા. તેઓ એક સારા કવિ પણ રહી ચૂક્યા છે. તેમણે એક જ ઈશ્વર હોવાની વાત કરી હતી, અને તેઓએ ઈશ્વર વિશે જે કાંઈ કહ્યું છે, તેને શીખ લોકો ગુરુવાણી કહે છે, અને ગુરુદ્વારામાં આ ગુરુવાણીનું ગાયન સતત થતું રહે છે. તેમણે શીખોને ત્રણ વસ્તુનો આદેશ કે શીખ આપી. એક જ ઈશ્વરની આરાધના કરવી, સમાજના નાના માણસોની સેવા કરવી,ને અન્યની કોઈ રીતે મદદ કરવી, ને દાન કરવું. મોટા મોટા શીખ લોકો પણ ગુરુદ્વારામાં જે લંગર થતું હોય ત્યાં પિરસવાનુ અને અન્ય કામગીરી કરતાં જોવા મળે છે.આ પ્રથા શરૂ થઈ એની માટે પણ એક કહાની તેની સાથે જોડાયેલી છે.

પિતાએ નાનકને વીસ રૂપિયા આપીને કોઈ લાભનો સોદો કરી આવવાનું કહ્યું. નાનક પોતાના મિત્ર બાલાને લઈને નીકળ્યા. કેટલાક ગાઉ ચાલ્યા તો સાધુઓની એક મંડળી મળી જે ત્રણ-ચાર દિવસથી ભૂખ્યા હતા. નાનકે વીસ રૂપિયાની ભોજન સામગ્રી લાવીને ભૂખ્યા સાધુઓને ભોજન કરાવી તેમનાં આશીર્વાદ પ્રાપ્ત કર્યા,અને આ પ્રસંગને સચ્ચા સૌદા કહેવામાં આવે છે, આજે ત્યાં વિશાળ ગુરુદ્વારા છે. નાનક ઘરે ગયા તો પિતાએ હકીકત જાણી અને ક્રોધથી નાનકને તમાચો મારી દીધો. આ જોઈને એમની બહેન ખૂબ જ દુઃખી થઈ હતી.બસ ત્યારથી લંગર પ્રથાને શીખ ધર્મમાં સ્થાન મળ્યું.લંગર એ શીખ ધર્મને ઉજાગર કરતી એક અનન્ય પ્રથા છે, જેમાં ગુરદ્વારામાં પ્રસાદની વહેંચણી કરવામાં આવે છે. કે પછી ક્યારેય, કોઈ તહેવાર કે કુદરતી કે અન્ય આફતના સમયે અન્ય જગ્યાએ પણ થાય છે. શીખ ધર્મમાં ૧૦ ગુરુ ઓની વાત છે, જેમાં પ્રથમ ગુરુ તરીકે ગુરુનાનકને સ્થાન મળ્યું છે. સામાન્ય રીતે ભારતના પંજાબ પંથકમાં શીખ લોકો રહે છે, પરંતુ હવે તો કામ અને ધંધાર્થે દરેક રાજ્યોમાં તેનો વાસ છે,આથી દરેક જગ્યાએ આ તહેવારની ઉજવણી થાય છે, અને ગુરદ્વારામાં એ દિવસે ખૂબ જલસા જેવું વાતાવરણ હોય છે. ગુરુ નાનકને એક શિષ્ય નામ મર્દાના હતું, એટલે જ્યારે કોઈ ઈશ્વર સમીપ લઈ જતી વાત તેને સમજાય, ત્યારે તે ગાઈને એ વાત કહેતા, અને મર્દાનાને કહેતા, મર્દાના છેડ, એટલે કે રાગ છે. પાગલ શબ્દનો અર્થ પણ તેમણે ખૂબ સરસ કર્યો છે, પંજાબીમાં ગલ એટલે વાત, અને માનવીય જીવનમાં મુખ્ય વાત તો ઈશ્વરને પ્રાપ્ત કરવાની જ છે, આથી પા ગલ એટલે જેણે ગલ ને પ્રાપ્ત કરી લીધી તેવી વ્યક્તિ એટલે પાગલ!! આ સત્ય આપણે જાણતા હોવા છતાં ભલા ભોળા માણસોને કારણ વગર પાગલ! પાગલ! કહીને લોકો ચીડવતા હોય છે. માનવ સેવાને શ્રેષ્ઠ ધર્મ ગણાવ્યો. નામ જપના કિરત કરના વંડ છકના’ સફળ ગૃહસ્થ જીવનનો મંત્ર આપ્યો. આ જ ગુરુ મંત્ર શીખ ધર્મની મુખ્ય આધારશીલા છે. એટલે સાચા મનથી ઈશ્વરનું નામ જપો, ઈમાનદારી અને પરિશ્રમથી કામ કરો, તેમજ ધન દ્વારા દુઃખી, અસહાય અને જરૂરતમંદ લોકોની સેવા કરો. ગુરુ ઉપદેશ છે કે ‘ ધાલ ખાયે કિછ હત્થો દેહ, નાનક રાહ પછાને સે. આ રીતે ગુરુનાનકજીનાં જીવનમાંનો એક કિસ્સામાં અન્નની શુધ્ધતા, પવિત્રતા અને સાત્વિકતા પર જોર આપ્યુ છે. ગુરુજી મર્તબા ગામમાં પહોચ્યાં, તો તેમને બે ઘરેથી ભોજનનું નિમંત્રણ આવ્યું. એક નિમંત્રણ ગામના ધનવાન મુખીનું હતું, અને બીજું નિર્ધન સુથારનું હતું. ગુરુનાનકજીએ મુખીયાના ઘીથી બનેલ મીઠાઈનો અસ્વીકાર કર્યો, અને સુથારના ઘરે બનાવેલ સુકી રોટલીઓનો સ્વીકાર કર્યો. ગુરુજીએ મુખીઓની રોટલીઓને નીચોવી ત્યારે તેમાંથી લોહી ટપક્યું. બીજી બાજું ખેડુતની રોટલીઓને નીચોવી તો તેમાંથી શુદ્ધ દુધની ધારા થઈ. ગુરુનાનકજી જણાવ્યુ કે મુખીયાની કમાણી અનીતિ. અધર્મ, અત્યાચાર અને શોષણ દ્વારા પ્રાપ્ત કરેલ કમાણી છે, જ્યારે કે સુથારનું આ અન્ન ઈમાનદારી, મહેનતની કમાણીનું હતું.

નાનકજીએ બધા જ ધર્મોને શ્રેષ્ઠ ગણાવતાં કહ્યું કે, ધર્મ ગમે તે હોય પણ ધર્મનાં સત્યને આત્મસાત કરીને વ્યવહાર જીવનમાં લાવવાનું લક્ષ્ય હોવું જોઈએ. ગુરુજીએ ધાર્મિક તેમજ સામાજીક વિષમતાઓ પર જોરદાર પ્રહાર કર્યો. તેમની વાણીમાં હિંન્દુ અને મુસલમાન બંને માટે એકાત્મકતાના બીજ જોવાં મળે છે. તેમનું માનવું હતું કે સંપુર્ણ સૃષ્ટીના ઈશ્વર એક જ છે. આપણે બધા તો તેના બાળકો છીએ, એટલે આપણો ધર્મ એક છે. ગુરુજી સ્વયં પણ એકેશ્વરમાં પુર્ણ વિશ્વાસ રાખતા, તેમનો દ્રષ્ટિકોણ સમન્વયવાદી હતો.

આજે આપણે દેવ દિવાળીએ ઈશ્વર આગળ સંકલ્પ કરીએ, કે જીવનમાં બીજું કોઈ પણ હવે ધ્યેય નથી, માત્ર કોઈ પણ માર્ગેથી તારા સુધી પહોંચવું છે, અને આ જન્મને સફળ બનાવવો છે. અમે સંસારી છીએ, અને અમારી તને ભજવાની, કે ઉપાસનાની પણ એક મર્યાદા છે. પરંતુ આ ભોગ અને વિષયોની, પહેલા હવે તારું સાનિધ્ય પામી શકીએ એવી સાધુતાનું લક્ષ્ય બરકરાર, રહેશે!

---

**ગીતામાં ભગવાન કહે છે કે, ઇન્દ્રિયો તથા વિષયોના સંયોગથી ઉત્પન્ન થતાં ભોગો કેવળ દુઃખનું જ કારણ છે કે, તે આદિ અને અંતવાળા એટલે કે અનિત્ય છે**

# જે પિતા પુત્રને સારા સંસ્કાર ન આપે તે પિતા પુત્રનો વેરી છે, તે પોતાનું ને પુત્રનું બેયનું જીવન બગાડે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આમ દિવસ ભર સમસ્ત કર્મોનું સમર્પણ કરવું. રાત્રે સૂતા પહેલાં કરેલાં કર્મોનો વિચાર કરો અને કરેલાં કર્મોનું ફળ પ્રભુને અર્પણ કરો. મારે હાથે પ્રભુને ગમે તેવું કાર્ય થયું છે? તેવું કાર્ય ન થયું હોય એવો અંદરથી જવાબ આવે તો સમજવું,જીવ્યો નથી પણ મર્યો અને જો કંઈ પાપ થયું હોય તો તેનું પ્રાયશ્ચિત્ત કરો. આ છ સાધન વિધિપૂર્વક કરો તો જીવન સુધરે છે.તેને અનન્ય ભક્તિ મળે છે.**

ગરવા ગિરનારની લીલી પરિક્રમા અને સિદ્ધપુર માતૃ તર્પણતીર્થનો કત્યોકનો મેળો દેવદિવાળીએ સંપન્ન થઇ ગયો આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સંસારમાં સુખની આશાએ લોકો બહુ પરિશ્રમ કરેછે, તેટલોપરિશ્રમ ભાગવત સેવા કરવામાં અને દુઃખ મય રે તો સુખી થાય. બાકી સંસાર નું સુખ દરાજને ખંજવાળવા જેવું છે. ખુજલીને ખંજવાળો એટલે સુખ જેવું ભાસે છે, પરંતુ ઊલટું દરાજ વધે છેઅને ત્રાસ આપે છે. આ સુખતુચ્છ જ છે. ડાહ્યો માણસ કોણ? શું નિત્ય છે ને શું અનિત્ય છે તે જાણે તે ડાહ્યો. ગીતામાં ભગવાન કહે છેકે, ઈન્દ્રિયો તથા વિષયોના સંયોગથી ઉત્પન્ન થતાં ભોગો કેવળ દુઃખનું જ કારણ છે કે, તે આદિ અને અંતવાળા એટલે કે અનિત્ય છે. પ્રહલાદજી બાળક છે,પણ સમજે છે કેટલું બધું? અનિત્ય પદાર્થોના સેવનથી નિત્ય સુખની પ્રાપ્તિ થતી નથી, પછી એનો મોહ શું,એવું વિચારીએ પ્રભુને કહે છે કે,હું બધાથી કંટાળી ગયો છું. ત્યારે પ્રભુ કહે છે કે,તો ચાલ તને મારા ધામમાં લઈ જાઉં!ત્યાં તારા સુખનો પાર ન એ! પણ પ્રહલાદ એકલો જવાની ના પડે છે. એ તો કહે છે કે,હું મારા બધા ગોઠિયાઓને લઈને જાઉં.

એકલા એકાંતમાં ભજન કરનારા અને તપશ્ચર્યા કરનારા પોતાની જાતનો જ ઉદ્ધાર કરે છે.પોતાની જાતનો ઉદ્ધાર કરનારા સ્વાર્થી છે. સંગમાં આવેલા દરેકને તારે તે વૈષ્ણવ.મને જે આપ્યું હોય તે બીજાને આપો,એટલે પ્રહલાદ કહે છે, હું એકલપેટો નથી.મિત્રોને લઈ તમારા ધામમાં આવીશ. જ્ઞાન પણ આપો ને ધન પણ આપો. ભાગવત તો ત્યાં સુધી કહે છે કે, પોતાનું પેટ ભરાય એટલા જ ધન પર માણસનો અધિકાર છે. એના થી વધારે પર જે હક તે ચોર છે. અનન્ય ભક્તિનાં છ સાધનો છેઃ પ્રાર્થના, સેવાપૂજા, સ્તુતિ, કીર્તન અને વંદન, નામસ્મરણ અને સત્સંગ, કથા શ્રવણ. આ છ સાધનો કરે તેને પ્રભુચરણમાં ભક્તિ મળે છે, અનન્ય ભક્તિ પ્રાપ્ત થાય છે. સ્તુતિના છેલ્લા શ્લોકમાં પ્રહલાદે કહ્યું છેઃસૌથી પહેલું કામ પ્રાર્થનાનું કરવું. ઊઠતા વેત ઈશ્વરની પ્રાર્થના કરો,પછી ધરતી માતાને વંદન કરો. કર દર્શન કરવાં. સવારમાં હાથ જોવા એવો રિવાજ છે.તેનો અર્થ એ છે કે, હાથથી એવાં પવિત્ર કર્મો કરીશ કે ભગવાનને મારે ઘરે આવવાની ઈચ્છા થાય.હું કલ્યાણરૂપ બનીશ ને કલ્યાણ કાર્ય કરીશ તેવો આ હાથનો સંકલ્પ છે,કારણકે હાથ એ ક્રિયા શક્તિનું રૂપ છે.હાથનાં આંગળામાં લક્ષ્મીનો વાસ છે. હાથના મૂળમાં સરસ્વતી વસે છેને હાથની મધ્યમાં ભગવાન વસે છે. તે ત્રણેનું સ્મરણ કરી કર દર્શન કરવું. પણ હવે તો પ્રભાતે કર દર્શનમ્ ને બદલે પ્રભાતે કપ દર્શનમ્ થાય છે.

અર્જુને જેમ પોતાના રથની લગામ ભગવાનને સોંપી હતી,તેમ તમે પણ તમારા જીવન રથની લગામ ભગવાનને સોંપી દેશો,તો તે સમયે પ્રભુ રથ જરૂર સહી સલામત પાર ઊતારશે. એ સિવાય રથને ઊગારવાનો બીજો રસ્તો પણ નથી.પછી સ્નાન કરી પ્રભુની એકાંતમાં ઉપાસના કરો, સેવા કરો. ત્રીજું સાધન છે.સ્તુતિ. પ્રભુના ગુણ ગાઓ મંગળ સ્તુતિ ગાઓ,મંગલ જ થશે.સ્તુતિ પછી એકાંતમાં બેસી પ્રભુના નામનું કીર્તન કરો. કીર્તનથી પ્રાણ પ્રભુની કૃપામાં સ્થિર થાય છે.ધંધો કરતાં પણ પ્રભુ નામ સ્મરણ ચાલુ રાખવું. પ્રભુના લાડીલા સાચા સંતોનો સંગ કરવો અને તેમને મુખેથી રામાયણ ભાગવતનું કથા શ્રવણ કરવું.બને તો રોજ કથા સાંભળો. કથા સાંભળવાનું ન બને તો કથા વાંચો. આમ દિવસ ભર સમસ્ત કર્મોનું સમર્પણ કરવું. રાત્રે સૂતા પહેલાં કરેલાં કર્મોનો વિચાર કરો અને કરેલાં કર્મોનું ફળ પ્રભુને અર્પણ કરો. મારે હાથે પ્રભુને ગમે તેવું કાર્ય થયું છે? તેવું કાર્ય ન થયું હોય એવો અંદરથી જવાબ આવે તો સમજવું,જીવ્યો નથી પણ મર્યો અને જો કંઈ પાપ થયું હોય તો તેનું પ્રાયશ્ચિત્ત કરો. આ છ સાધન વિધિપૂર્વક કરો તો જીવન સુધરે છે.તેને અનન્ય ભક્તિ મળે છે. નૃસિંહ સ્વામી પ્રહલાદને વરદાન માગવા કહે છે, પણ પ્રહલાદ નિષ્કામ ભક્ત છે, તે કંઈ ભોગો વગેરે માગતા નથી.કારણ કે પ્રભુની સેવા કરે અને બદલામાં ભોગ માગે તોતે વાણિયો કહેવાય ભગવાનની ભક્તિ ભગવાન માટે કરો,ભોગ માટેનહીં. વાણિયો એટલે વાણિયા ને ઘરે જન્મ્યોએ નહીં, પણ જે થોડું આપી વધારાની અપેક્ષા રાખે તે વાણિયો.પ્રહલાદ કશું માગતો નથી ચારે નૃસિંહ ભગવાન પ્રસન્ન થઈ કહે છે કે,મને રાજી કરવા કંઈક માગ.

પ્રહલાદે માગ્યું, નાથ, એવી કૃપા કરો કે, સંસારનું કોઈ પણ સુખ ભોગવવાનો વિચાર પણ મારા મનમાં ન આવે. મારા હૃદયમાં કોઈ દિવસ કોઈ કામનાઓનું બીજ અંકુરિત ન થાય એવું વર દાન આપો.પ્રહલાદ ભગવાન પાસે જે માગ્યું તે રોજ તમે પણ ભગવાન પાસે માગો. કામના બોલ્યા નથી, કામનાઓ બોલ્યા છે. વાસનાનો સ્વભાવ એવો છે કે, કદી તૃપ્ત થવું જ નહીં. જરાક સંતોષતાં વધુ ને વધુ અસંતોષ ઊભો થતો જાય છે. સંસારસુખ ભોગવવાની ઈચ્છા એ જ મહા દુઃખ ને છે.જેને કોઈ સુખ ભોગવવાની ઈચ્છા નથી એ જ સુખી છે. એ દુઃખમાંથી હું બચું તેટલું જ ઘણું છે. એમ સમજીએ તો તે મોટામાં મોટું સુખ છે. માટે મન ઉપર સર્વદા ભક્તિનો અંકુશ રાખો. ગીતામાં સર્વ કામ્ય કર્મનો ત્યાગ કરવાનું કહ્યું છે.સર્વ ઈચ્છા ઓનો ત્યાગ એને જ મહાત્માઓ સંન્યાસ કહે છે. જે આ રહસ્ય જાણે છે તે જ બધું જાણે છે. જીવ નિષ્કામ બને છે ત્યારે જીવ નો જીવભાવ નષ્ટ થાય છે અને પછી તે ભગવાન સાથે એક થાય છે.જીવ ઈશ્વરરૂપ બને છે. મુક્તિમાં પુણ્ય પણ બાધક થાય છે, માટે વિવેકથી પાપપુણ્યનો ક્ષય કરો. પ્રભુના સ્વરૂપનું સતત ધ્યાન ધરો. પાપ એ લોહીની બેડી છે. પુણ્ય એ સોનાની બેડી છે,માટે એ બંને બેડીઓનો નાશ કરી મુક્ત બનો! પુણ્યનો પણ મોહ ન રાખો. ન છેલ્લે પ્રહલાદ કહે છે,નાથ મારા પિતાની દુર્ગતિ ન થાય એવી કરો! કૃપાઆનું નામ સુપુત્ર! પિતાનું સર્વથાહિત ઈચ્છે એટલેસાંસારિક હિત નહીં પણ આત્મિક આધ્યાત્મિક હિત ઈચ્છે એ સુપુત્ર એ પુત્ર પિતાનો અને કુળનો તાર નારો ગણાય. નૃસિંહસ્વામી કહે છે,તારા સત્કર્મ ના પ્રતાપે તારા પિતાની સદગતિ થશે. તારા જેવા પુત્રથી એકવીસ પેઢીનો ઉદ્ધાર થાય છે.સાત માતૃ પક્ષની, સાત પિતૃપક્ષની અને સાત શ્વસુર પક્ષની. આજ સુધી કોઈ દૈત્યને રાવણ-શિશુ પાલ વગેરેને પ્રભુએ ખોળામાં લીધા નથી,પણ પ્રહલાદ ને કારણે તેના પિતાને ગોદમાં લીધો છે. પ્રહલાદ જેવો ભગવદ ભક્ત પિતાને તારે તેમાં શું આશ્ચર્ય છે? છોકરો સદાચારી હોયને માતા પિતા દુરાચારી હોય તો પણ તેમને સદગતિ પ્રાપ્ત થાય છે.છોકરો દુરાચારી હોય ને,માતા પિતા સદા ચારી હોય તો પણ તેમની દુર્ગતિ થાય છે.એક હંસ અને હંસી આનંદથી રહેતાં હતાં. હંસી સુંદર હતી.ફરતાં ફરતાં એક દિવસ સાંજ પડી ગઈ.તેથી બંને એક વૃક્ષ ઉપર આવ્યાં છે.ત્યાં કાગડા નો માળો હતો.હંસે રાત રહેવા માગણી કરી. કાગડાએ હંસહંસીને પોતાના માળામાં રહેવા દીધા બીજા દિવસે કાગડો હંસને કહે, હંસી હતી.તે બંને ન્યાયાધીશ પાસે ન્યાય માટે ગયા.

ન્યાયાધીશ કહે. તમારી હકીકત સાંભળ્યા પછી હું ન્યાય આપીશ. કાગડો વધુ હોશિયાર. એકલો ન્યાયાધીશને મળવા ગયો અને ન્યાયાધીશને કહે, હંસી કાગડાની છે,એવો ન્યાય આપશો તો તમારા પિતૃઓ કઈ યોનિમાં છેતે હું તમને બતાવીશ. કાગડો પિતૃઅદ્ભૂત કહેવાય છે. એટલે પિતૃઓની વાત જાણવાના લોભે ન્યાયાધીશ તેમાં ફસાયો.બીજે દિવસે ન્યાયાધીશે નિર્ણય આપ્યો. તેણે કહ્યું, હંસીને જે પહેલો આંબી જાય તેની હંસી કાગડો પહેલો હંસીને આંબી ગયો ન્યાયાધીશ કહે કે,હંસી-કાગડાની છે.તે પછી ન્યાયાધી કાગડાને પૂછે છે કે, મારાં માતાપિતા ક્યાં છે તે બતાવ? કાગડો તેને એક ઊકરડા પાસે લઈ ગયો અનેકહ્યું આ કીડી તારી મા છેઅને મંકોડો તારો પિતા છે.ન્યાયાધીશ બાપડો શરમાઈ ગયો કહે કે આવું હોય નહીં,ત્યારે કાગડો કહે કે, જેનો પુત્ર આવો ખોટો ન્યાય આપે તેનાં માતાપિતા ની આવી જ ગતિ થાય છે.જે પિતા પુત્રને સારા સંસ્કાર ન આપે તે પિતા પુત્રનો વેરી છે. તે પોતાનું ને પુત્રનું બેયનું બગાડે છે.ભગવાન ના મારમાં પણ દયા છે.શિશુપાલ વેરભાવથી ભગવાન નું ચિંતન કરતો ભગવાનમય બન્યો હતો. કંસ ભયથી ભગવાનનું ચિંતન કરતો ભગવાનમય બન્યો હતો. કામભાવથી ગોપીઓની તન્મયતા થઈ હતી.દઢ વેર ભાવથી અથવા તો ભક્તિભાવથી ભયથીસ્નેહથી કે કામનાથી કોઈ પણ રીતે ભગવાનમાં મનુષ્યે પોતાનું મન સંપૂર્ણ પણે લગાવવું જોઈએ. ભગવાનની દષ્ટિએ આ ભાવોમાં ભેદ નથી.કારણ કે ભગવાન સર્વ ભાવોથી પર છે. ભગવાનના દ્વારપાળ જય વિજય ના ત્રણ અવતારો નીચે પ્રમાણે થયા છેઃ હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુ એ લોભનો અવતાર છે. રાવણ- કુંભ કર્ણ કામનો અવતાર છે. શિશુપાલ દંતવક્ત્ર એ ક્રોધનો અવતાર છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત દેવદિવાળી ગુરૂ નાનકજી જન્મ જયંતિની ઉજવણી ગરવા ગિરનારની પરિક્રમા અને કત્યોકનો સિધ્ધપુર નો સુખ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો. આપણે ભગવદ્ જ્ઞાન થકી કંઈક મેળવવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપ સૌ પરિવાર સાથે આનંદ માણો તેવી શુભેચ્છા સહ અસ્તુ.



# અક્ષય ૨૦૨૫માં મોટા પડદે છવાયેલો રહેશે

**અક્ષયની ફિલ્મ 'સ્કાય ફોર્સ'ની અનાઉન્સમેન્ટ ૨૦૨૩માં થઈ હતી, આ ફિલ્મ હવે ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મોટા પડદે રિલીઝ થશે**



અક્ષય કુમારની ફિલ્મો ચાલે કે ન ચાલે પણ તેને સતત કામ મળતું રહે છે અને તેની ફિલ્મો એક પછી એક રિલીઝ થતી રહે છે, તે હકીકત છે. તેણે એક પછી એક ફિલ્મો શૂટ કરી છે, જે હવે એક પછી એક રિલીઝ થશે. ૨૦૨૫માં તેની ૩ ફિલ્મોની સીક્વલ આવી રહી છે, ૨ નવી ફિલ્મો આવશે, તેમજ તે ફરી એક વખત એક હોરર ફિલ્મમાં પણ જોવા મળશે.અક્ષયની ફિલ્મ 'સ્કાય ફોર્સ'ની અનાઉન્સમેન્ટ ૨૦૨૩માં થઈ હતી. આ ફિલ્મ હવે ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મોટા પડદે રિલીઝ થશે. પહેલાં આ ફિલ્મ ૨ ઓક્ટોબર ૨૦૨૪માં રિલીઝ થવાની હતી, પરંતુ તેની રિલીઝ પાછી ખેંચાઈ હતી. આ સિવાય એક ફિલ્મ છે, 'વેલકમ ટુ જંગલ'. આ ફિલ્મમાં અક્ષય સાથે દિશા પટ્ટણી, જેકલિન ફર્નાન્ડિઝ, રવિના ટંડન, સંજય દત્ત, પરેશ રાવલ, લારા દત્તા, સુનિલ શેટ્ટી, અનિલ કપૂર, તુષાર કપૂર, અર્શદ વારસી, શ્રેયસ તળપદે, બોબી દેઓલ, રાજપાલ યાદવ સહીતના કલાકારોની મસમોટી સ્ટાર કાસ્ટ છે. ત્યાર બાદ અક્ષયની 'શંકરા' આવી રહી છે, જેમાં તેની સાથે આર માધવન અને અનન્યા પાંડે પણ જોવા મળશે. આ પીરિયડ ડ્રામા ફિલ્મ ૧૪ માર્ચ, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે. અક્ષયની વધુ એક સીક્વલ 'હાઉસફુલ' પણ આવતા વર્ષે રિલીઝ થઈ રહી છે. સાજીદ નડિયાદવાલાની આ ફિલ્મ ૬ જૂન, ૨૦૨૫ના રોજ રિલીઝ થવાની છે.'ભુલભુલૈયા' બાદ ફરી એક વખત અક્ષય પ્રિયદર્શન સાથે હોરર ફિલ્મ 'ભૂતબંગલા' પર કામ કરી રહ્યો છે. આ ફિલ્મની અક્ષયકુમારના જન્મ દિવસે જાહેરાત કરવામાં આવી હતી. આ સિવાયની અક્ષયની વધુ એક સીક્વલ 'જોલી એલેલબી ૩' આવી રહી છે. જેમાં અક્ષયની સાથે અર્શદ વારસી પણ લીડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મની જાહેરાત આ વર્ષની શરૂઆતમાં થઈ હતી.


# લેડી સિંઘમ પર આખી ફિલ્મ દીપિકા ફરી શક્તિ શેટ્ટી બનશે





રોહિત શેટ્ટીની સિંઘમ ૨૦૧૧માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મથી રોહિત શેટ્ટીના કોપ યુનિવર્સની શરૂઆત થઈ હતી. જોકે, એ વખતે તેનો કોપ યુનિવર્સ બનાવવાનો કોઈ પ્લાન પણ નહોતો. ધીરે ધીરે 'સિંઘમ રિટર્ન્સ', 'સૂર્યવંશી' અને 'સિમ્બા' આવી અને રોહિત શેટ્ટીની આ ફ્રેન્ચાઈઝી એટલી લોકપ્રિય થઈ ગઈ કે 'સિંઘમ અગેઈન' બે જ અઠવાડિયામાં ૨૦૦ કરોડ ક્લબમાં પહોંચી ગઈ.આ પહેલાં આ ફ્રેન્ચાઈઝીની ફિલ્મોની હિરોઈન પોલિસ ઈન્સ્પેક્ટર હિરોની ગર્લફ્રેન્ડના રોલમાં જ જોવા મળી હતી, પરંતુ 'સિંઘમ અગેઈન'માં દીપિકાએ લેડી કોપ શક્તિ શેટ્ટી તરીકે એન્ટ્રી કરી છે. હવે રોહિત શેટ્ટીએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે,''શક્તિ શેટ્ટીની એન્ટ્રી માટે યોગ્ય સ્ક્રિપ્ટની રાહ જોવાતી હતી. ૨૦૧૮ સુધી તો હું પોતે કોપ યુનિવર્સ માટે દૃઢ નહોતો. સિમ્બા ચાલી ત્યારે અમને થયું કે અમે આવા બીજા પાત્રો પણ લાવી શકીએ છીએ અને એક યુનિવર્સ બનાવી શકીએ છીએ. ત્યાર પછી અમે સૂર્યવંશી બનાવી અને એ વખતે અમને વિચાર આવ્યો કે એક માત્ર લેડી કોપની પણ ફિલ્મ બની શકે છે.''શક્તિ શેટ્ટી વહેલી આવી શકી હોવાની વાત પર રોહિત શેટ્ટીએ કહ્યું,''આપણે કોવિડમાં બે વર્ષ ગુમાવી દીધાં હતાં. સૂર્યવંશી માર્ચ ૨૦૧૯માં રિલીઝ થવાની હતી. અમે ખુશ હતા કારણ કે ટ્રેલરને ઘણો સારો પ્રતિસાદ મળ્યો હતો. તેથી અમને એમ હતું કે ફિલ્મ સારી ચાલશે. પરંતુ અચાનક ફિલ્મ બે વર્ષ માટે ડબ્બામાં પુરાઈ ગઈ અને બધું જ તેના કારણે વિલંબમાં મુકાઈ ગયું. આ લાઈન અપ મુજબ ૨૦૨૦માં સિંઘમ અગેઈન રિલીઝ કરવાની હતી અને તેના પછી શક્તિ શેટ્ટી આવવાની હતી.''રસપ્રદ વાત એ છે કે દીપિકા પાદુકોણની એન્ટ્રી થાય તે પહેલાં રોહિત શેટ્ટીએ ઈન્ડિયન પોલિસ ફોર્સમાં શિલ્પા શેટ્ટી કુન્દ્રાને તારા શેટ્ટી તરીકે દર્શાવી. તેથી એવી ચર્ચાઓ અને ધારણાઓ હતી કે શિલ્પા અને દીપિકા એક સાથે ધમાલ મચાવશે. પરંતુ આ અંગે રોહિત શેટ્ટીએ કહ્યું,''આ બે અલગ દુનિયા છે.

# શાહરુખ ખાન-કાજોલની સુપર હિટ ફિલ્મની સિક્વલ બનશે



શાહરૂખ ખાનની ફિલ્મ બાઝીગરને રિલીઝ થયાને ૩૧ વર્ષ થઈ ગયા છે. હવે તેની સિક્વલના સમાચાર છે. નિર્માતા રતન જૈને કહ્યું કે આ અંગે શાહરૂખ ખાન સાથે વાતચીત ચાલી રહી છે પરંતુ હજુ સુધી કોઈ નક્કર સ્ક્રિપ્ટ કે પ્લાન તૈયાર કરવામાં આવ્યો નથી. નિર્માતાનો ઈરાદો છે કે શાહરૂખ લીડ રોલમાં હશે તો જ વાત આગળ વધશે. પરંતુ આ ફિલ્મ આજના જમાના પ્રમાણે નવા ફ્લેવરમાં બનાવવામાં આવશે.

બાઝીગરના નિર્માતા તેનો ભાગ ૨ બનાવવાની યોજના બનાવી રહ્યા છે. આ માટે તે એવી સ્ક્રિપ્ટ શોધી રહ્યા છે જે રોમાંચક હોય. તેનું ડાયરેક્શન પણ ભેશ રાખવા માંગે છે. નિર્માતા રતન જૈને કહ્યું, 'અમે બાઝીગર ૨ વિશે શાહરુખ ખાન સાથે વાત કરતા રહીએ છીએ પરંતુ હજુ સુધી કંઈ ખાસ થયું નથી. પરંતુ તે ચોક્કસપણે બનાવવામાં આવશે.બાઝીગર ફિલ્મ વર્ષ ૧૯૯૩માં બની હતી. જેમાં શાહરૂખ ખાન લીડ રોલમાં હતો. તેના પાત્રમાં નકારાત્મક શેડ્સ હતા. આ ફિલ્મમાં કાજોલ અને શિલ્પા શેટ્ટી હતાં.

શિલ્પાની આ પહેલી હિન્દી ફિલ્મ હતી. આ ફિલ્મમાં શાહરૂખ ખાને વિકી મલ્હોત્રાનો રોલ કર્યો છે. તે મદન ચોપરા (દલીપ તાહિલ) પાસેથી તેના પિતાના વિશ્વાસઘાત અને મૃત્યુનો બદલો લે છે. તે મદનની બે દીકરીઓના પ્રેમમાં હોવાનો ડોળ કરે છે.

# ફિલ્મોમાં મહિલાઓને ખોટી રીતે દર્શાવાય છે : સામંથાને અફસોસ



સામંથા રૂથ પ્રભુને ફિલ્મોમાં માત્ર 'શો પીસ' તરીકે રહેવામાં રસ નથી. સામંથા સિરિયસ અને ચેલેન્જિંગ રોલ કરવામાં માને છે. વાસ્તવિક જગતમાં મહિલાઓ જેવી છે, તેવી જ તેમને ફિલ્મોમાં પણ બતાવવી જોઈએ, તેવું સામંથા માને છે. જો કે ફિલ્મોમાં મહિલાને સાવ ખોટી રીતે દર્શાવવામાં આવતી હોવાનો સામંથાને અફસોસ છે. સામંથા દરેક રોલની પસંદગીમાં ખૂબ કાળજી રાખે છે. નાણાં અથવા વાહ-વાહીના આધારે જ રોલ પસંદ કરવાની ઈચ્છા હોત તો સામંથાએ 'પુષ્પા ૨'માં પણ ઊ અંટ્વા જેવું ગીત કરવાની હા પાડી હોત. સામંથાએ તેના બદલે ઓછા બજેટની કે સ્ટાર વગરની ફિલ્મો કરવાનું વધારે ગમાડ્યું છે. અગાઉ ગ્લેમરસ રોલ કરનારી સામંથા હવે 'ફ્લાવર'માંથી 'ફાયર' બનવા માગે છે. જેનો પુરાવો તાજેતરમાં રિલીઝ થયેલી સિરીઝ 'સિટાડેલઃ હની બની' પરથી આવી રહ્યો છે. સામંથાએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યું હતું કે, ઓડિયન્સને વાસ્તવિકતા ગમે છે અને પોતાની જાત સાથે સરખાવી શકે-સાંકળી શકે તેવી વસ્તુઓ ઓડિયન્સને વધારે ગમે છે. તેથી રોલની પસંદગી કરવાનું કામ જવાબદારી સાથે કરવું જોઈએ. રોલ પસંદ કરતી વખતે વર્તમાન સમાજની મહિલાઓનું સાચું નિરુપણ થાય તેની કાળજી રાખવાની ફરજ છે. સામંથાએ આ સાથે અફસોસ વ્યક્ત કર્યો હતો કે, હાલની ફિલ્મોમાં મોટાભાગે મહિલાઓને ખોટી રીતે દર્શાવવામાં આવે છે. મહિલાના પાત્રોને ડેવલપ કરવાના બદલે લીડ હીરોના રોલ મુજબ તેને રજૂ કરાય છે. મહિલાની પોતાની સફર, ક્ષમતા અને ત્રુટિઓ દર્શાવવાનો પ્રયાસ થતો નથી. મહિલાઓને પોતાના અનુભવોના બદલે લીડ કેરેક્ટર સાથેના સંબંધોના આધારે મૂલવવામાં આવે છે. પરિણામે, પોતે રોલની પસંદગી કરતી વખતે કે બ્રાન્ડને સપોર્ટ કરતી વખતે સાચા અર્થમાં મહિલાનું પ્રતિનિધિત્વ થાય તેની કાલઝી રાખે છે.

# શેખર કપૂર 'માસૂમ ૨'ની સ્ક્રિપ્ટ ફ્લાઈટમાં ભૂલી ગયા અને તેમને પાછી પણ મળી ગઈ

**જાણીતા ફિલ્મ મેકર શેખર કપૂરે તાજેતરમાં જ જાહેરાત કરી છે કે તેઓ પોતાની ૧૯૮૩ની જાણીતી ફિલ્મ 'માસૂમ'ની સીક્વલ બનાવશે**



જાણીતા ફિલ્મ મેકર શેખર કપૂરે તાજેતરમાં જ જાહેરાત કરી છે કે તેઓ પોતાની ૧૯૮૩ની જાણીતી ફિલ્મ 'માસૂમ'ની સીક્વલ બનાવશે અને ટૂંક સમયમાં જ તેનું શૂટિંગ શરૂ કરશે. મહત્વની વાત એ છે કે આ સીક્વલમાં મૂળ ફિલ્મના સ્ટાર્સ નસિરુદ્દીન શાહ અને શબાના આઝમી સહિતનાં કલાકારો પણ ફરી કામ કરશે. તેમન સાથે મનોજ બાજપાઈ પણ આ ફિલ્મમાં જોવા મળશે. તેઓ શેખર કપૂર સાથે આ પહેલાં 'બેન્ડિટ ક્વીન'માં કામ કરી ચૂક્યા છે. નવી દિલ્હી ખાતે યોજાયેલા ૫૫મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન શેખર કપૂરે આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું,''હું ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫માં શૂટિંગ શરૂ કરીશું. ફિલ્મની સ્ક્રિપ્ટ તૈયાર છે. ખરેખર તો એવું બન્યું કે ગઈ કાલે હું ફ્લાઈટમાં દુબઈથી પાછો આવતો હતો ત્યારે હું સીટ પર જ સ્ક્રિપ્ટ ભૂલી ગયો અને એક ફ્લાઈટ અટેન્ડન્ટે મને એક ચિઠ્ઠી સાથે પાછી આપી. આ ફિલ્મ ઈન્ડિયન સિનેમામાં તેનું યાદગાર સ્થાન દર્શાવે છે. આ સ્ક્રીપ્ટ ખોવાઈ ગઈ હતી અને મારી પાસે પાછી આવી, તે દર્શાવે છે કે આ ફિલ્મ બનવાનું નિશ્ચિત છે.'' જોકે, તેમણે જણાવ્યું હતું કે હવે સીક્વલમાં અલગ સ્ટોરી હશે પણ મૂળ ફિલ્મના મૂલ્યો હતાં એવાં જ હશે. સાથે તેમણે માસૂમ ફરી રિલીઝ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. તેમાં તનુજા, સુપ્રિયા પાઠક, સઈદ જાફરી સાથે બાળ કલાકાર તરીકે જુગલ હંસરાજ, આરાધના અને ઊર્મિલા માર્તોડકર હતાં. ૧૯૮૩માં રિલીઝ થયેલી આ ફિલ્મ શેખર કપૂરની ડિરેક્ટર તરીકે પહેલી ફિલ્મ હતી, જે એરીક સેગલની નવલકથા 'મૅન, વુમન એન્ડ ચાઈલ્ડ' પરથી બની હતી. આ ફિલ્મનું સંગીત આર.ડી.બર્મન દ્વારા આપવામાં આવ્યું હતું, જેમાં 'તુઝસે નારાઝ નહીં હે ઝિંદગી','દો નૈના ઔર એક કહાની' જેવા જાણીતાં ગીતો હતા.

# અભિષેક—ઐશ્વર્યાના ડિવોર્સની ચર્ચા વચ્ચે નિમ્રત કૌરે અંતે મૌન તોડ્યું

**છેલ્લા ઘણા સમયથી અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચન વચ્ચે છૂટાછેડા અંગે અનેક પ્રકારની અફવાઓ અને ચર્ચાઓ ચાલી રહી છે**



છેલ્લા ઘણા સમયથી અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચન વચ્ચે છૂટાછેડા અંગે અનેક પ્રકારની અફવાઓ અને ચર્ચાઓ ચાલી રહી છે. તેમાં છેલ્લા કેટલાંક વખતથી જાણીતી એક્ટ્રેસ નિમ્રત કૌરનું નામ પણ જોડાયું છે. તેના પર અનેક લોકોએ ઘર તોડવાના આરોપ મુક્યા તો કોઈએ તેને ઐશ્વર્યા અભિષેકનાં સંબંધો તોડવા માટે જવાબદાર પણ ગણાવી. તો છેલ્લાં બે-ચાર દિવસથી આ ચર્ચાઓ વચ્ચે અમિતાભ બચ્ચને નિમ્રત કૌરને કોઈ ફિલ્મ સંદર્ભે લખેલો જૂનો પત્ર પણ વાયરલ થયો હતો. વર્ષ ૨૦૧૩માં જ્યારથી 'ધ લંચબોક્સ' ફિલ્મ આવી ત્યારથી નિમ્રત કૌર જાણીતી થઈ છે, તેણે અનેક ફિલ્મોમાં યાદગાર અભિનય કર્યો છે. તે અભિષેક બચ્ચન સાથે 'દસવીં' ફિલ્મમાં કામ કરી ચૂકી છે. આ ઉપરાંત તે અમેરિકન વેબ સિરીઝ 'હોમલેન્ડ'માં પણ કામ કરી ચૂકી છે, જેમાં તેણે એક આઈએસઆઈ એજન્ટનો રોલ કર્યો હતો. કારકિર્દીમાં આ સ્તર હાંસલ કર્યા પછી પણ નિમ્રત છેલ્લા કેટલાંક સમયથી સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો સામનો કરી રહી છે. તેમ છતાં તે પણ બચ્ચન પરિવારના સભ્યોની જેમ મૌન જાળવી રહી હતી. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં નિમ્રતે આ અંગે જવાબ આપતાં કહ્યું,''હું કશું કરી શકી હોત તો પણ લોકોએ તો તેમને જે બોલવું છે, એ જ બોલ્યાં હોત. આ પ્રકારની ગોસિપનો કોઈ અંત જ નથી અને હું મારા કામ પર ધ્યાન આપવામાં માનું છું.''નિમ્રત કૌર હવે અક્ષય કુમાર સાથે મેડોક ફિલ્મ્સની 'સ્કાયફોર્સ'માં કામ કરી રહી છે. તેણે ૨૦૧૬માં અક્ષય સાથે 'એરલિફ્ટ'માં પણ કામ કર્યું હતું. આગામી ફિલ્મમાં તેની સાથે સારા અલી ખાન અને વીર પહારિયા પણ છે. જ્યારે અભિષેક હાલ શુજિત સરકારની ફિલ્મ 'આઈ વોન્ટ ટુ ટોક'ની રિલીઝની તૈયારી કરી રહ્યો છે. આમ બંને પોતાના કામ પર ધ્યાન આપી રહ્યા છે. તેમજ કોઈ પણ પ્રકારના વિવાદમાં પડવા માગતા નથી.

# મેં આવી સફળતા માટે વર્ષો સુધી રાહ જોઈ છે : વિદ્યા બાલન



વિદ્યા બાલન હાલ અનીસ બાઝમીની ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩'ની સફળતાની મજા માણી રહી છે. પહેલી ફિલ્મ બાદ વિદ્યાએ ૧૭ વર્ષે ફરી એક વખત તેનો જાણીતો મંજુલિકાનો રોલ કર્યો છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં વિદ્યાએ પોતાના માધુરી સાથે કામ કરવાના અનુભવ તેમજ તેના માટે આ ફિલ્મની સફળતા કેટલી મહત્વની છે, તે અંગે વાત કરી હતી.આ ફિલ્મની સફળતા અંગે વાત કરતાં વિદ્યાએ કહ્યું,''મારી કલ્પના કરતા પણ મોટી સફળતા અને ઈમાનદારીથી કહું તો મેં ક્યારેય આવી કલ્પના પણ કરી નહોતી. મેં ક્યારેય કલ્પના પણ કરી નહોતી કે હું ફરીથી ભૂલ ભુલૈયા કરીશ અને મંજુલિકાનું પાત્ર ફરી જીવંત કરી શકીશ. મેં કલ્પના પણ નહોતી કરી કે મને આટલો બધો પ્રેમ મળશે. હું બહુ ખુશ છું, હું ખુશ છું કે ફિલ્મ ઘણું સારું પ્રદર્શન કરી રહી છે. મારી આ અત્યાર સુધીની સૌથી સફળ ફિલ્મ છે. આથી સારું શું હોઈ શકે?''આ ફિલ્મથી વિદ્યાને માધુરી દિક્ષિત સાથે એક જ મંચ પર ડાન્સ કરવાની પણ તક મળી. આ અંગે વિદ્યાએ કહ્યું,''હું તો મારી જાતને ડાન્સર પણ નથી માનતી. પરંતુ એક કલાકાર તરીકે જો તમે મારી પાસે ડાન્સ કરાવવા માગતા હોય તો તેના માટે હું ચોક્કસ મહેનત કરીશ, એમાં પણ જો તમારે માધુરી દિક્ષિત સાથે કામ કરવાનું હોય તો તમારે ઓર વધારે મહેનત કરવી પડે છે. મારા માટે આ જીવનમાં એક વાર મળતી તક હતી, તેથી મેં પણ ઘણી મહેનત કરી.

# માહિતી અને સંચાર ટેકનોલોજી ક્રાંતિના યુગમાં, પોસ્ટ ઓફિસ તેની પરિવર્તનકારી છબી સાથે કરી રહી છે નવા પરિમાણોનું સર્જન : પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ

## પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે રાજકોટ પરિક્ષેત્રમાં પોસ્ટલ સેવાઓની પ્રગતિની કરી સમીક્ષા, સાર્વત્રિક પહોંચ અને લક્ષ્યોની સિદ્ધિ પર મૂક્યો ભાર



। અમદાવાદ, તા.૧૫ ।

ભારતીય ડાક વિભાગે માહિતી ક્રાંતિના આધુનિક યુગમાં તેની મહેનત અને નવીન ટેકનોલોજીથી વિશ્વની સૌથી મોટી ડાક વ્યવસ્થાની પ્રાસંગિકતા અને વિશ્વસનીયતા જાળવી રાખી છે. બદલાતા સમયમાં પોસ્ટ ઓફિસો પણ નાણાકીય સમાવેશ, ડિજિટલ ઈન્ડિયા અને અંત્યોદયમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. ડાક વિભાગના વ્યાપક નેટવર્ક, વિશ્વસનીયતા, સાર્વત્રિક સુલભતા અને સરળ સંચારને કારણે તમામ કલ્યાણકારી યોજનાઓ સમાજના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચી રહી છે. ઉપરોક્ત નિવેદન સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્ર, રાજકોટના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે રાજકોટમાં વિવિધ મંડળના ડાક અધિક્ષકો અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના મેનેજરોની કામગીરીની સમીક્ષા બેઠકની અધ્યક્ષતામાં વ્યક્ત કર્યું.

પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે હવે સંદેશાના વિવિધ માધ્યમો ઉપરાંત બેંકિંગ, વીમા વગેરે જેવી સેવાઓ પણ પોસ્ટ દ્વારા ચલાવવામાં આવી રહી છે. આજે પણ લોકોના જીવન સાથે સંકળાયેલી અનેક મહત્વની બાબતો પોસ્ટ ઓફિસ સાથે જોડાયેલી છે. આજે પત્રો, મની ઓર્ડર, પાર્સલ, મેગેઝીન, દવાઓ, મંદિરનો પ્રસાદ, ગંગાજળ, આધાર કાર્ડ, પાસપોર્ટ, પાન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, મતદાર આઈડી કાર્ડ, બેંક ચેકબુક અને એટીએમ કાર્ડ વગેરે જેવા તમામ મહત્વપૂર્ણ દસ્તાવેજો માત્ર પોસ્ટ ઓફિસ દ્વારા લોકો સુધી પહોંચે છે. 'ડાકિયા ડાક લાયા' થી 'ડાકિયા બેંક લાયા' સુધીની 'અહર્નિશં સેવામહે'ની સફરમાં ડાક કર્મચારીઓની ભૂમિકામાં સતત મહત્વપૂર્ણ ફેરફારો થઈ રહ્યા છે. ડાકઘર નિર્યાત કેન્દ્રો દ્વારા ઓડીઓપી, જીઆઈ, એમએસએમઈના ઉત્પાદનો વિદેશોમાં પહોંચી 'વોકલ ફૉર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ની સંકલ્પનાને મજબૂતી આપી રહ્યા છે. પેન્શનધારકોને ઘરે બેઠા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટની સુવિધા આપવામાં આવી રહી છે. માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજીની ક્રાંતિના આ યુગમાં, પોસ્ટ ઓફિસ હજી પણ તેની પરિવર્તનકારી છબી સાથે નવા પરિમાણોનું સર્જન કરી રહી છે. પોસ્ટ માસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે રાજકોટ પરિક્ષેત્રમાં પોસ્ટલ સેવાઓની પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરી. આ પરિક્ષેત્રમાં હાલ અંદાજે ૪૫.૫ લાખ બચત ખાતા, ૯.૬૫ લાખ આઈપીપીબી ખાતા, ૩.૯૭ લાખ સુકન્યા સમૃદ્ધિ ખાતા, ૩૯ હજાર મહિલા સન્માન બચતપત્ર ખાતાઓ કાર્યરત છે. ૪૨૬ ગામોને 'સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ ગ્રામ', ૭૪૦ ગામોને 'સંપૂર્ણ વીમા ગ્રામ' અને ૧૬ ગામોને 'ફાઈવ સ્ટાર વિલેજ' પણ બનાવવામાં આવ્યા છે. આ નાણાંકીય વર્ષમાં ૪૩ હજારથી વધુ લોકોએ પાસપોર્ટ સેવા કેન્દ્ર દ્વારા પાસપોર્ટ બનાવ્યા છે. ૧.૫૫ લાખથી વધુ લોકોએ પોસ્ટ ઓફિસ દ્વારા આધાર સેવાઓનો લાભ લીધો, જ્યારે ૧.૬૪ લાખ લોકોએ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા CELC હેઠળ તેનો લાભ લીધો. ઘરે બેઠા આધાર અનેબ્લડ પેમેન્ટ સિસ્ટમ દ્વારા ૪૩ હજારથી વધુ લોકોએ ૨૦.૫ કરોડ રૂપિયા ચૂકવણું પ્રાપ્ત કર્યું.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે નાણાંકીય વર્ષના બાકીના મહિનાઓમાં વ્યાપક ઝુંબેશ હાથ ધરીને વિવિધ સેવાઓમાં ફાળવવામાં આવેલા લક્ષ્યોને હાંસલ કરવા પર ભાર મૂક્યો. સાથે જ, સામાન્ય લોકોને વિવિધ સેવાઓ સાથે જોડવા, ફરિયાદોનો ઝડપી નિકાલ અને ગ્રાહકો પ્રત્યે સંવેદનશીલતા પર ભાર મૂકવામાં આવ્યો.

આ પ્રસંગે રાજકોટ મંડલના પ્રવર ડાક અધિક્ષક શ્રી એસ. કે. બુનકર, સહાયક નિર્દેશક શ્રી આર. આર. વિરડા, શ્રી જે. કે. હિંગોરાની, શ્રી કે. એસ. ઠક્કર, સિનિયર પોસ્ટમાસ્ટર શ્રી અભિજીત સિંહ, ભાવનગર મંડલના ડાક અધિક્ષક શ્રી ડી. એચ. તપસ્વી, ગોંડલ મંડલના ડાક અધિક્ષક શ્રી કે. એસ. શુક્લા, જૂનાગઢ મંડલના ડાક અધિક્ષક શ્રી એ. એચ. ચાવડા, પોરબંદર મંડલના ડાક અધિક્ષક શ્રી આર. જે. પટેલ, સુરેન્દ્રનગર મંડલના ડાક અધિક્ષક શ્રી એસ. આર. મિસ્ત્રી, લેખાધિકારી શ્રી જુગલ કિશોર, આઈપીપીબી ના ચીફ મેનેજર શ્રી રાજીવ કુમાર સહિત અનેક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

### ૧૪ નવેમ્બર વિશ્વ ડાયાબીટીસ દિવસ નિમિત્તે

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે દાહોદ જિલ્લામાં ડાયાબીટીસ કેમ્પ નો શુભારંભ થયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

દાહોદ જિલ્લામા જ્ઞાનદીપ હૉલ ગોવિંદનગર ખાતે તારીખ ૧૪/૧૧/૨૦૨૪ થી તારીખ ૨૮/૧૧/૨૦૨૪ સુધી દરરોજ સવારે સમય ૬.૦૦ થી ૮.૦૦ કલાકે યોગ અભ્યાસ દ્વારા ડાયાબીટીસ નિવારણ અભિયાન કાર્યક્રમ નો શુભારંભ થયો. જેમાં મુખ્ય અતિથિ તરીકે જગદિશદાસ મહારાજ, બ્રહ્માકુમારી કપિલાદીદી, નલિનકાન્ત ભટ્ટ સાહેબ, જિલ્લા યોગ કો ઓર્ડીનેટર ધુળાભાઈ પારગી, એક્સ જિલ્લા યોગ કો ઓર્ડીનેટર દેવેન્દ્રભાઈ પટેલ, યોગ કોચ રાહુલભાઈ, ઉમેશભાઈ, હર્ષાબેન અને મોટી સંખ્યા માં ડાયાબીટીસ નાં લાભાર્થી ભાઈ બહેનો હાજર રહ્યા હતા. જિલ્લા આરોગ્ય વિભાગ માંથી પુરી ટીમ હાજર રહી તમામ લાભાર્થી નું ચેકઅપ કરવમાં આવ્યું. બધાએ દરરોજ સવારે વહેલા શિબિર મા આવવાં માટે તૈયાર થયા..



# રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે કરાઈ ખાતેથી કે.યુ બેન્ડ મારફતે રાજ્યભરની પોલીસને કર્યું સંબોધન

। (માહિતી) ગાંધીનગર, તા.૧૫ ।

રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે ગુજરાત પોલીસ તાલીમ અકાદમી કરાઈ ખાતેથી આજે કે.યુ બેન્ડ મારફતે કોન્સ્ટેબલથી લઈને પોલીસ કમિશનર રેક્રના રાજ્યભરના પોલીસ કર્મચારી-અધિકારીઓને સંબોધન કર્યું હતું. જેમાં બોપલ ઘટનાનો સંદર્ભ આપીને તમામ પોલીસ અધિકારી કર્મચારીઓને કડક સૂચના આપવામાં આવી છે.

શ્રી વિકાસ સહાયે સૂચના આપી છે કે, રાજ્યની કોઈપણ પોલીસ આવું કોઈ પણ ગુનાહિત કૃત્ય કરશે અથવા તેમની સંડોવણી પણ ધ્યાને આવશે તો તેને ચલાવી લેવામાં નહિ આવે. રાજ્યના નાગરિકો જે નામને સન્માન આપી રહ્યા છે તેવા 'ગુજરાત પોલીસ'નું નામ બદનામ થાય તેવું કોઈ પણ કૃત્ય પોલીસ દ્વારા કરવામાં આવશે તો તેની સામે આકરી કાર્યવાહી થશે. કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિમાં પોલીસ સંકળાયેલી હશે તો તેની સામે તાત્કાલિક અસરથી કડકમાં કડક પગલાં લેવાશે.

# "મિનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સ" ચરિતાર્થ કરતો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

। (માહિતી) ગાંધીનગર, તા.૧૫ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જિલ્લા અને રાજ્યકક્ષાએ જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેરની કામગીરીની દરખાસ્તોની મંજૂરીમાં ત્વરિતતા લાવવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

રાજ્યમાં પ્રવર્તમાન નિયમાનુસાર જે જમીનોનું વેલ્યુએશન ૫૦ લાખ રૂપિયાથી વધુ હોય તેવા કિસ્સામાં બોનાફાઈડ પરચેઝરે રાજ્ય કક્ષાએથી ફરજિયાત મંજૂરી લેવી પડે છે. આવા પરચેઝર્સની અરજીની વધુ સંખ્યા તેમજ તેના પરિણામે મંજૂરી પ્રક્રિયામાં વિવિધ તબક્કે અરજીઓની વિચારણામાં વ્યતીત થતો સમય નિવારવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સત્તા વિકેન્દ્રીકરણના હેતુસર મહત્વનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સને ચરિતાર્થ કરવા જમીનની વેલ્યુએશનના આધારે પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તા સોંપણીમાં ફેરફાર કરવાનો આ નિર્ણય કર્યો છે. તદઅનુસાર, મહેસુલ વિભાગના તા.૧૭/૦૩/૨૦૧૭ના ઠરાવ મુજબ બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જમીનની વેલ્યુએશનના આધારે પ્રીમિયમ વસુલાતની હાલની સત્તા સોંપણીમાં ફેરફાર કરીને હવે પાંચ કરોડ રૂપિયા સુધીના જમીનના વેલ્યુએશન ઉપર પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તાઓ જિલ્લા કલેકટરને સોંપવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના આ લોકાભિમુખ નિર્ણયને પરિણામે બોનાફાઈડ પરચેઝર્સની અરજીઓનો ઝડપથી નિકાલ થતાં સમગ્ર કાર્યવાહી વધુ વેગવંતી બનશે અને પરિણામે વિકાસ પ્રક્રિયાને પણ વેગ મળશે.

# આગામી તા.૧.૧.૨૫ થી તા.૧.૧૦.૨૫ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ કરતા હોય તેવા યુવાઓ માટે મતદાર તરીકે નોંધણી કરાવવાની ઉત્તમ તક

। ગાંધીનગર, તા.૧૫ ।

ક્ષતિરહિત મતદારયાદી તૈયાર થાય અને એક પણ મતદાર મતાધિકારથી વંચિત ન રહે તે માટે ભારતના ચૂંટણી પંચની સુચના અને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ અંતર્ગત રાજ્યભરમાં તા.૧૭ નવેમ્બર તથા તા.૨૩ અને ૨૪ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ ખાસ ઝૂંબેશ દિવસ યોજવામાં આવશે. મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા અંતર્ગત યોજાનાર ખાસ ઝૂંબેશના દિવસોમાં રાજ્યના તમામ મતદાન મથક ખાતે સવારે ૧૦.૦૦ કલાકથી સાંજે ૦૫.૦૦ કલાક સુધી બુથ લેવલ ઑફિસર જરૂરી ફોર્મ્સ સાથે ઉપસ્થિત રહેશે. આગામી તા.૦૧.૦૧.૨૦૨૫ની લાયકાતની તારીખે ૧૮ વર્ષ પૂર્ણ કરતા હોય તેવા યુવાઓ માટે મતદાર તરીકે નોંધણી કરાવવાની આ ઉત્તમ તક છે. સાથે જ જે યુવાઓના તા.૦૧.૦૧.૨૦૨૫ થી તા.૦૧.૧૦.૨૦૨૫ દરમિયાન ૧૮ વર્ષ પૂર્ણ થતાં હોય તેઓ ઍડવાન્સ ઍપ્લિકેશન કરી સંબંધિત ક્વાર્ટરમાં તેમનું નામ નોંધાવી શકશે. આ ઉપરાંત મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા અને મતદારયાદીમાંથી નામ કમી કરાવવા ફોર્મ ભરી શકાશે. વધુમાં ખાસ ઝૂંબેશના દિવસો સિવાય તા.૨૮.૧૧.૨૦૨૫ સુધી સંબંધિત જિલ્લા કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારીની કચેરી તેમજ મામલતદાર કચેરી ખાસે રાખવામાં આવેલી મતદારયાદીમાં પોતાનું તથા પોતાના પરિવારજનોનું નામ ચકાસી શકશે. સાથે જ જરૂર જણાયે અરજી પણ રજૂ કરી શકશે. ખાસ ઝુંબેશના દિવસોએ મતદાન કેન્દ્રો પર ઉપસ્થિત બુથ લેવલ ઑફિસર્સ દ્વારા કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરી યોગ્ય દિશાનિર્દેશ આપવા જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારીશ્રીઓને સુચનાઓ આપવામાં આવી છે. આ ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી સહિત રાજ્યના ચૂંટણી તંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા ભારતના ચૂંટણી પંચની મતદારયાદીને લગતી માર્ગદર્શિકા અનુસારની કાર્યપ્રણાલીનું યોગ્ય પાલન થાય તે સુનિશ્ચિત કરવા તમામ જિલ્લાના વિવિધ મતદાન મથકોની આકસ્મિક મુલાકાત પણ લેવામાં આવશે.

# ઝાલોદ તાલુકા જનજાતિ કલ્યાણ આશ્રમ દ્વારા ભગવાન બિરસામુંડાનો ૧૫૦મો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો

## આજના દિવસને જનજાતિ ગૌરવ દિવસ તરીકે પણ વિશેષ રીતે ઉજવવામાં આવ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૫ ।

આદિવાસી સમાજ માંથી આવતા તેમજ સમસ્ત આદિવાસી સમાજ તેમજ દેશ માટે ગૌરવ અપાવનાર ભગવાન બિરસા મુંડાનો જન્મદિવસ ૧૫ નવેમ્બર ૧૮૭૫ ના રોજ ઝારખંડ રાજ્યના ઊલીહાતુ, ખૂંટી, છોટા નાગપુરમા થયો હતો. તેમના પરિવાર દ્વારા બિરસામુંડાને અક્ષરક્ષાનનુ પ્રારંભિક શિક્ષણ મેળવ્યું હતું. ત્યારબાદ ભગવાન બિરસામુંડાએ ઈસાઈ મિશનરી સંચાલિત મીડલ સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો.

સ્વભાવે ભગવાન બિરસામુંડા હિન્દુ વિચારધારા વાળા હોવાથી અધવચ્ચે થી તેમણે ઈસાઈ સંચાલિત સ્કૂલનો અભ્યાસ છોડી વેદ, પુરાણ રામાયણ જેવા ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો અને સાથે સાથે વન ઔષધીઓનુ ક્ષાન પ્રાપ્ત કર્યું અને સાથે સાથે સમાજ સેવા તેમજ સમાજ જન જાગૃતિના કાર્યોનો પ્રારંભ કર્યો. બિરસામુંડા દેશ હિત માટે કાર્યો કરતા અંગ્રેજ શાસનની દમનકારી પ્રવૃત્તિ વિરુદ્ધ ઝુંબેશ ચાલુ કરી તેમાં તેઓ કેટલીય વાર જેલમાં પણ ગયા હતા. અંગ્રેજ શાસન દ્વારા ભગવાન બિરસામુંડાની ૩ ફેબ્રુઆરી ૧૯૦૦ મા ધરપકડ કરી ત્યારબાદ ૯ જૂન ૧૯૦૦ મા તેમનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું હતું. દેશના ગૌરવ સમા તેમજ આદિવાસી સમાજના જનનાયકની ૧૫૦ મી જન્મજયંતિને ઝાલોદ જનજાતિ કલ્યાણ આશ્રમ દ્વારા જનજાતિ ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવણી વિશ્વકર્મા મંદિરે કરવામાં આવી ત્યાથી નગરમાં ભગવાન બિરસામુંડાની શોભાયાત્રા આદિવાસી સમાજની સંસ્કૃતિની વિશેષ ઓળખ ઢોલ નગારા સાથે કાઢવામાં આવેલ હતું. આ શોભાયાત્રા વિશ્વકર્મા મંદિરે થી બસ સ્ટેશન, શહીદ રાજેશ ચોક, મસ્જિદ બજાર, મીઠાચોક, કોળીવાડા, સ્વર્ણિમ સર્કલ, ગીતા મંદિર રોડ, ખાંટવાડા, આંબેડકર ચોક થઈ તાલુકા પંચાયત ખાતે આ શોભાયાત્રા પૂર્ણ થઈ હતી. તાલુકા પંચાયત ખાતે આવેલ ભગવાન બિરસામુંડાની પ્રતિમાની પૂજા અર્ચન કરવામાં આવી હતી. ઝાલોદ નગર પોલિસ પ્રસાસન દ્વારા શોભાયાત્રાના રૂટ પર ટ્રાફિક નિયંત્રણ કરી કાયદો વ્યવસ્થા જળવાય તે રીતે સુંદર આયોજન કર્યું હતું.

# વિદેશમાં વસવાટનો મોહ છોડી એક મહિલાએ પ્રાકૃતિક કૃષિ થકી શરૂ કરી જમીન – માટીની આરાધના

## વડોદરાના નયનાબેનની જમીન ગુજરાતમાં સૌથી વધુ ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ધરાવે છે

। (માહિતી) ગાંધીનગર, તા.૧૫ ।

વિદેશમાં વસવાટનો મોહ છોડી પોતાના વતન વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના વ્યારા ગામે સ્થાયી થયેલા નયનાબેન દવે છેલ્લા ઘણા વર્ષોથી પ્રાકૃતિક કૃષિ થકી જમીન અને માટીની સાધના કરી રહ્યા છે. રાસાયણિક ખાતો અને જંતુનાશકોનો ઉપયોગ વિના તેમના દ્વારા થતી પ્રાકૃતિક કૃષિને પરિણામે ગુજરાતમાં સૌથી વધુ ઓર્ગેનિક કાર્બન ધરાવતી જમીનો પૈકીના એક ખેડૂત બન્યા છે. નયનાબેનની પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અને જીવનશૈલી નિહાળી તેમને 'કૃષિના ઋષિ' કહેવાનું મન અચૂક થઈ આવે ! વ્યારા ગામે કામધેનુ ગૌશાળા અને વાડી ધરાવતા ૬૩ વર્ષીય ખેડૂત નયનાબેન દવેની વાત નિરાળી છે. તેમના પતિ રાજેન્દ્રપ્રસાદ દેના બેંકમાં એગ્રિકલ્ચર ઓફિસર હતા. તેમણે દોઢ દાયકા પહેલા ગામમાં સોળ વિઘા જેટલી જમીનમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવી હતી. રાજેન્દ્રભાઈને જમીનને રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઝેરથી બચાવવાની લગન લાગી હતી. આ માટે તેઓ ૧૨૧ જેટલી ગાયોનું પાલન પણ કરતા હતા. જો કે, હવે તેઓ એકલપંડે પહોંચી શકતા ના હોવાના કારણે એક જ ગાય માતાનું પાલન કરે છે.

હવે થયું એવું કે, ચારે'ક વર્ષ પહેલા રાજેન્દ્રભાઈનું અવસાન થયું. નયનાબેનના બે પુત્રો યુકે અને યુએસએમાં સ્થાયી થયા છે. પતિનું અવસાન થતાં નયનાબેન વ્યારામાં એકલા થઈ ગયા. એક પુત્રએ તેમને અમેરિકા રહેવા માટે બોલાવી લીધા. અમેરિકામાં માત્ર છ માસના વસવાટ દરમિયાન જ નયનાબેનને પોતાનું ગામ અને વાડી યાદ આવી. એટલે તેઓ વિદેશમાં વસવાટનો મોહ છોડી ફરી વ્યારા આવી ગયા. પતિ રાજેન્દ્રભાઈએ શરૂ કરેલી જમીન, માટીની આરાધનાનું કામ ફરી શરૂ કર્યું.

પ્રાકૃતિક કૃષિના પાયાના સિદ્ધાંતોમાં થોડો ફેરફાર કરી તેઓ જીવામૃત, બીજામૃતમાં અન્ય કઠોળનો લોટ પણ ઉમેરે છે અને તેનો ઉપયોગ



જમીન, પાકમાં નાખવામાં કરે છે. વ્યારા સ્થિત જમીનની માટી ભલેને ભૂરી દેખાય પણ એમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ એટલા વિપુલ પ્રમાણમાં છે કે, એક મુઠ્ઠી બીજ નાખો તો ધાનના ઢગલાના ઢગલા ખડકાય છે.

તેમની જમીનના નમૂના મેળવીને છોટાઉદેપુર જિલ્લા સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલ ભારતી ખાતે ઓર્ગેનિક કાર્બનની માત્ર માટે પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેમાં નયનાબેન દવેની જમીનમાં છેલ્લા ૨ વર્ષમાં ઓર્ગેનિક કાર્બનની માત્રામાં સતત વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૨- ૨૩ માં તેમની જમીનમાં ઓર્ગેનિક કાર્બનની માત્ર ૧.૨૦ ટકા હતી, જે વર્ષ ૨૦૨૩-૨૪ માં ૧.૩૧ ટકા સાથે જિલ્લા ભરમાં સૌથી વધુ ઓર્ગેનિક કાર્બન ધરાવતી જમીન બની છે. ગુજરાતમાં પણ જુજ ખેડૂતોની જમીનમાં આટલા વિપુલ પ્રમાણમાં ઓર્ગેનિક કાર્બન છે.

પ્રાકૃતિક કૃષિ થકી તેઓ દૂધી, રિંગણા, ચોળી, તૂવેર, ભિંડા, ગલકા, ગાયો માટેનું ઘાસ, ઘઉંની ઉપજ ઉપરાંત કેળા અને કેરી જેવા ફળોના પાક પણ લે છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી ઉછેરાયેલા આંબાની કેરી તમે એક વાર ચાખો તો તેનો સ્વાદ દાઢે વળગે ! શાકભાજીમાંથી તો જાણે કુદરતી મીઠાશ ટપકે ! પ્રાકૃતિક કૃષિમાંથી આવક પણ ધીકતી થાય છે. આ ઉપરાંત તેઓ આયુર્વેદિક દવાઓમાં પણ રસ ધરાવે છે. મધુપ્રમેહ, આધાશીશી, રોગપ્રતિકારક શક્તિ વર્ધન, શેમ્પુ, માથામાં નાખવાના તેલ, સાબુ પણ બનાવે છે. જેનો ઉપયોગ પરિણામદાયક રહે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો. એવું કરવલાનું ટાળજો કેમ કે તે આ વાત કોઈક અન્યને જણાવી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સંતોષી જીવન માટે તમારી માનસિક દૃઢતામાં વધારો કરો. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. આજે તમે તમારા પરિવારમાં શાંતિદૂતનું કામ કરશો. પરિસ્થિતિને અંકુશ હેઠળ રાખવા દરેકની સમસ્યાઓને સાંભળો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં. પ્રેમ એ તમારા પ્રિયપાત્ર સાથે અનુભવવાની તથા શૅર કરવાની લાગણી છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. પિતા તરફથી કઠોર વર્તન તમને સંતાપ આપશે. પણ તમારે મગજ શાંત રાખી પરિસ્થિતિને તમારા અંકુશમાં રાખવાની જરૂર છે. એનાથી તમને લાભ થશે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. જૂના મિત્રો સહકાર આપશે અને મદદરૂપ સાબિત થશે. સાવધાન રહેજો કેમ કે આજે પ્રેમમાં પડવું એ તમારી માટે અપવિત્ર બાબત બની શકે છે. વિકાસ અને સમૃદ્ધિ માટે સંબંધીઓ નવા પ્રસ્તાવો લાવી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. તમે તમારા સંતાન પાસેથી કોઈક પાઠ શીખવાના છો. તેમનો સૂક્ષ્મ તેજપુંજ ખૂબ જ પવિત્ર હોય છે.

## કેએલ રાહુલ વાર્મઅપ મેચ દરમિયાન ઈજાગ્રસ્ત થયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૫ મેચોની હાઈ પ્રોફાઈલ ટેસ્ટ સિરીઝ ૨૨ નવેમ્બરથી પર્થમાં શરૂ થવા જઈ રહી છે. જો કે, પર્થ ટેસ્ટ પહેલા જ ભારતીય ટીમ માટે એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. ટીમ ઈન્ડિયાનો એક સ્ટાર બેટ્સમેન ઈજાગ્રસ્ત થયો છે. ઓસ્ટ્રેલિયાની સામે પર્થમાં રમાનાર પહેલા ટેસ્ટ મેચમાં આ બેટ્સમેન ઓપનર તરીકે રમશે તે નિશ્ચિત માનવામાં આવે છે. નોંધનીય છે કે, ઓસ્ટ્રેલિયા સામે પર્થમાં રમાનારી પ્રથમ ટેસ્ટમાં ભારતીય કેપ્ટન રોહિત શર્માના રમવા પર શંકા છે. રોહિત શર્મા તેના બીજા બાળકના જન્મ માટે હજુ પણ મુંબઈમાં છે. રોહિત શર્મા જો ઓસ્ટ્રેલિયાની સામે પર્થમાં રમાનાર પહેલા ટેસ્ટ મેચમાં નહીં રમે તો કેએલ રાહુલને ઓપનર તરીકે નિશ્ચિત માનવામાં આવે છે. પરંતુ આ વચ્ચે એક ખરાબ સમાચાર સામે આવી રહ્યા છે. કેએલ રાહુલ પર્થમાં શુક્રવાર ૧૫ નવેમ્બરની સવારે WACAના મેદાન પર ત્રણ દિવસય વાર્મઅપ મેચ દરમિયાન ઈજાગ્રસ્ત થયો છે. નોંધનીય છે કે પર્થમાં WACA મેદાનમાં ભારત અને ભારત-છ વચ્ચે ત્રણ દિવસય વાર્મઅપ મેચ રમાઈ રહ્યો છે. WACA ગ્રાઉન્ડ પર એક બાઉન્સ બોલ કેએલ રાહુલને તેની જમણી કોણી પર વાગ્યો હતો. બોલ વાગવાથી દર્દ અને પીડાથી પરેશાન કેએલ રાહુલ માટે બેટિંગ કરવી શક્ય નહોતું, તેથી તેને મેદાન છોડવાની ફરજ પડી હતી. કેએલ રાહુલ ઈજાગ્રસ્ત થતા ટીમ ઈન્ડિયા માટે આ મોટો ઝટકો સાબિત થઈ શકે છે. રોહિત શર્મા પ્રથમ પર્થ ટેસ્ટમાં રમશે નહીં તે નિશ્ચિત છે. આવી સ્થિતિમાં કેએલ રાહુલ ઈજા થવો એ ટીમ ઈન્ડિયા માટે સ્થિતિ વધુ ખરાબ કરી શકે છે. કેએલ રાહુલની વાત કરવામાં આવે તો હાલ તેમનું વર્તમાન ફોર્મ ચિંતાનો વિષય છે. ટેસ્ટ મેચમાં કેએલ રાહલે પોતાની છેલ્લી ૫ ઈનિંગમાં ૧૬, ૨૨*, ૬૮, ૦ અને ૧૨ રન બનાવ્યા છે. કેએલ રાહુલે ભારત માટે હાલ સુધીમાં ૫૩ ટેસ્ટ મેચની ૯૧ ઈનિંગમાં ૨૯૮૧ રન બનાવ્યા છે. કેએલ રાહુલે આ દરમિયાન ૮ સદી અને ૧૫ અડધી સદી ફટકારી છે. કેએલ રાહુલનો ટેસ્ટમાં સર્વશ્રેષ્ઠ સ્કોર ૧૯૯ રન છે. ઓસ્ટ્રેલિયા સામે પહેલા ટેસ્ટમાં જો રોહિત શર્મા અને કેએલ રાહુલ બન્ને બેટ્સમેન ના રમી શકે તો ધ્રુવ જુરેલ જેવા યુવા બેટ્સમેનને મોકો આપવો ભારતીય ટીમ માટે ખૂબ જ ફાયદાકારક રહેશે. કેએલ રાહુલની સરખામણીમાં ધ્રુવ જુરેલ ઘણો સારો બેટિંગ કરે છે. ટેસ્ટ ક્રિકેટમાં કેએલ રાહુલનું પ્રદર્શન ખૂબ જ સાધારણ રહ્યું છે. કેએલ રાહુલની ટેસ્ટ ક્રિકેટમાં સ્ટ્રાઈક રેટ પણ ખૂબ જ ખરાબ છે. કેએલ રાહુલની ટેસ્ટ ક્રિકેટમાં સ્ટ્રાઈક રેટ ૫૩.૦૭ છે. જ્યારે ધ્રુવ જુરેલ તકનીકી રીતે ખૂબ જ મજબૂત બેટ્સમેન છે.

### યુદ્ધ ભારે પડ્યું પુતિનને!

## રશિયાની ૩૦ એરલાઇન્સ દેવાળું ફૂંકવાની તૈયારીમાં, પગાર કરવાના ફાંફાં

**યુક્રેન યુદ્ધ શરૂ થતાં પશ્ચિમના દેશોએ રશિયા ઉપર આર્થિક પ્રતિબંધો મુક્યા છે, તેથી રશિયાને આર્થિક નુકસાન થઇ રહ્યું છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

યુક્રેન યુદ્ધને લગભગ ૩ વર્ષ થવા આવ્યાં છે. બંને દેશો એક બીજા ઉપર હુમલા કરી રહ્યા છે. આ યુદ્ધ લાંબુ ખેંચવા માટે પુતિન ઉપર આક્ષેપો મુકાય છે. તેવામાં રશિયાનો વિમાન ઉદ્યોગ એક તાજા સંકટમાં ફસાયો છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે દૈનિક ઈઝવેષ્ટિયામાં કહેવામાં આવ્યું છે કે રશિયાની ૩૦ એરલાઈન્સ કંપનીઓ દેવાળુ ફૂંકવાની કગારે પહોંચી ગઈ છે.

આ ૩૦ કંપનીઓ દેશના ૨૫ ટકા યાત્રીઓને લઈ જાય છે. પરંતુ વિત્તીય બોજાને લીધે ૨૦૨૫માં તે દેવાળું ફૂંકે તેમ છે.યુક્રેન યુદ્ધ શરૂ થતાં પશ્ચિમના દેશોએ રશિયા ઉપર આર્થિક પ્રતિબંધો મુક્યા છે. તેથી રશિયાને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ ૨૫ પૈકી મોટા ભાગની કંપનીઓએ હવે ભાડા પટ્ટે વિમાનો લેવાનું બંધ કરવું પડયું છે. પુતિને તે કંપનીઓ માટે દેવાં માફીની કશીક યોજના બનાવી છે. પરંતુ તે કંપનીઓ ઉપર ટેક્ષનો બોજ ઘણો વધી ગયો છે. આ કંપનીઓ ઉપર ૨૫ ટકા ટેક્ષ લાગે છે.

મૂળ તો ૨૮ ટકા હતો. જે ઘટાડવો પડયો છે. એ-૩૨૦ વિમાનોની સંભાળ માટે માસિક ૮૦ હજારથી ૧ લાખ ૨૦ હજાર ડોલરનો ખર્ચ થાય છે. આથી ઘણી આંતરિક વિમાન સેવા રદ કરવી પડી છે. પાયલોટને પગાર આપવાનાં ફાંફાં છે તેથી તેઓ નોકરી છોડી રહ્યા છે. તેથી વિમાનોના પરિચાલનમાં મુશ્કેલી થાય છે. સ્ટાફની ઘટને લીધે, શેરેમેત્યેવો ઈંટરનેશનલ એરપોર્ટ પરની ૬૮ ઉડાનો રદ કરવી પડી છે.આ સંકટમાંથી બહાર નીકળવા રશિયા નાના નાના પાડોશી દેશો પાસેથી મદદ માગે છે તે કાજાકિસ્તાન અને ઉઝબેકિસ્તાન સહિત કેટલાયે મધ્ય એશિયાઈ નાના દેશો પાસેથી મદદ માગે છે. જેથી આંતરિક ઉડ્ડયનો ચાલતાં રહી શકે. રશિયાના પરિવહન મંત્રીએ પણ આ વાતની પુષ્ટિ કરી છે.

### હિંસાગ્રસ્ત મણિપુરના ૫ જિલ્લાના

## ૬ પોલીસ સ્ટેશન વિસ્તારો માં ફરી AFSPA લદાયો

**શંકાસ્પદ ઉગ્રવાદીઓ આ જિલ્લામાંથી મહિલાઓ અને બાળકો સહિત છ નાગરિકોનો અપહ્યુત બનાવ્યા હતા**



। (એજન્સી) મણિપુર, તા.૧૫ ।

વંશિય હિંસાને પગલે કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને કારણે કેન્દ્ર સરકારે ગુરુવારે મણિપુરના હિંસાગ્રસ્ત જીરીબામ સહિત છ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ (AFSPA) ફરીથી લાગુ કર્યો હતો. પોલીસે જીરીબામ અને ચુરાચંદપુર જિલ્લામાંથી શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કરાયા હોવાની જાહેરાત કર્યા પછી કેન્દ્ર સરકારે આ અંગેનું નોટિફિકેશન જારી કર્યુ હતું. આ ધારા હેઠળ શસ્ત્રદળોને સર્ચ, ધરપકડ અને ફાયરિંગ સહિતની વ્યાપક સત્તાઓ મળે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું હતું કે વંશિય હિંસાને કારણે સ્થિતિ પ્રવાહી હોવાથી આ નિર્ણય કરાયો હતો. બુધવારે જીરીબામ જિલ્લાના ચંપાનગર, નારાયણપુર અને થાંગબોઈપુંજરે વિસ્તારોમાં કોર્ડન અને સર્ચ ઓપરેશન દરમિયાન, એક ૨ ઈંચ મોર્ટાર, છત્રીસ જીવંત બેરલ કારતુસ અને પાંચ ખાલી બેરલ કારતુસ જપ્ત કરાયા હતા. પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચુરાચંદપુર જિલ્લાના એચ કોટલિયન ગામમાંથી પણ એક .303 રાઈફલ, એક ૯ એમએમ પિસ્તોલ, બે ટૂંકી રેન્જની સ્થાનિક રીતે બનાવેલી તોપ, બે લાંબા અંતરની સ્થાનિક રીતે બનાવેલી તોપ, પાંચ એકે ૪૭ લાઈવ રાઉન્ડ, બે ૯ એમએમ લાઈવ રાઉન્ડ, ચાર ૧૨-બોર કાર્ટ કેસ અને અઢાર .303 રાઈફલ મોડિફાઈડ લાઈવ રાઉન્ડ જપ્ત કરવામાં આવ્યા હતાં.AFSPA ફરીથી લાગુ કરવામાં આવ્યો છે તેવા પોલીસ સ્ટેશન એરિયામાં ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના સેકમાઈ અને લમસાંગ, ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના લામલાઈ, જીરીબામ જિલ્લાના જીરીબામ, કાંગપોકપી જિલ્લાના લીમાખોંગ તથા બિષ્ણુ પુર જિલ્લાના મોઈરાંગનો સમાવેશ થાય છે. પહેલી ઓક્ટોબરે મણિપુર સરકારે આ છનો સમાવેશ સાથે ૧૯ પોલીસ સ્ટેશન વિસ્તારો સિવાયના સમગ્ર રાજ્યમાં AFSPA લાગુ કર્યો હતો. મણિપુર પોલીસે સોમવારે જણાવ્યું હતું કે અત્યાધુનિક હથિયારોથી સજ્જ ઉગ્રવાદીઓ મણિપુરના જીરીબામ જિલ્લામાં પોલીસ સ્ટેશન અને નજીકના CRPF કેમ્પ પર અંધાધૂંધ ગોળીબાર કર્યા પછી સુરક્ષા દળો સાથેની ભીષણ ગોળીબારમાં ૧૦ શંકાસ્પદ આતંકવાદીઓ માર્યા ગયા હતાં.શંકાસ્પદ ઉગ્રવાદીઓ આ જિલ્લામાંથી મહિલાઓ અને બાળકો સહિત છ નાગરિકોનો અપહ્યુત બનાવ્યા હતા. ગુરુવારે સમગ્ર ઈમ્ફાલ ખીણમાં શાળા અને કોલેજના વિદ્યાર્થીઓએ સંબંધિત શૈક્ષણિક સંસ્થાઓની બહાર માનવ સાંકળો બનાવી અપહરણનો વિરોધ કર્યો હતો.

## બાળકની ડાબી આંખની જગ્યાએ કર્યુ જમણી આંખનું ઓપરેશન

**આરોપી ડોક્ટર દંપતીએ પોલીસને ચેતવણી આપી હતી કે તેઓ તેમની સામે સીધી કાનૂની કાર્યવાહી ન કરે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

ગ્રેટર નોઈડામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં સાત વર્ષના બાળકની ડાબી આંખની જગ્યાએ જમણી આંખનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. તબીબની બેદરકારી સામે ભારે હોબાળો થયો હતો. સર્જરી માટે ૪૫૦૦૦ રૂપિયા જમા કરાવ્યા હતા. પીડિત પરિવારે લેખિત ફરિયાદ બાદ કાર્યવાહીની માંગ કરી છે.એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે કે ગ્રેટર નોઈડાના બીટા-૨માં રહેતા સાત વર્ષના યુધિષ્ઠિર નાગરની ડાબી આંખમાંથી પાણી નીકળવાને કારણે આંખનું ઓપ રેશન કરવું કરવાનું હતું. ડોક્ટરની બેદરકારીના કારણે જમણી આંખનું ઓપ રેશન કરવામાં આવ્યું હતું. પિતાએ આનંદ સ્પેક્ટ્રમ હોસ્પિટલ, ગ્રેટર નોઈડાના ડૉક્ટર પર આરોપ લગાવ્યો છે. તેમણે આ મામલે ચીફ મેડિકલ ઓફિસરને ફરિયાદ કરી છે.ફરિયાદી નીતિન ભાટીનું કહેવું છે કે એક અઠવાડિયા પહેલા તેમના પુત્ર યુધિષ્ઠિરની ડાબી આંખમાંથી પાણી આવવા લાગ્યું હતું. સારવાર માટે તેમણે તેમના પુત્રને આણંદ સ્પેક્ટ્રમ હોસ્પિટલના ડૉક્ટર પાસે તપાસ કરાવી હતી, જેમાં તેને ડાબી આંખની અંદર પ્લાસ્ટિક જેવી ધાતુ હોવાની જાણ થઈ. જ્યારે દવાઓથી રાહત ન મળી ત્યારે તેઓ ૧૧ નવેમ્બરે તેમના પુત્રને ડૉક્ટર પાસે લઈ ગયા. બીજા દિવસે તેમણે આંખના ઓપરેશન માટે ૪૫,૦૦૦ રૂપિયા જમા કરાવ્યા.જે બાદ તેમના પુત્રના સફળ ઓપરેશનની જાણકારી આપી. જ્યારે તે પોતાના પુત્રને લઈને ઘરે પહોંચ્યો ત્યારે તેની પત્નીએ જે કહ્યું તે સાંભળીને તે ચોંકી ગયો. પત્નીએ કહ્યું કે ડોક્ટરે ડાબી આંખને બદલે જમણી આંખનું ઓપરેશન કર્યુ છે. તેઓ તરત જ પોતાના પુત્ર સાથે હોસ્પિટલ પહોંચ્યા અને ડોક્ટરને આ વાતનો વિરોધ કર્યો. આરોપ છે કે ડોક્ટર દંપતીએ તેની સાથે ગેરવર્તન કર્યું. તેમણે સ્થળ પર ડાયલ ૧૧૨ પર માહિતી આપીને પોલીસ (નોઈડા પોલીસ)ને ફોન કર્યો.આરોપી ડૉક્ટર દંપતીએ પોલીસને ચેતવણી આપી હતી કે તેઓ તેમની સામે સીધી કાનૂની કાર્યવાહી ન કરે. જે બાદ પીડિતા નીતિન ભાટીએ ચીફ મેડિકલ ઓફિસરને લેખિત ફરિયાદ આપી કાર્યવાહીની માંગ કરી હતી.આ મામલે આનંદ સ્પેક્ટ્રમ હોસ્પિટલનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ વાત થઈ શકી ન હતી. દરમિયાન સીએમઓ ડૉ. સુનિલ કુમારનું કહેવું છે કે ફરિયાદની નોંધ લીધા બાદ તપાસ કરવામાં આવશે.

### દિલ્હી-એનસીઆરમાં GRAP સ્ટેજ-૩ના નિયંત્રણોનો આજથી અમલ

## દિલ્હીમાં બાંધકામ અને ઇમારતો તોડવા પર પ્રતિબંધ

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

દિલ્હીમાં પ્રદૂષણ ચેતવણીજનક સપાટીએ પહોંચ્યું છે ત્યારે કેન્દ્રીય પ્રદૂષણ નિયમનકર્તાએ ગુરુવારથી દિલ્હી-એનસીઆરમાં ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP) સ્ટેજ-૩ હેઠળ નિયંત્રણ અમલી બનાવ્યા છે, જે શુક્રવારથી લાગુ થશે. દેશની રાજધાનીમાં હવાની ગુણવત્તા સતત બીજા દિવસે 'ગંભીર' કેટેગરીમાં રહી હોવાથી કડક પગલાંની ફરજ પડી છે. નિયંત્રણ લાદવાનો નિર્ણય કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) દ્વારા લેવાયો હતો. GRAPના ત્રીજા તબક્કા હેઠળ ઈલેક્ટ્રિક બસો, સીએનજી વાહનો અને બીએસ-૬ ડિઝલ બસો સિવાય એનસીઆરની તમામ આંતરરાજ્ય બસોના દિલ્હીમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઉપરાંત, બાંધકામ અને ઈમારતો તોડવાની પ્રવૃત્તિ અટકાવી દેવા આદેશ અપાયો છે. નિયંત્રણોને પગલે માઈનિંગ સંબંધી કામકાજ પણ કરી નહીં શકાય. ધોરણ-૫ સુધીના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવા તેમજ મુખ્ય માર્ગો પર રોજ પાણીના છંટકાવના નિર્દેશ અપાયા છે.GRAP સ્ટેજ-૩ અંતર્ગત દિલ્હી તેમજ ગુરુગ્રામ, ફરિદાબાદ, ગાઝિયાબાદ અને ગૌતમ બુદ્ધ નગરમાં બીએસ-૩ પેટ્રોલ અને બીએસ-૪ ડિઝલ વાહનો ચલાવવા પર પ્રતિબંધ રહેશે. દિલ્હી-એનસીઆર માટે GRAPને હવાની ગુણવત્તાના ચાર તબક્કામાં વહેંચવામાં આવ્યો છે. જેમાં સ્ટેજ-૧માં ૨૦૧થી ૩૦૦ની રેન્જમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ)ને 'ખરાબ', સ્ટેજ-૨માં ૩૦૧-૪૦૦ના એક્યુઆઈને 'બહુ ખરાબ', સ્ટેજ-૩માં ૪૦૧-૪૫૦ના એક્યુઆઈને 'ગંભીર' અને ૪૫૦થી વધુના એક્યુઆઈને 'અતિગંભીર' ગણવામાં આવ્યો છે.

## આરએસએસને આતંકવાદી સંગઠન તેમણે ગણાવ્યું હતું

। (એજન્સી) મુંબઈ, તા.૧૫ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ને લઈ રાજ્યમાં પૂરજોશમાં પ્રચાર ચાલી રહ્યો છે. કૉંગ્રેસ સતત બીજેપી અને આરએસએસને નિશાન બનાવી રહ્યા છે. આ દરમિયાન મહારાષ્ટ્ર કૉંગ્રેસના વરિષ્ઠ નેતા હુસૈન દલવાઈએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ને લઈ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેણે આરએસએસને આતંકવાદી સંગઠન ગણાવ્યું હતુ. કૉંગ્રેસ નેતા હુસૈન દલવાઈએ કહ્યું, આરએસએસ એક આતંકી સંગઠન છે. તે લોકોને હિંસા શીખવાડે છે. આરએસએસ એક ખતરનાક સંગઠન છે અને હું તેનો પુરાવો આપી રહ્યો છું. પ્રથમ પુરાવો એ છે કે જનસંઘના સ્થાપકની હત્યા કરવામાં આવી હતી. હત્યાની તપાસ માટે બલરાજ મધોકની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. ત્રણ મહિના સુધી, મધોકે દરેક જગ્યાએ પ્રવાસ કર્યો અને અહેવાલ તૈયાર કર્યો. તેઓ વારાણસી અને અન્ય ઘણા સ્થળોએ ગયા હતા.

### પાકિસ્તાનને મોટો ઝટકો

## ચેમ્પિયન ટ્રોફી POKમાં નહીં જાય, ભારતના વિરોધ બાદ ICCનો નિર્ણય

। (એજન્સી) દુબઈ, તા.૧૫ ।

ચેમ્પિયન્સ ટ્રોફી આવતા વર્ષે પાકિસ્તાનમાં યોજાવાની છે. આ અંગે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ ટૂર્નામેન્ટની ટ્રોફી પાકિસ્તાનને મોકલી છે. આ ટ્રોફી ગુરુવારે (૧૪ નવેમ્બર) ઈસ્લામાબાદ પહોંચી હતી. પરંતુ આ દરમિયાન પાકિસ્તાનને મોટો ફટકો પડ્યો છે. તેઓ આ ટ્રોફી પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)ને મોકલી શકશે નહીં. વાસ્તવમાં, પાકિસ્તાન સરકારે એક યોજના તૈયાર કરી હતી કે ટ્રોફીને ૧૬ થી ૨૪ નવેમ્બરની વચ્ચે સમગ્ર પાકિસ્તાનમાં લઈ જવામાં આવશે. તેને વિશ્વના બીજા સૌથી ઊંચા પર્વત શિખર K2 પર પણ લઈ જવામાં આવશે. તેને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) ના ત્રણ શહેરો, સ્કર્દુ, મુરી અને મુઝફ્ફરાબાદમાં લઈ જવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના વાંધા બાદ ICCએ આ અંગે સંજ્ઞાન લીધું છે. સાથે જ પાકિસ્તાનને આદેશ આપવામાં આવ્યો છે કે આ ટ્રોફી હવે પીઓકેમાં નહીં જાય. તમને જણાવી દઈએ કે આ ટ્રોફી વિશ્વના બીજા સૌથી ઊંચા પર્વત શિખર K2 પર પણ લઈ જવામાં આવશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ ટ્રોફી ટૂરના કાર્યક્રમની જાહેરાત કરતા કહ્યું કે તે ૧૬ નવેમ્બરથી શરૂ થશે. આ સમયગાળા દરમિયાન યાત્રા સ્કાર્દુ, મરી, હુન્ઝા અને મુઝફ્ફરાબાદ જેવા મનોહર પ્રવાસન સ્થળોની મુલાકાત લેશે. આ ટૂર ૧૬ થી ૨૪ નવેમ્બર સુધી યોજાશે. દરમિયાન, પીસીબીના અધિકારીના જણાવ્યા અનુસાર, ટ્રોફી ટૂર ઉત્તરી પાકિસ્તાનના સ્કાર્દુથી શરૂ થશે.

**વિશેષ** — ઉદ્યોગ સાહસિકતા, કળા, હસ્તકલા અને સંસ્કૃતિનું હબ એટલે કચ્છ રણોત્સવ

## કચ્છ રણોત્સવ ૨૦૨૪નો પ્રારંભઃ ૨૮ ફેબ્રુઆરી સુધી લાખો પ્રવાસીઓ રણના રંગો માણશે; ટેન્ટ સિટી, ૨૦થી વધારે એક્ટિવિટી, લાઈટ એન્ડ સાઉન્ડ શો બનશે આકર્ષણનું કેન્દ્ર

। (માહિતી) ગાંધીનગર ।


ગુજરાતનો પ્રવાસન ઉદ્યોગ છેલ્લાં ૨૦ વર્ષમાં ખૂબ આગળ વધ્યો છે. ભૌગોલિક વિવિધતા ધરાવતા ગુજરાતમાં એવા અનેક સ્થળો આવેલા છે, જે વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષે છે. ખાસ તો, વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટા અને ભૂકંપ જેવી કુદરતી આફતમાંથી બેઠા થયેલા કચ્છ જિલ્લામાં આવેલા વિશ્વના એકમાત્ર સફેદ રણને જોવા માટે પ્રવાસીઓના ટોળેટોળાં ઉમટે છે. એક સમયે જે રણની ઓળખ એક ઉજ્જડ જમીન તરીકેની હતી, તે સ્થળે આજે ચાર મહિના સુધી રણનો ઉત્સવ એટલે કે રણોત્સવ ઉજવાય છે. આ વર્ષે રણોત્સવની શરૂઆત થઈ ગઈ છે, જે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી ચાલશે. કચ્છની કળા, ભાતીગળ સંસ્કૃતિ, મહેમાનગતિ, પરંપરા, સંગીતનો સંગમ ધરાવતા કચ્છ રણોત્સવને વૈશ્વિક સ્તરે ઓળખ મળી છે તેનો શ્રેય ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને જાય છે. તેમણે ૨૦૦૫માં શરૂ કરેલા કચ્છ રણોત્સવથી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને તો વેગ મળ્યો જ છે, સાથે તે અનેક લોકોના આર્થિક અને સામાજિક વિકાસનું પણ માધ્યમ બન્યું છે.

**માત્ર ૩ દિવસનો રણોત્સવ બન્યો વિશ્વનો સૌથી લાંબો ઉત્સવ**

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગોઝારા ભૂકંપ બાદ કચ્છની તસ્વીર સંપૂર્ણપણે બદલવાનો દ્રઢ સંકલ્પ લીધો અને આ ભૂમિને પુનર્જીવિત કરવાના મિશનને સાકાર પણ કર્યું. આમાં કચ્છના સફેદ રણમાં શરુ થયેલા રણોત્સવે મહત્વનો ભાગ ભજવ્યો. તેમણે ચમકતા સફેદ રણની અનંત ક્ષિતિજો જોતાં આ જગ્યાએ વિશ્વનો સૌથી મોટો અને એકમાત્ર સફેદ રણનો ઉત્સવ- 'કચ્છ રણોત્સવ' ઉજવવાનું નક્કી કર્યું. ભુજથી ૮૦ કિમીના અંતરે આવેલા ધોરડો ખાતે ત્રણ દિવસીય રણોત્સવની શરૂઆત કરવામાં આવી હતી, જે આજે ૪ મહિનાનો લાંબો ઉત્સવ બની ચૂક્યો છે.

**૨૦૨૪-૨૫ના રણોત્સવમાં ટકાઉ પ્રવાસન પર ભાર મૂકવામાં આવ્યો છે**

આ વર્ષે રણોત્સવના આયોજનમાં ટકાઉ પ્રવાસન (સસ્ટેનેબલ ટુરિઝમ) પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે જેમ કે, પ્લાસ્ટિકનો લઘુત્તમ ઉપયોગ, સફેદ રણમાં જવા માટે બાઈસિકલ રાઈડ, ટેન્ટ સિટીમાં વેસ્ટ સેગ્રીગેશન અને ડિસ્પોઝલની વ્યવસ્થા કરવામાં આવી છે. રણોત્સવની સાથે-સાથે કચ્છના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત પ્રવાસીઓ લઈ શકે તે માટે અલગ અલગ ટ્રાવેલ આઈટિનરી પણ ઉપલબ્ધ થશે.



**૨૦૨૩-૨૪માં ૭.૪૨ લાખ પ્રવાસીઓએ રણોત્સવની મુલાકાત લીધી**

રણોત્સવનું મુખ્ય આકર્ષણ ટેન્ટ સિટી છે. આ વર્ષે પ્રવાસીઓ માટે સફેદ રણમાં ૩-સ્ટાર હોટલ/ રિસોર્ટ જેવી સુવિધાઓથી સજ્જ ૪૦૦ જેટલા ટેન્ટ્સ ઊભા કરવામાં આવ્યા છે. આ વર્ષે ૧૧ નવેમ્બરથી ટેન્ટ સિટીની શરૂઆત થઈ ગઈ છે, જે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી ચાલશે. ટેન્ટ સિટીમાં રહીને પ્રવાસીઓ મીઠાના સફેદ રણનું અદ્ભુત કુદરતી સૌંદર્ય, લોકસંસ્કૃતિ તેમજ પરંપરાગત ભોજનનો આનંદ માણે છે. રણોત્સવની મુલાકાત દરમ્યાન પ્રવાસીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિવિધ એડવેન્ચર સ્પોર્ટ્સ એક્ટિવિટી પણ યોજવામાં આવે છે. રણોત્સવ ૨૦૨૪-૨૫માં એડ્વેન્ચર ઝોન (૨૦ અલગ-અલગ એડ્વેન્ચર પ્રવૃત્તિઓ જેવી કે પેરા મોટરિંગ, એ.ટી.વી રાઈડ વગેરે), ચિલ્ડ્રન એક્ટિવિટી વિથ ફન/નોલેજ પાર્ક (૧૦ અલગ-અલગ પ્રવૃત્તિઓ જેમ કે, ન્યુટ્રિશનની સમજ આપતી ગેમ અને એક્ટિવિટી, વી. આર ગેમ ઝોન વગેરે)નું આયોજન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૩માં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સફેદ રણના વૉચ ટાવર ઉપર લાઈટ એન્ડ સાઉન્ડ શૉનું અનાવરણ કરવામાં આવ્યું હતું, જેથી મુલાકાતીઓ માટે નવું આકર્ષણ ઉમેરાયું છે. તો આ વર્ષે પ્રવાસન વિભાગ દ્વારા ધોળાવીરા ખાતે પણ ધોરણે ૪૪ રૂમ સાથેના રિસોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. રણોત્સવની શરૂઆત થઈ ત્યારથી દર વર્ષે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪ના રણોત્સવમાં ૮૫૨ વિદેશી સહિત ૭.૪૨ લાખ પ્રવાસીઓ આવ્યા હતા.

**૨૦૨૩-૨૪માં રણોત્સવના કારણે ક્રાફ્ટ સ્ટોલ ધારકોને ૬ કરોડથી વધુની આવક થઈ**

રણોત્સવની મુલાકાતે આવતા લાખો સહેલાણીઓના કારણે સ્થાનિક લોકો, ખાસ કરીને હસ્તકલા ક્ષેત્રના લોકો માટે આવકનો નોંધપાત્ર સ્ત્રોત ઊભો થયો છે. રણોત્સવ થકી રોગાન કળા, ઓરીભરત, મીનાકામ, અજરખ બ્લોક પ્રિન્ટ, બાંધણી, જરદોશી કળા, કાષ્ઠકળા વગેરેમાં પારંગત કારીગરોને રોજગારી તો મળે જ છે, સાથે કચ્છી હેન્ડિક્રાફ્ટ્સના કલાકારોને પોતાની કલાકૃતિઓને વેચવા માટે એક વૈશ્વિક બજાર મળે છે. સ્થાનિક કારીગરોને રોજગાર મળે તે હેતુથી ટેન્ટસિટીમાં હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટના લાઈવ ડેમોની સાથે દુકાનોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, રણોત્સવ ખાતે દરરોજ કલ્ચરલ શૉ રાખવામાં આવ્યા છે જ્યાં સ્થાનિક કલાકારોને મંચ પૂરું પાડવામાં આવશે. ૨૦૨૩-૨૪ના રણોત્સવમાં અંદાજિત ૨ લાખ લોકોએ ક્રાફ્ટ સ્ટોલ અને ફૂડ સ્ટોલની મુલાકાત લીધી હતી, જેના દ્વારા ક્રાફ્ટ સ્ટોલ ધારકોને અંદાજિત ૬.૬૫ કરોડ અને ફૂડ સ્ટોલ ધારકોને અંદાજિત ૧.૩૬ કરોડની આવક થઈ હતી. આ વર્ષે ક્રાફ્ટ સ્ટોલ અને ફૂડ સ્ટોલની શરૂઆત ૧ ડિસેમ્બર ૨૦૨૪થી થશે.

# શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે પ્રાકૃતિક કૃષિ પ્રમાણપત્ર વિતરણ

। ગાંધીનગર, તા.૧૫ ।

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી એ આજે ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના કેલ્વિકુવા ખાતે ખેડુત શ્રી સતીષભાઈ રઘુવીરભાઈ ભક્તના ખેતરે પ્રકૃતિના ખોળે સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત પ્રાકૃતિક ખેતી માટે ખાટલા - પરિષદ યોજી રાજયપાલશ્રી એ ૧૫૦ જેટલા ખેડૂતો સાથે વાર્તાલાપ કરી પ્રાકૃતિક ખેતીથી થતાં ફાયદાઓ અંગે જરૂરી માર્ગદશન પુરું પાડ્યું હતું. આ તબક્કે, રાજ્યપાલશ્રીએ શ્રી પ્રાકૃતિક કૃષિ નિદર્શન - વેચાણ કેન્દ્રની પણ મુલાકાત લઈ પ્રાકૃતિક કૃષિ પેદાશો અને ખેડુતની પૃચ્છા કરી હતી.



આ પ્રસંગે ખેડૂતો સાથેની વાતચીતમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી થકી જે પાકોનું ઉત્પાદન થાય છે, એ માનવીના શરીર માટે ખુબ જ ઉત્તમ અને સ્વાસ્થ્યવર્ધક હોય છે. તેમણે ચેતવણી આપતાં કહ્યું કે, રસાયણિક ખેતીના કારણે જમીન બંજર થઈ રહી છે, પાણી દૂષિત થઈ રહ્યું છે અને મિત્ર જીવો વિલુપ્ત થઈ રહ્યા છે. જો ખેડૂતો રસાયણિક ખેતી નહીં છોડે તો, આવનારી પેઢીઓ માટે કંઈ નહીં બચે. આજકાલ કેન્સર, હૃદય રોગ, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ જેવી ગંભીર બિમારીઓ ઘરે-ઘરે છે. વૈજ્ઞાનિકોનું સંશોધન તો ત્યાં સુધી કહે છે કે, મા ના દૂધમાં પણ યુરિયાની માત્રા જણાઈ છે. આ સમસ્યાનો એક માત્ર ઉપાય પ્રાકૃતિક ખેતી છે. પ્રાકૃતિક ખેતી આવનારા સમયમા વરદાનરૂપ સાબિત થશે. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, પ્રાકૃતિક ખેતીના પાંચ આધાર સ્તંભ છે. જેમાં જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાફસા (ભેજ) અને એક સાથે અનેક પાક પદ્ધતિ. આનો યોગ્ય અને વ્યવસ્થિત, સંકલિત ઉપયોગ પર્યાવરણને બચાવવા માટે ઉપયોગી નીવડશે. રાજ્યપાલશ્રીએ કહ્યું કે, પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ અપનાવવા માટે સૌ પ્રથમ ખેડુતોએ પોતાની ખેતીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો વપરાશ બંધ કરવો જોઈએ. દેશી ગાયના ગૌમૂત્ર, ગોબરમાંથી તૈયાર કરેલા જીવામૃત કે ઘન જીવામૃતનો ઉપયોગ કરી જમીન તૈયાર કરવી જોઈએ. ત્યારબાદ વાવેતર વખતે પાકના બિયારણને બીજામૃતનો પટ આપી વાવેતર કરવું જોઈએ. પ્રાકૃતિક કૃષિના પાંચ આધાર સ્તંભ મુજબ સંપુર્ણ ખેતી કરવાથી લાંબા ગાળે સારા પરિણામો મળે છે. પ્રાકૃતિક કૃષિ કરવાથી ભૂમિની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. માત્ર એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર જમીનમાં ખેતી થઈ શકે છે. જેમાં નહીવત ઉત્પાદન ખર્ચ આવે છે અને બજારમાં વધારે ભાવ મળે છે. તેમજ પાણીની બચત થાય છે. પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનું રક્ષણ, પોષણ અને સંવર્ધન થાય છે. વધુમાં રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, જેમ જેમ આપણી ખેતી તેજસ્વી અને સમૃદ્ધ થશે તેમ તેમ આપણો દેશ પ્રગતિ કરશે. પ્રાકૃતિક ખેતી એ આર્થિક સફળતાનું સાધન છે. પૃથ્વી માતાની સેવા કરવા માટે આ એક ઉત્તમ માધ્યમ પણ છે. આજે જ્યારે તમે પ્રાકૃતિક ખેતી કરો છો, ત્યારે તમે ખેતી માટે જરૂરી સંસાધનો તેને લગતી પેદાશોમાંથી એકત્ર કરો છો, ગાય અને પશુધન દ્વારા જીવામૃત તૈયાર કરો છો, આનાથી ખેતી પાછળ થતો ખર્ચ ઓછો થાય છે. પશુધન આવકના વધારાના સ્ત્રોત પણ ખોલે છે.

## ન્યૂઝ બ્રિફ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે મુંબઈના ચૂંટણી પ્રવાસે જશે

। અમદાવાદ, તા.૧૫ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ આજે મુંબઈના ચૂંટણી પ્રવાસે જશે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પ્રચાર અંતર્ગત મુખ્યમંત્રી શ્રી મુંબઈ મહાનગરમાં તેમના પ્રવાસ દરમિયાન એક જ દિવસમાં ચાર જનસભાઓને સંબોધન કરવાના છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ શનિવારે સવારે ૧૦ વાગ્યે દહીસર વિધાનસભા વિસ્તારમાં ગુજરાતી બિઝનેસ કમ્યુનિટી સાથે "ચાય પે ચર્ચા"માં સહભાગી થઈને મુંબઈમાં તેમના ચૂંટણી પ્રચાર અભિયાનનો પ્રારંભ કરશે. તેમના આ પ્રવાસ દરમિયાન બાંદ્રા કુર્લા ભારત ડાયમંડ બુર્સ ખાતે જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્યો સાથે પણ મુખ્યમંત્રીશ્રી સંવાદ-વાર્તાલાપ કરવાના છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ત્યારબાદ બપોરે જોગેશ્વરી વેસ્ટમાં ગુજરાત ભવન ખાતે બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ આયોજિત જનસભામાં ઉપસ્થિત રહેશે. આ જન સભામાં મુંબઈ મહાનગરના ૧૪૦થી વધુ ગુજરાતી સમાજ સંગઠનોના પ્રતિનિધિઓ જોડાવાના છે. શ્રી ભૂપેન્દ્ર પટેલ મુંબઈમાં શનિવારે સાંજે વર્સોવા વિધાનસભા બેઠકના ઉમેદવારના સમર્થનમાં મહાડા ગ્રાઉન્ડ, ઓશીવારા મેટ્રો સ્ટેશન જોગેશ્વરી વેસ્ટમાં આયોજિત સભામાં સંબોધન કરશે.

### કોલ્ડપ્લે કોન્સર્ટ પહેલા અમદાવાદમાં હોટલના ભાવ આસમાને પહોંચ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

કોલ્ડપ્લે એ બ્રિટિશ રોક બેન્ડ છે, જે તેમના મ્યુઝિક ઓફ ધ સ્ફિયર્સ વર્લ્ડ ટૂર માટે ભારત આવી રહ્યું છે. લોકોમાં આ કોન્સર્ટનો ક્રેઝ જોવા મળી રહ્યો છે, પરંતુ તેની અસર હોટલોના ભાવ પર પણ પડી છે. લોકો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર અમદાવાદમાં હોટલના રૂમના વધેલા દરો શેર કરી રહ્યા છે. ચાલો આ પાછળનું કારણ વિગતવાર સમજીએ. કોલ્ડપ્લે રોક બેન્ડનું પરફોર્મન્સ ૧૮, ૧૯ અને ૨૧ જાન્યુઆરીએ મુંબઈમાં યોજાશે. આ પછી ૨૫ જાન્યુઆરીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કોલ્ડપ્લેનો કોન્સર્ટ યોજાશે. પ્રખ્યાત રોક બેન્ડના શોને કારણે શહેરમાં હોટેલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. અમદાવાદમાં કોલ્ડપ્લે બેન્ડના કોન્સર્ટની આસપાસ હોટેલ બુકિંગના દરમાં નોંધપાત્ર વધારો થયો છે. આશ્ચર્ય વ્યક્ત કરતા, એક યૂઝર્સે કહ્યું કે ૨૪-૨૫ જાન્યુઆરીની આસપાસ અમદાવાદમાં એક રાત ગુજારવા ૫૦,૦૦૦ રૂપિયા ખર્ચ કરવા પડશે. એક અહેવાલ મુજબ, અમદાવાદમાં હોટલના વધતા દરને જોઈને સોશિયલ મીડિયા યુઝર્સ ગુસ્સે છે. લોકો X

## મહિલાગણ કૃપયા ધ્યાન દેં

# હવે તમને મળશે તેજસ એક્સપ્રેસ, વંદે ભારત એક્સપ્રેસ, શતાબ્દી સાડી

### સુરતના કાપડ માર્કેટમાં અલગ અલગ સાડીઓના અલગ અલગ ટ્રેનોના નામે સાંભળવા અને જોવા મળી રહ્યા છે

। (એજન્સી) સુરત, તા.૧૫ ।

શહેર એક ડાયમંડ સિટી, બ્રીજ સિટી અને સિલ્ક સીટી તરીકે દેશ અને દુનિયામાં જાણીતું છે. સુરતની ટેક્સટાઇલ માર્કેટ એશિયાની સૌથી મોટી માર્કેટ ગણવામાં આવે છે. જે માર્કેટમાં અલગ અલગ સાડીઓનું વેચાણ થાય છે. જે સાડીઓના નામો પણ જાત-ભાતના છે. સુરતની સાડીઓ દેશભરમાં અને વિદેશમાં પણ ચર્ચાનું કેન્દ્ર બની રહે છે. તેની કિંમત અને તેની ડિઝાઈનને કારણે તો તે હંમેશા ચર્ચામાં રહે છે, ત્યારે લગ્ન સિઝનની શરૂઆતે જ ટેક્સટાઇલ માર્કેટમાં છેલ્લા કેટલાક દિવસથી અલગ પ્રકારનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. સુરતમાં ટ્રેનોના નામની સાડીએ લોકોમાં આકર્ષણ જમાવ્યું છે.

અત્યાર સુધી સાડીઓના નામ માત્ર હિરોઈનો અને રોમેન્ટિક ફિલ્મોના નામે સાંભળવા મળતા હતા. પરંતુ સુરતના કાપડ માર્કેટમાં અલગ અલગ સાડીઓના અલગ અલગ ટ્રેનોના નામે સાંભળવા અને જોવા મળી રહ્યા છે. જેમાં વંદે ભારત, તેજસ અને શતાબ્દી જેવા ટ્રેનોના નામે સાડીઓનું વેચાણ થઈ રહ્યું છે. સુરતમાં બનતી સાડીઓ ફક્ત રાજ્ય સીમિત નથી પરંતુ અલગ અલગ દેશોમાં અને વિદેશ સુધી પણ વખણાય છે. રાજધાની, શતાબ્દી, દુરન્તો, અગસ્ટ ક્રાંતિ જેવી દેશની જાણીતી ટ્રેનોના નામોની સાડીએ માર્કેટમાં ધૂમ મચાવી છે. આ સાડીઓના નામની સાથે સાથે તેની ડિઝાઈન અને કલર્સ પણ એક કરતાં એક ચઢિયાતા છે. સિલ્ક, શિફોન, ક્રેપ, ઓર્ગેન્ઝા જેવા કાપડ પર જરી, ટીકી વર્કની સાડીઓની આ વખતે ખૂબ ડિમાન્ડ જોવા મળી રહી છે.

સુરતના રીંગ રોડ તેમજ સારોલી વિસ્તારમાં ૨૧૬ જેટલી ટેક્સટાઇલ માર્કેટ આવેલી છે. આ માર્કેટમાં ૧.૨૫ લાખ કરતા વધુ દુકાનોમાં ૭૦૦૦૦ જેટલા વેપારીઓ વેપાર કરે છે. સુરતના એક વેપારી દ્વારા સાડીઓને દેશની જાણીતી ટ્રેનોના નામ આપી વેપાર કરવામાં આવી રહ્યો છે. વેપારી દ્વારા હલ્દી ચંદન, આમ્રપાલી, પિહાર, સ્વીટ હાર્ટ, ઐશ્વર્યા, જવાન જેવા અલગ અલગ નામોથી પણ સાડીઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. પરંતુ હવે વેપારી દ્વારા વંદે ભારત, તેજસ, રાજધાની, શતાબ્દી, દુરંતો એક્સપ્રેસ, અગસ્ત ક્રાંતિ જેવી દેશની જાણીતી ટ્રેનોના નામે સાડીઓનું વિશેષ વેચાણ કરવામાં આવી રહ્યું છે. સુરતની ટેક્સટાઇલ માર્કેટમાં અત્યારે ભારતીય રેલવેના નામનો ટ્રેન્ડ શરૂ થયો છે. વંદે ભારતથી લઈને દુરંતો એક્સપ્રેસ સુધીની અલગ અલગ ટ્રેનોના નામ સાથે સાડીઓનું વેચાણ થઈ રહ્યું છે. જેની કિંમત ૩૦૦થી લઈને ૧૦૦૦ રૂપિયા સુધીની છે. જે શિવફોન મટીરીયલ, રેનીયલ, ૬૦ ગ્રામ વેટલેસ, મટીરીયલથી તૈયાર કરવામાં આવી છે. વર્ષોથી આ રીતે જાણીતા નામો સાડીઓને આપવામાં આવી રહ્યા છે. આ એક માર્કેટિંગનો નવો ફંડા છે. જે નામો સાંભળી લોકો સરળતાથી સાડીઓ પ્રત્યે આકર્ષિત થઈ જાય છે. જે સાડીઓની ડિમાન્ડ માત્ર ગુજરાત નહીં પરંતુ દિલ્હી, યુપી, બિહાર, એમપી, ઝારખંડ, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના અલગ અલગ રાજ્યોમાં આવેલી મંડીમાંથી વેપારીઓ ખરીદી માટે આવે છે.



## તલવાર વાગતા સગીર દાખલ: રખિયાલ પોલીસમાં સાત સામે ફરિયાદ

# ભાણિયો વોન્ટેડ : મામાના ઘરે લુખ્ખાઓએ તલવાર સહિતના હથિયારથી આતંક મચાવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

બાપુનગર પોલીસ મથકના નોંધાયેલા હુમલા કેસમાં ભાણિયો વોન્ટેડ જાહેર કરાયો હતો. આથી ફરિયાદ નોંધાવનાર તેના ઘરે જઈ હેરાન પરેશાન કરતા હતા. જેથી તેની માતા પોતાના ભાઈના ઘરે રહેવા જતી રહી હતી. જેના કારણે લુખ્ખાઓ ભાણિયાના મામાના ઘરે તલવાર સહિતના હથિયારો સાથે પહોંચીને આતંક મચાવ્યો હતો. આ ઘટનામાં એક સગીરને તલવાર વાગતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ઘટના બાદ હુમલાખોરો વ્હીકલ મૂકી ભાગી છૂટ્યા હતા. આ મામલે રખિયાલ પોલીસે ૭ લોકો સામે ફરિયાદ નોંધી તપાસ આદરી છે. શહેરના રખિયાલ વિસ્તારમાં સલીમ અહેમદ રાજપૂત પરિવાર સાથે રહે છે અને પશુપાલનનો વ્યવસાય કરે છે. સલીમ અહેમદના મોટા બહેન રૂબીનાબાનુ પરિવાર સાથે બાપુનગરમાં રહે છે. ભાણિયા યુસુફને વ્યસન કરવાની ટેવ છે. દોઢ મહિના પહેલાં યુસુફે તેની ચાલીમાં રહેતા સિકંદર અને તેના ભાઈ આબીદ સાથે ઝઘડો કર્યો હતો. જેમાં આબીદને છરીથી ઈજા પહોંચી હતી. આ મામલે બાપુનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જેમાં યુસુફ વોન્ટેડ છે. જેની અદાવત રાખી સિકંદર અને તેનો ભાઈ અવાર નવાર યુસુફના ઘરે આવી પરેશાન કરતા હતા. જેથી બહેન રૂબીના તેના ભાઈ સલીમ અહેમદના ઘરે રખિયાલ રહેવા ગયા હતા. યુસુફ મામાને ત્યાં આવતો નથી. ૧૨મીના રોજ રાત્રે ૧૦ વાગ્યે સલીમ અહેમદ ઘરે હતા ત્યારે સિકંદર કરીમભાઈ તેનો ભાઈ સરવર ઉર્ફે કડવા, આરીફ, અલ્તાફ અને ફઝલ તથા અન્ની રાજપૂત તલવાર સાથે આવ્યા અને ગાળો બોલીને સલીમ અહેમદને કહ્યું કે, તે તારા ભાણિયા યુસુફને ક્યાં સંતાડી રાખ્યો છે. આટલું કહ્યા બાદ મારામારી કરવા લાગ્યો હતો. બીજી તરફ ઝઘડામાં સલીમ અહેમદનો દીકરો વચ્ચે પડતા તેને તલવાર મારી દીધી હતી. જેથી બૂમાબૂમ થતા આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા. આ સમયે તકનો લાભ લઈ તમામ હુમલાખોરો પલાયન થઈ ગયા હતા. જોકે, તેઓ પોતાના વ્હીકલ ત્યાંથી જ મૂકીને જતા રહ્યાં હતા. બીજી તરફ પુત્રને ઈજા થતા સલીમ અહેમદ હોસ્પિટલ પહોંચ્યા હતા. આ મામલે તેમણે રખિયાલ પોલીસ મથકમાં સિકંદર, સરવર, આરીફ, અલ્તાફ, ફઝલ અને અન્ની રાજપૂત સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે.

## ગુનામાં વપરાયેલી કાર પોલીસે કબજે લીધી

# પ્રિયાંશુ હત્યા કેસ : આરોપી કોન્સ્ટેબલના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા

### પોલીસે ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરી હતી, જોકે અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ શહેરના બોપલમાં ૧૦ નવેમ્બરના રોજ કાર ધીમે ચલાવવા અંગે ઠપકો આપવાની સામાન્ય બાબતમાં માઈકાના વિદ્યાર્થી પ્રિયાંશુ જૈનની હત્યા કેસની તપાસમાં અમદાવાદ ક્રાઈમબ્રાંચે ૧૩ નવેમ્બરે આરોપી વિરેન્દ્રસિંહ પઢેરિયાની પંજાબથી ધરપકડ કરાયા બાદ તેને અમદાવાદ લવાયો હતો. ત્યારબાદ ગુરૂવારે એટલે કે ૧૪ નવેમ્બરે આરોપીને ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કર્યુ હતું. આજે શુક્રવારે આરોપી પોલીસ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ પઢેરિયાને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જોકે અમદાવાદ ગ્રામ્ય કોર્ટે આરોપી ના ૨૫ નવેમ્બર બપોરે ૩ વાગ્યા સુધીના એટલે કે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. સરકારી વકીલે કોર્ટમાં દલીલ રજૂ કરી હતી કે ગુનો આચર્યા બાદ આરોપી બે દિવસ સુધી નાસતો ભાગતો ફરતો હતો. પંજાબથી તેની ધરપકડ કરવામાં આવી છે. તેણે તપાસ દરમિયાન પુરતો સપોર્ટ આપ્યો નથી. હત્યામાં ઉપયોગ લેવામાં આવેલા હથિયારને ફેંકી દીધી હતી તે જગ્યા વિશે પણ જણાવ્યું નથી. આરોપી ૧૫ વર્ષથી પોલીસખાતામાં ફરજ બજાવતો હોવાથી કાયદાનો જાણકાર છે.

આ ઉપરાંત ગુનો આચર્યો તે સમયે તેણે પહેરેલા કપડાં મેળવવા બાકી છે, કારણ કે તેના પરથી બ્લડ સેમ્પલ મેળવી શકાય. તે પંજાબ ભાગી ગયો ત્યારે તે રસ્તામાં ક્યાં રોકાયો? કોણે તેની મદદ કરી. આરોપી સાથે અન્ય એક વ્યક્તિ હતો તે કોણ છે. તેને ભાગવામાં કોણે મદદ કરી વગેરે સવાલો જવાબ પરથી પડદો ઉંચકાયો નથી. આ બધા પ્રશ્નોના જવાબ મેળવવા માટે પોલીસે ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરી હતી, જોકે અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આવેશમાં આવી હત્યા કરી હોવાની થિયરી પોલીસને હજુ ગળે ઉતરતી નથી. આ હત્યાનું પ્લાનિંગ હતું કે પછી જૂની અદાવતમાં હત્યા કરવામાં આવી છે તેની તપાસ હવે હાથ ધરવામાં આવી છે. હત્યામાં વપરાયેલી છરી તે હંમેશા સાથે રાખતો કે નહી તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. ગુનામાં વપરાયેલી હેરિયર કાર તેના સાળા વિશાલના નામે છે. હત્યા બાદ આરોપી વિરેન્દ્ર સિંહે પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો.



ઉત્તર પ્રદેશના મેરઠના વતની ૨૩ વર્ષીય પ્રિયાંશુ જૈન શેલાની માઈકા કોલેજમાં એમબીએના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. રવિવારે રાતે આઠ વાગે પ્રિયાંશુ અને તેની સાથે અભ્યાસ કરતા પૃથ્વીરાજ મહાપાત્રા નામના યુવકને કોલેજમાં ઈન્ટરવ્યૂ હતો. આ કારણસર તેઓ કપડા સીવડાવવા બોપલમાં સરકારી ટ્યુબવેલ પાસે આવેલા એક ટેલરને ત્યાં શૂટનું માપ આપવા ગયા હતા. ત્યાર પછી રાતે જમીને રાતના સાડા દસ વાગે હોસ્ટેલ પરત આવી રહ્યા હતા, ત્યારે રેઈન ફોરેસ્ટ ચાર રસ્તા પાસે વળાંક લેતા સમયે પૂરઝડપે એક કાર પસાર થઈ હતી. જેથી પ્રિયાંશુએ તેને વાહન સરખું ચલાવવાનું કહ્યું હતું અને બંને વચ્ચે બોલાચાલી થઈ હતી.







# દુનિયામાં સૌપ્રથમ માતાજીનું સિંહ આકારનું મંદિર બનશે

। (એજન્સી) સાંણદ, તા.૧૫ ।

દેશમાં માતાજીના અનેક પૌરાણિક અને વિશાળ મંદિરો આવેલા છે. પરંતુ ગુજરાતમાં સાણંદ ખાતે વિશ્વમાં સૌપ્રથમ સિંહ આકારનું માતાજીનું મંદિર બનાવવામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યું છે. આ અનોખા મંદિરનું ઐતિહાસિક ભૂમિ પૂજન આગામી ૧૭ નવેમ્બરને રવિવારે રાખવામાં આવ્યું છે. સાણંદ ખાતે નિર્માણ પામનાર આ મંદિરની અંદર ૨૧ ફૂટ ઊંચાઈ ધરાવતી માતાજીની મૂર્તિ સ્થાપિત કરવામાં આવશે. આ ઉપરાંત અહીંથી જ ભાવિક ભક્તો ૫૧ શક્તિપીઠોના દર્શનનો લાભ પણ ઉઠાવી શકશે. આ અનોખા મંદિર પરિસરમાં ટ્રસ્ટ દ્વારા નિયમિત વ્રતનું પણ આયોજન કરવામાં આવશે. આ મંદિર ન માત્ર આસ્થાનું સ્થાન બનશે પરંતુ વિશ્વની અનોખી કલા અને આધ્યાત્મિક વિકાસનું પણ સ્થાન બનશે તેમ ટ્રસ્ટીઓ પાસેથી જાણવા મળે છે. આ મંદિર પરિસરમાં તીર્થયાત્રીઓ માટે ધ્યાન કેન્દ્ર ઉપરાંત ભોજન અને આરામ માટે વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે સાથે સ્થાનિક લોકો માટે અનુકૂળ વસ્તુઓ સામેલ હશે. આ મંદિર રાજ્યની ધર્મપ્રેમી ભક્તો માટે એક નવું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કેન્દ્ર બની જશે. જે જગ્યાની વિરાસત અને સંસ્કૃતિને પ્રદર્શિત કરશે. સિંહ આકારમાં નિર્માણ પામતા આ મંદિરમાં ૨૧ ફુટની અને ૫ ફુટ પહોળી ૭ સિંહની મૂર્તિઓ પણ હશે. આ અનોખા મંદિર નિર્માણ પહેલા મંદિર ટ્રસ્ટ તરફથી એક નવી પહેલ શરૂ કરવામાં આવી છે. જેમાં મંદિરના મુખિયાના જણાવ્યા અનુસાર, ૧ મહિનાના નાના સમયગાળામાં ૧૫ ગામડાની ૨૦૧ અનાથ અથવા જરૂરિયાતમંદ દીકરીઓને દત્તક લેવામાં આવશે. આ ગામ નળ સરોવરની આસપાસના હશે. મંદિરમાં આ અનાથ અને ગરીબઘરની દીકરીઓ માટે રહેવા સહિતની ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવશે. તેમણે આગળ કહ્યું કે, માતા દુર્ગાને દીકરીઓ ખુબ પસંદ છે, માટે એકસાથે આટલી મોટી સંખ્યામાં દીકરીઓને દત્તક લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મંદિર બનાવનાર સંસ્થા દ્વારા દેશભરના ૪૫ શક્તિપીઠો અને બીજા ૬ શક્તિપીઠોથી ૩ મહિનામાં જ્યોત એકત્રિત કરવામાં આવશે. આ માટે સંસ્થાના ૪ લોકો પાકિસ્તાન સ્થિત હિંગળાજ માતા શક્તિપીઠમાં પણ જશે અને ત્યાંથી જ્યોત લઈ આવશે.

## ૧૬-૩૦ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન ભારતીય ડાક વિભાગ દ્વારા સ્વચ્છતા પખવાડિયું

# સ્વચ્છતા, જાગૃતતા અને સમુદાયિક ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે અભિયાન : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

। અમદાવાદ, તા.૧૫ ।

ભારતીય ડાક વિભાગનું સ્વચ્છતા અભિયાન ૧૬-૩૦ નવેમ્બર,૨૦૨૪ દરમિયાન સ્વચ્છતા પખવાડા સાથે સમાપ્ત થશે. સ્વચ્છ ભારત મિશન હેઠળ ૨૦૧૭ થી ભારતીય ડાક વિભાગમાં સ્વચ્છતા પખવાડા ખૂબ જ પ્રતિબદ્ધતા અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. ઉત્તર ગુજરાત ક્ષેત્ર,અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવએ જણાવ્યું કે આ વર્ષે, સ્વચ્છ ભારત મિશન એક નવી દિશામાં આગળ વધી રહ્યું છે, જે અંતર્ગત 'સ્વચ્છતા હી સેવા' અભિયાન દરમિયાન સમગ્ર દેશમાં અને સમાજમાં "સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા" થીમ અપનાવવામાં આવી છે. આ થીમ હેઠળ,ભારતીય ડાક વિભાગ સ્વચ્છતા પખવાડા દરમિયાન સ્વચ્છતા અંગે જાગૃતિ વધારવા,તમામ નાગરિકોને સ્વચ્છતાની જવાબદારી સમજવા અને સ્વચ્છતાની ટેવને સામાજિક મૂલ્ય તરીકે સ્થાપિત કરવાનો પ્રયાસ કરશે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે સ્વચ્છતા પખવાડા એ ભારતીય ડાક વિભાગ માટે સ્વચ્છતાને વધુ સારી રીતે અપનાવવાની અને પોસ્ટ ઓફિસો તથા નાગરિક સમુદાયોમાં સેવાની ગુણવત્તા અને સ્વચ્છતાને પ્રોત્સાહન આપવાની તક છે. ભારત સરકારના મુખ્ય વિભાગ તરીકે,દરેક દિવસ માટે એક યોજના બનાવવામાં આવી છે,જે અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.ઉત્તર ગુજરાત ક્ષેત્રની પોસ્ટ ઓફિસો અને રેલવે ડાક સેવા કાર્યાલયો દ્વારા સ્વચ્છતા પ્રતિજ્ઞા સમારોહ,'એક પેડ માં કે નામ'અંતર્ગત વૃક્ષારોપણ ઝુંબેશ,પ્રભાત ફેરીઓ જેવી ખાસ પ્રવૃત્તિઓ તથા પત્રો પર સ્વચ્છતાના સંદેશ સાથેની ખાસ સ્ટેમ્પ લગાવામાં આવશે. સ્વચ્છતા અભિયાનના વિજેતાઓને ડિસેમ્બર ૨૦૨૪માં ગુડ ગવર્નન્સ વીક દરમિયાન સન્માનિત કરવામાં આવશે.



સ્વચ્છ ભારત મિશનને નવા સ્તર પર પહોંચાડવા માટે 'સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા' થીમ પર 'સ્વચ્છતા હી સેવા' અભિયાન : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે સુનિશ્ચિત પ્રવૃત્તિઓ ઉપરાંત, ભારતીય ડાક વિભાગ સ્વચ્છ ભારત મિશન, મિશન LiFE ના ઉદ્દેશ્યોને પ્રસારિત કરવા માટે અન્ય સંબંધિત પ્રવૃત્તિઓનું પણ આયોજન કરશે, જે એક જવાબદાર રાષ્ટ્રીય સંસ્થા તરીકે ભારતીય ડાક વિભાગની છબીને મજબૂત કરશે.

નોંધનીય છે કે ભારતીય ટપાલ વિભાગ દેશભરમાં તેના ૧.૬૫ લાખ પોસ્ટ ઓફિસ અને ૪.૫ લાખથી વધુ પોસ્ટલ કર્મચારીઓના નેટવર્ક દ્વારા સતત, સર્વગ્રાહી અને સંતુલિત સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપી રહ્યું છે.